दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૩

## 卐 બીજ અને પૂનમ 卐

વૈશાખ સુદ બીજના દિવસે ફત્તેપુરમાં બીજ અને પૂનમની ભવ્ય રચના વચ્ચે બેઠેલા ગુરુદેવે અત્યંત ધીર–ગંભીર ધ્વનિથી મંગળ સંભળાવતાં કહ્યું કે

वंदित्तु सव्वसिद्धे ध्रुवमचलमणोवमं गइं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलि भणियं।।१।।

–આ અપૂર્વ મંગળ દ્વારા સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા છે. અનંત સિદ્ધ ભગવંતોને લક્ષમાં લઈને તેમનું સન્માન કરતાં, બહુમાન કરતાં, તેમને આત્મામાં સ્થાપીને નમસ્કાર કરતાં, રાગથી હટીને પોતાના શુદ્ધ આત્મા ઉપર લક્ષ જાય છે, એટલે સ્વસન્મુખતા થતાં ભેદજ્ઞાનરૂપી બીજ ઊગે છે, અને પછી તેમાં એકાગ્રતા વડે કેવળજ્ઞાનની પૂર્ણિમા ઊગે છે. આ રીતે બીજ ઊગીને આત્મા પૂર્ણતાને પામે તે અપૂર્વ મંગળ છે.

[ બીજ પછી બીજે દિવસે જોયું તો, બીજ અને પૂનમ વચ્ચેતનું અંતર એકદમ ઘટી ગયું હતું, બને નજીક આવી ગયા હતા ! ]

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર હરિલાલ જૈન**

**વીર** સં. ૨૪૯૮ દ્વિતીય વૈશાખ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૯ઃ અંક ૭

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ગુરુદેવ-પ્રત્યે અપૂર્વ-અંજલિ

હે ગુરુદેવ! અમને જિનમાર્ગમાં લેવા માટે, અને અમને સમ્યક્ત્વ દેવા માટે જ આપનો વિદેહથી અહીં અવતાર થયો છે. આપના જન્મને અમે અમારા સમ્યક્ત્વનો જ જન્મ માનીએ છીએ. તેથી એ જન્મોત્સવ ઉજવતાં આત્મા સાચા આનંદથી ઉલ્લસિત થાય છે.

આપના પ્રતાપે અનેક જીવોના અંતરમાં ધર્મની પરિણતિ જાગી રહી છે, ને બહારમાં પણ ધર્મભાવનાના એક-એકથી ચડિયાતા પ્રસંગો બન્યા કરે છે. એ રીતે આપના દ્વારા અંતર્ અને બાહ્ય બન્ને રીતે સદૈવ વૃદ્ધિગત થઈ રહેલી તીર્થપ્રભાવના જ્યારે તેની ઉત્કૃષ્ટ પરકાષ્ટાએ પહોંચશે ત્યારે અમે આપને બદલે એક તીર્થંકર પરમાત્માને સાક્ષાત્ દેખીશું..... અને સાથે દેખીશું ગણધરાદિ વૈભવને! એ વખતનો આપનો આત્મવૈભવ અને આપનો ધર્મપરિવાર કોઈ અજબગજબના હશે.

જેમના પ્રતાપે જિનેન્દ્રભગવાનના પંચકલ્યાણક ઉજવવાનું સુભાગ્ય મળ્યું, અને જેમની ૮૩ મી જન્મજયંતિનો મંગલ ઉત્સવ પણ આનંદપૂર્વક અપૂર્વ ભાવથી ઉજવ્યો, તે મંગલકારી ગુરુદેવના ચૈતન્ય બગીચામાંથી ચૂંટેલા ૮૩ પુષ્પોની એક મંગલમાળા આત્મધર્મના જિજ્ઞાસુઓને ધર્મપ્રેમપૂર્વક સમર્પણ કરું છું. બંધુઓ, આ પુષ્પમાળાની સુગંધ તમારા ચૈતન્યરસને પુષ્ટ કરશે, તેના ભાવોના ઘોલનવડે તમને ભેદજ્ઞાન થશે..... અને ત્યારે આનંદના કોઈ અપૂર્વ ભાવસહિત દેવ-ગુરુપ્રત્યે શ્રદ્ધાંજલિ નીકળશે. એવા ભાવે ગુરુદેવ પ્રત્યે અર્પણ કરેલી મંગળમાળાની અંજલિ આપ આ અંકમાં વાંચશો.

# * શ્રાવકની ધર્મદૃઢતા *

तं देश तं नरं तत्स्वं तत्कर्माण्यपि नाश्रयेत्।
मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम्।।

પોતાના સમ્યક્ત્વાદિ ધર્મની જેમાં રક્ષા ન થાય, સમ્યક્ત્વમાં કે વ્રતમાં મલિનતાનું કારણ હોય, એવા દેશનો, એવા પુરુષોનો કે એવા ધનવૈભવ વગેરેનો સંબંધ ધર્મી જીવ છોડી દે છે. સમાન પ્રતિકૂળતા કરે તોપણ ધર્મી જીવ પોતાની શ્રદ્ધાથી ડગે નહિ. જેમાં શ્રદ્ધા વગેરેને દોષ લાગે તેવા ધનને પણ ધર્મી જીવ છોડે છે. ભલે પ્રતિકૂળતા હો, ધર્મ ક્યાં એના આધારે છે? ધર્મી જીવ પોતાના ધર્મથી કદી ડગે નહિ. નરકની ઘોર પ્રતિકૂળતા વચ્ચે ધર્મીજીવ અંતરની ચૈતન્યદૃષ્ટિને ટકાવી રાખે છે માતા-પિતા-ભાઈ-બેન ગમે તે હો, પણ ધર્મમાં જે પ્રતિકૂળતા કરે એનો આશ્રય ધર્મીજીવ લેતો નથી. એવા મનુષ્યોનો સંગ તે છોડે છે. કરોડો રૂપિયા મળતા હોય પણ ધર્મીજીવ પોતાની શ્રદ્ધાને ઢીલી કરે નહિ. કોઈ વાર એમ બને કે સામા કહે કે અમારા ઘરે આવીને તારે તારો ધર્મ નહિ પળાય, અમારો ધર્મ પાળવો પડશે-તો આવા પુરુષના કે સ્ત્રીના સંગને ધર્મીજીવ છોડી દે છે. પોતાના ધર્મની રક્ષામાં ધર્મીજીવ તત્પર છે, તેમાં દુનિયાનો સાથ રહે કે ન રહે તેની પરવા ધર્મી જીવ કરતો નથી. કોઈ અનાર્ય દેશ જ્યાં ખોરાકની શુદ્ધી જળવાય નહિ, જ્યાં દેવ-ગુરુ મળે નહિ, જૈન ધર્મ મળે નહિ-એવા કુક્ષેત્રમાં લાખો-કરોડો રૂા. ની કમાણી થતી હોય તોપણ ધર્મીજીવ એવા ક્ષેત્રને, એવા મનુષ્યોના સંગને, એવા વેપારને તથા એવા બધા કાર્યોને છોડી દે છે, ને પોતાના શ્રદ્ધા વગેરે ધર્મો જેમ પુષ્ટ થાય તેમ કરે છે.

( ફત્તેપુરઃ પદ્મનંદી શ્રાવકાચાર-પ્રવચનોમાંથી )

# * ચૈતન્યરસનું મધુર ઝરણું *

## 卐 ફત્તેપુર પ્રવચનોમાંથી–દોહન 卐

ફત્તેપુર (ગુજરાત) માં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે અનેકવિધ મંગલઉત્સવ નિમિત્તે પૂ. ગુરુદેવ કાનજીસ્વામી પ્ર. વૈ. સુદ ૪ થી દ્વિ. વૈ. સુદ ૪ સુધી પંદર દિવસ પધાર્યા. તે દરમિયાન સમયસાર ગા. ૬–૭–૧૧ તથા પદ્મનંદી પચ્ચીસીના ઉપાસક સંસ્કાર અધિકાર ઉપર જે પ્રવચનો થયા–તેનું દોહન અહીં આપવામાં આવ્યું છે. પ્રવચનમાં વહેતું ચૈતન્યરસનું મધુર ઝરણું હજારો જિજ્ઞાસુઓને તૃપ્ત કરતું હતું; આત્મધર્મના પાઠકો પણ તેની ઠંડી હવાથી તૃપ્ત થશે. ગુરુદેવની ૮૩ મી જન્મજયંતિ નિમિત્તે અહીં ૮૩ બોલ આપ્યા છે.

(બ્ર. હ. જૈન)

૧ 卐 ‘અમારા ઉપર કૃપા કરીને શ્રીગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો અને તેના અંતર્‌અનુભવવડે અમને અમારા આત્માના આનંદના વેદનરૂપ નિજવૈભવ પ્રગટયો છે, તે નિજવૈભવ વડે હું આ સમયસારમાં શુદ્ધઆત્મા દેખાડું છું. ’ –આમ કહીને આચાર્યદેવ છઠ્ઠી ગાથામાં શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડે છે.

૨ 卐 સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાને પણ, આત્માના અનંત ગુણોની શુદ્ધતાનું અંશે સ્વસંવેદન હોય છે, અતીન્દ્રિય આનંદરૂપ નિજવૈભવ તેને પણ પ્રગટયો છે; પણ મુનિભગવંતોને તો પ્રચુર સ્વસંવેદનથી ઘણા આનંદનું વેદન વર્તે છે.

૩ 卐 ધર્મી જીવ જાણે છે કે અમને આત્માનો આનંદ પ્રગટયો છે, તેનું વેદન વર્તે છે; અમારો અચિંત્ય નિજવૈભવ અમારા આત્મામાં અમે દેખ્યો છે. અને જે નિજવૈભવ શુદ્ધઆનંદની વર્તમાન વહેતી દશામાં વર્તે છે તે વૈભવપૂર્વક અમે શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવીએ છીએ. એકલા ભગવાનને કહ્યું–તેનાથી નહિ, પણ પોતાના અંતરના સ્વસંવેદનથી સંતો શુદ્ધાત્મા દેખાડે છે.

૪ 卐 શુદ્ધાત્મા દેખાડનારા સંત પોતે તેને અનુભવનારા છે. તેઓ કહે છે કે હું મારા શુદ્ધાત્માના અનુભવરૂપ વૈભવ શુદ્ધાત્મા દેખાડું છું ને તમે તમારા સ્વાનુભવથી પ્રમાણ કરજો.

૫ 卐 જેને શુદ્ધાત્માના અનુભવની ઝંખના છે, ને તેમનું સ્વરૂપ સમજવા માટેની ધગશથી શ્રીગુરુ પાસે આવીને પૂછે છે–તેને આચાર્યદેવ તેનું સ્વરૂપ બતાવે છે.–

૬ 卐 અહો, આત્માનું સ્વરૂપ સમજવાની ખરી જિજ્ઞાસા જેને જાગી છે એવા શિષ્યને અહીં સમજાવે છે કે હે ભવ્ય! આત્માનું અંતર્તત્ત્વ શુદ્ધ જ્ઞાયકભાવ છે; તે જ્ઞાયક ભાવ શુભાશુભ રાગથી પાર છે. આવા આત્માને સ્વીકારતાં પર્યાય પણ તેમાં વળીને શુદ્ધાત્માને સેવે છે, ત્યારે તે જીવને શુદ્ધાત્મા કહે છે. એકલી શબ્દોની ધારણાથી 'શુદ્ધ–શુદ્ધ' કહે તેની વાત નથી. પણ શુદ્ધ કહેતાં દ્રવ્યના આત્મલાભ ઉપર જેની દ્રષ્ટિ ગઈ તેને પરનું તો લક્ષ છૂટી ગયું ને પોતામાં પર્યાયના ભેદોનું લક્ષ પણ છૂટી ગયું. અંતર્મુખ થઈને આવો અનુભવ જેણે કર્યો તેને 'શુદ્ધ' કહે છે.

૭ 卐 અહા, આવા શુદ્ધતત્ત્વનું સ્વરૂપ જે પ્રેમથી સાંભળે છે તે અલ્પકાળમાં જરૂર મોક્ષને પામે છે. જીવોએ અનાદિસંસારમાં શુદ્ધાત્માથી વિરુદ્ધ રાગ–દ્વેષ–મોહની વાત અનંતવાર સાંભળી છે.

૮ 卐 પ્રશ્નઃ– ઘણા જીવો તો એવા છે કે જેમને હજી સુધી કાન જ મળ્યા નથી, તો તેમણે રાગાદિની વાત કઈ રીતે સાંભળી?

ઉત્તરઃ– શબ્દો ભલે કાને ન પડયા, પણ તેના શ્રવણનું કાર્ય જે રાગાદિનો અનુભવ, તે કાર્ય તેઓ કરી જ રહ્યા છે, ચૈતન્યને ભૂલીને રાગનો જ અનુભવ તેઓ કરી રહ્યા છે, માટે તેઓ રાગાદિની જ કથા સાંભળનારા છે. અને શુદ્ધાત્માની કથાનું શ્રવણ જીવે પૂર્વે કદી સાંભળ્યું નથી.

૯ 卐 પ્રશ્નઃ– અનંતવાર ભગવાનના સમવસરણમાં જઈને આત્માની વાત સાંભળી છતાં, કદી નથી સાંભળી–એમ કેમ કહ્યું?

ઉત્તરઃ– કેમકે શુદ્ધાત્માની સન્મુખ થઈને તેનો અનુભવ કદી ન કર્યો, માટે તેણે ખરેખર શુદ્ધાત્માની વાત નથી સાંભળી. સાંભળ્યું તો ત્યારે કહેવાય કે તેવો અનુભવ કરે. જેનો પ્રેમ કર્યો, જેનો અનુભવ કર્યો તેનું જ શ્રવણ કર્યું કહેવાય.

૧૦ 卐 માટે કહે છે કે હે ભાઈ! આ શુદ્ધાત્માની વાતનું અપૂર્વ શ્રવણ તને મળે છે. તેને તું શ્રવણમાત્ર ન રાખીશ, અનુભવરૂપ કરજે. જેને દ્રષ્ટિમાં લેતાં અપૂર્વ સમ્યગ્દર્શન થાય ને આનંદ પ્રગટે એવા શુદ્ધાત્માની વાત તને આત્માના વૈભવથી સંભળાવીએ છીએ. તો પરનું લક્ષ છોડીને આત્માના જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લઈને તેની ઉપાસના કરજે. આવી ઉપાસના કરે તેને 'શુદ્ધ' કહીએ છીએ.

૧૧ 卐 જ્ઞાયક સ્વભાવના લક્ષે પર્યાયમાં જ્યારે શુદ્ધતારૂપે પરિણમ્યો ત્યારે ત્રિકાળ શુદ્ધ' છું–એમ ખબર પડી. જ્ઞાન પ્રગટયું ત્યારે તેમાં સ્વજ્ઞેયનું ભાન થયું. જ્ઞાનમાં સ્વજ્ઞેય આવ્યા વગર 'આ શુદ્ધ છે' એમ કોણે સ્વીકાર્યું? ત્રિકાળ શુદ્ધ આત્માને સ્વજ્ઞેયપણે જેણે સ્વીકાર્યો તેની દ્રષ્ટિ પરમાંથી, રાગમાંથી ને પર્યાય ભેદમાંથી હટીને અંતરમાં વળી, ને અતીન્દ્રિય આનંદનો નમૂનો અંદરમાંથી કાઢીને અનુભવ્યો. આનંદનો પતાળકુવો ખોલીને તેનો સ્વાદ પર્યાયમાં અનુભવ્યો–આવો અનુભવ તે અપૂર્વ મંગળ છે; તે મોક્ષ માટેનો માણેકસ્થંભ છે. આ રીતે આત્મામાં મોક્ષનાં માણેકસ્થંભ રોપીને મંગલ–ઉત્સવની શરૂઆત થાય છે.

卐

૧૨ 卐 જ્ઞાયકતત્ત્વને જાણનાર–અનુભવનાર જ્ઞાની, રાગને જાણે ત્યાં કાંઈ તેના જ્ઞાનમાં રાગની ઉપાધિ નથી, જ્ઞાન રાગનું નથી, જ્ઞાન તો જ્ઞાન જ છે. જ્ઞાનપણે જ જ્ઞાન પ્રકાશે છે, કાંઈ રાગપણે તે પ્રકાશતું નથી. ચૈતન્યનું સ્વ–પરપ્રકાશપણું ખીલ્યું, તે સ્વ–જ્ઞેયને પ્રકાશતાં પણ જ્ઞાયક જ છે. જ્ઞાનીનો જ્ઞાનભાવ છે તે રાગથી જુદો ને જુદો રહે છે.

૧૩ 卐 આવા જ્ઞાયકઆત્માની કથા તે ધર્મકથા છે; અને આવી ધર્મકથા જે ખરેખર સાંભળે તેને પોતામાં ધર્મ પ્રગટયા વગર રહે નહિ. આવો ધર્મ તે જ વીતરાગે કહેલો ધર્મ છે, ને તે ધર્મ ઉત્કૃષ્ટ **મંગળ** છે.

૧૪ 卐 જેને 'શુદ્ધઆત્મા' જાણવો છે તેને માટે આ વાત છે. જગતના બીજા તત્ત્વો કેવા છે? કે પુણ્ય–પાપ વગેરે અશુદ્ધભાવો કેવા છે તે જાણવા ઉપર જોર નથી. પણ પરભાવ વગરનો મારો શુદ્ધ આત્મા કેવો છે તે જાણવાની જેને લગન છે તેને માટે આચાર્યદેવ અહીં નિજઆત્માના વૈભવથી આત્માનું સ્વરૂપ દેખાડે છે.

૧૫ 卐 ચૈતન્યભાવ અનાદિથી સ્વયંસિદ્ધ સત્ છે, અનંતકાળ ટકનાર છે, અને જ્યારે જુઓ ત્યારે વર્તમાનમાં સદાય ઉદ્યોતમાન છે; આવો ચૈતન્યભાવ આત્મા છે તે સ્પષ્ટ–પ્રકાશમાન જ્યોતિ છે; પોતે પોતાને પ્રકાશવામાં –જાણવામાં–વેદન કરવામાં કોઈ બીજાની કે રાગની જરૂર પડે નહિ, સ્વયં પોતે પોતાને પ્રત્યક્ષ જાણે છે– એવો આત્માનો સ્વભાવ છે. આવા એકસ્વભાવપણે આત્માને લક્ષમાં લઈને અનુભવ કરતાં તે શુભ–અશુભ કષાયો વગરનો શુદ્ધપણે અનુભવાય છે. આવો અનુભવ કરનાર કહે છે કે 'હું એક જ્ઞાયકભાવ છું'. ચોથા ગુણસ્થાને મતિ–શ્રુતના સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થઈ ગયો છે.

૧૬ 卐 રાગનાં તરણમાં જેની રુચિ અને દ્રષ્ટિ રોકાઈ ગઈ છે તે જીવને અખંડ પહાડ જેવો જ્ઞાયકસ્વભાવ દેખાતો નથી. એક જ્ઞાયકસ્વભાવપણે પોતાને જે દેખે છે તેને કષાય વગરનો પરમ શાંતરસમાં તરબોળ આત્મા અનુભવાય છે; આવા આત્માને દેખનારી દ્રષ્ટિમાં રાગાદિ તો નથી, ને પર્યાયભેદ કે ગુણભેદના વિકલ્પો પણ તેમાં નથી. આત્મા બંધાયેલો હતો ને છૂટયો–એવા બંધ મોક્ષના વિકલ્પો શુદ્ધદ્રવ્યની અનુભૂતિમાં નથી.

૧૭卐 આત્મા સ્વભાવની આ સૂક્ષ્મ વાત છે, તે સમજાય તેવી છે. 'સમજવું' તે તો જ્ઞાનનું સ્વરૂપ છે, તે કાંઈ રાગનું સ્વરૂપ નથી. સાચી સમજણ તે કાંઈ રાગનું કામ નથી, તે તો જ્ઞાનનું કામ છે. તો જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાનું સ્વરૂપ કેમ ન સમજે? રાગમાં કાંઈ સ્વને કે પરને સમજવાની તાકાત નથી કેમકે તેનામાં ચેતનાસ્વભાવ નથી. આત્મા પોતે પોતાના સ્વરૂપને કષાયોથી ભિન્ન અનુભવીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાયરૂપે પરિણમે છે, તે નિર્મળપર્યાયમાં સ્થિત આત્માને સ્વસમય કહીએ છીએ; તેને જ શુદ્ધ કહીએ છીએ. રાગાદિમાં પોતાપણું જાણીને તેમાં જે સ્થિત છે તે પરસમય છે. રાગમાં સ્થિતને જડમાં સ્થિત કહ્યો છે, કેમકે રાગને ચેતનપણું નથી પણ જડસ્વભાવપણું છે.

૧૮ 卐 જે વિકલ્પ છે તે જ્ઞાનથી જુદો જ છે તેથી તેને જડ કહ્યો છે; પછી જ્ઞાનીનો વિકલ્પ હો કે અજ્ઞાનીનો, પણ તે કાંઈ જ્ઞાનની જાત નથી, જ્ઞાનથી વિરુદ્ધ છે માટે તે જડ છે. જે જ્ઞાનસ્વભાવને અનુભવમાં લ્યે તેને જ વિકલ્પનું અચેતનપણું ખરેખર સમજાય. વિકલ્પથી જુદા જ્ઞાનને જે દેખતો નથી તેને તો

નિરંતર શુભ–અશુભભાવનું કષાયચક્ર જ ચાલ્યા કરે છે. અશુભમાંથી શુભ થાય તે કાંઈ નવું નથી; શુભ ને અશુભનું કષાયચક્ર તો નિગોદના જીવને પણ ચાલ્યા જ કરે છે. પણ કષાયોથી તદ્ન જુદી જાતનો જ્ઞાનસ્વભાવ છે તેને અનુભવમાં લેવો તે અપૂર્વ છે.

૧૯ 卐 ‘જ્ઞાયકભાવ’ માં સદા એકરૂપતા છે; શુભાશુભભાવોમાં અનેકરૂપપણું છે, શુભ કે અશુભ કોઈ ભાવ એકરૂપ કોઈ ભાવ એકરૂપ રહે નહિ. આ રીતે અનેકરૂપ શુભાશુભભાવનું જે કષાયચક્ર છે તે રૂપે એક જ્ઞાયકભાવ થતો નથી, જ્ઞાયકભાવને સદા એક જ્ઞાયક ભાવપણું જ છે. આવા જ્ઞાયકભાવપણે આત્માને ઉપાસવો એટલે કે અનુભવમાં લેવો–તે ‘શુદ્ધ’ છે. જ્ઞાનનાં કિરણ સદા જ્ઞાનરૂપ છે, જ્ઞાનનાં કિરણ રાગરૂપ નથી. જેમ સૂર્યનું કિરણ પ્રકાશરૂપ છે, કોલસારૂપ નથી, તેમ ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા અનંત જ્ઞાનકિરણોથી જ પ્રકાશમાન છે, તે કષાયની કલુષતારૂપ નથી. આ રીતે કષાયની ભિન્ન આનંદસ્વરૂપ જ્ઞાયકભાવપણે જે પોતાને અનુભવે તેણે જ આત્માને ‘શુદ્ધ’ જાણ્યો છે.

૨૦ 卐 આપ ફત્તેપુર–પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનો વાંચી રહ્યા છો. તેમાં બપોરે પદ્મનંદી પચ્ચીસીમાંથી ‘ઉપાસક સંસ્કાર (શ્રાવકાચાર)’ અધિકાર વંચાય છે; એમાં શ્રાવકનાં આચારનું વર્ણન છે. આ શાસ્ત્રને શ્રીમદ્ રાજચંદ્રજીએ બહુમાનથી ‘વનશાસ્ત્ર’ કહ્યું છે; વનમાં વસનારા દિગંબર સંતે સિદ્ધભગવાન સાથે વાતું કરતાં કરતાં, ને અંદર સિદ્ધ જેવા સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં આ શાસ્ત્ર રચ્યું છે. તેમાંથી આ છઠ્ઠો અધિકાર વંચાય છે.

૨૧ 卐 અધ્યાત્મની દ્રષ્ટિપૂર્વક જેણે આત્માને રાગથી જુદો જાણ્યો છે, તેને પછી શ્રાવકની ભૂમિકામાં કેવો રાગ હોય ને કેવો રાગ છૂટી જાય–તેનું આ કથન છે. શુભરાગ હોય તેથી કાંઈ તે મોક્ષનું કારણ છે–એમ તે શ્રાવકધર્મી માનતા નથી.

૨૨ 卐 અધિકારના પ્રારંભમાં મંગલાચરણ તરીકે ભગવાન ઋષભદેવને અને શ્રેયાંસકુમારને યાદ કર્યાં છે; આ ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષો બાદ ભગવાન ઋષભદેવ મુનિધર્મના આદ્ય–પ્રણેતા થયા, અને મુનિદશામાં તેમને આહારદાન આપીને શ્રેયાંસકુમાર દાનધર્મના પ્રણેતા થયા.

૨૩ 卐 મતિજ્ઞાન–જાતિસ્મરણજ્ઞાનમાં કોઈ એવી અચિંત્ય તાકાત છે કે સામા જીવને શરીરાદિ પલટી ગયું હોય છતાં તેને દેખીને નિઃશંક નિર્ણય કરી લ્યે કે આ

જ જીવ પૂર્વે મારા સંબંધમાં હતો. શ્રેયાંસકુમારે જ્યાં ઋષભમુનિરાજને દેખ્યા કે જ્ઞાનની નિર્મળતામાં જાતિસ્મરણ થયું ને એમ જાણ્યું કે અહો! આ તો આઠમા ભવે વજજંઘ રાજા હતા ને તેમની સાથે મેં (શ્રીમતીએ) મુનિરાજને આહારદાન દીધું હતું આત્મા અરૂપી છે, દેહ બદલી ગયો છે, છતાં મતિજ્ઞાનની તાકાત છે કે તેને જાણી લ્યે છે–અસંખ્ય વર્ષ પહેલાં આ જ આત્મા મારી સાથે હતો–એમ નિઃશંક કેવળજ્ઞાન જેવું જાણી લ્યે છે. મતિજ્ઞાનની પણ આટલી તાકાત, તો કેવળજ્ઞાનની તાકાતની શી વાત!

૨૪ 卐 આવા કેવળજ્ઞાનની અરિહંત પરમાત્માને જે ઓળખે તેને તો ચૈતન્યસ્વભાવી આત્માનો નિર્ણય થઈ જાય, ને મોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય. ભગવંતોએ મોહનો નાશનો આવો ઉપદેશ દીધો છે– તેનું અલૌકિક વર્ણન પ્રવચનસાર ગાથા ૮૦–૮૨ માં છે.

૨૫ 卐 અહીં શ્રેયાંસકુમાર દાન દેનાર અને ઋષભમુનિ ઉત્તમ પાત્ર, તેઓ બંને ચરમ શરીરી, તે ભવે મોક્ષગામી છે. પણ તે કાંઈ દાનના શુભરાગને લીધે નહિ, તે વખતે રાગથી ભિન્ન ચૈતન્યઆત્માનું અંદર ભાન છે તે મોક્ષનું કારણ છે. ઋષભદેવ ભગવાનને વૈશાખ સુદ ત્રીજને દિવસે શ્રેયાંસકુમારે શેરડીના રસનું આહારદાન દઈને પારણું કરાવ્યું હતું. આ ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષના અંતરે આહારદાનનો આ પ્રસંગ બન્યો, ત્યારે દેવોએ આકાશમાં વાજાં વગાડીને 'અહો દાન' ..... અહો દાન' એવી ઘોષણા કરીને મહોત્સવ કર્યો. વૈશાખ સુદ બીજની રાતે શ્રેયાંસને સ્વપ્ન આવેલું કે મારા આંગણે આજે કલ્પવૃક્ષ આવ્યું છે! કલ્પવૃક્ષ જેવા મુનિરાજ આંગણે પધાર્યા.... તેમને જોતાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું. આઠમા ભવે મુનિઓને દાન દીધેલું તે વિધિ યાદ આવી ગઈ, ને વિધિપૂર્વક ઋષભમુનિને આહારદાન દીધું. આ રીતે દાનતીર્થનું પ્રવર્તન થયું. મુનિઓને આહારદાન વગેરે શુભભાવ ધર્મી શ્રાવકને આવે છે. ઋષભભગવાને દિવ્યધ્વનિવડે ભરતક્ષેત્રમાં ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું, શ્રેયાંસકુમારે દાનતીર્થનું પ્રવર્તન કર્યું.

૨૬ 卐 શાસ્ત્ર એકકોર રાગ વગરનો આત્મસ્વભાવ બતાવે છે, બીજીકોર શ્રાવકની ભૂમિકામાં મુનિઓને આહારદાન વગેરે શુભભાવ થાય તેની પ્રશંસા પણ કરે છે.

ભૂમિકાઅનુસાર જે જેમ વાત હોય તેમ સમજવી જઈએ. શ્રાવકને રાગરહિત આત્માની દ્રષ્ટિરૂપ સમ્યક્ત્વ પણ વર્તે છે, ને સાથે શુભરાગ પણ વર્તે છે, તે રાગને કારણે પૂજા–ભક્તિ–દાન–સ્વાધ્યાય વગેરે ભાવ આવે છે ને અશુભથી બચવા તે શુભને કર્તવ્ય પણ કહેવાય છે. પણ તે રાગની હદ પુણ્યબંધ જેટલી છે, એ કાંઈ મોક્ષનું સાધન નથી–એમ ધર્મીને ભાન છે.

૨૭ 卐 મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તે વીતરાગભાવ છે, આવો મોક્ષ માર્ગ જેણે જાણ્યો છે, અંશે પ્રગટ કર્યો છે તેની આ વાત છે. જે સમ્યગ્દર્શનાદિ નિશ્ચયમોક્ષમાર્ગ છે તે તો વીતરાગભાવ છે, ને તેનું ફળ મોક્ષ છે. તેની સાથે શુભરાગાદિ જે વ્યવહારમોક્ષમાર્ગ છે તેનું ફળ શું છે? –તેનું ફળ તો સ્વર્ગાદિ સંસાર છે, તે તેને ખરેખર મોક્ષમાર્ગ કેમ કહેવાય? મોક્ષમાર્ગ તો એક જ છે બે નથી. વીતરાગભાવરૂપ એક જ મોક્ષમાર્ગ છે વીતરાગભાવ તે એક મોક્ષ માર્ગ, ને શુભરાગ તે બીજો મોક્ષમાર્ગ, એમ મોક્ષમાર્ગ બે નથી. વીતરાગભાવ તે મોક્ષમાર્ગ છે, ને રાગ તે મોક્ષમાર્ગ નથી. , એમ મોક્ષમાર્ગ એક જ છે.

૨૮ 卐 આ જ્ઞાયકભાવરૂપ આત્મતત્ત્વ છે તેને, પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે દેખતાં તે શુદ્ધપણે દેખાય છે; અને ત્યારે તેને દેખનારી પર્યાય પણ શુદ્ધ થાય છે...... એટલે કષાયચક્ર મટી જાય છે, જ્ઞાન તેનાથી છૂટું પડી જાય છે. પર્યાયમાં કષાયચક્રથી જ્ઞાન છૂટું પડયા વગર 'ચૈતન્યતત્ત્વ શુદ્ધ છે' એવી ઓળખાણ થઈ શકે નહિ. આ રીતે શુદ્ધદ્રવ્યને દેખતાં પર્યાય પણ શુદ્ધ થયેલી વર્તે છે.

૨૯ 卐 કષાયચક્રનું મટવું કઠણ છે, –પણ અશક્ય નથી, કેમકે શુદ્ધદ્રવ્યસ્વભાવની સન્મુખ થતાં કષાયચક્ર મટી જાય છે. જ્ઞાનનું સ્વરૂપ સ્વભાવથી જ સર્વે પરભાવોથી રહિત છે; એટલે જ્ઞાનસ્વભાવનો અનુભવ થતાં સર્વે પરભાવોનો ધ્વંસ થઈ જાય છે. જ્ઞાનસ્વભાવ તો રાગાદિ પરભાવ વગરનો છે જ, તેની સ્વસન્મુખ પરિણતિ પણ રાગ વગરની થઈ ત્યાં તેણે રાગને છોડયા–એમ કહેવામાં આવે છે. બાકી પરમાર્થે જ્ઞાનમાં કાંઈ રાગનું કતૃત્વ નથી કે જ્ઞાન તેને છોડે. જ્ઞાન તો સ્વભાવથી જ રાગ વગરનું છે, જ્ઞાનમાં રાગનો પ્રવેશ નથી. જ્ઞાન જ્ઞાનરૂપ થયું તે તો વિકારથી છૂટું ને છૂટું છે.

૩૦ 卐 જેનું જ્ઞાન અંતર્સ્વભાવસન્મુખ થયું નથી ને કષાયચક્રમાં (પુણ્ય–પાપમાં)

[ અનુસંધાન : પાના ૩૩ ઉપર

# ગુજરાતનાં પ્રવચનો

**સૌરાષ્ટ્રમાં વિહાર બાદ અમદાવાદ થઈને ગુજરાતમાં વિહાર કર્યો, તેમાં પ્રથમ દહેગામનાં પ્રવચનો આપે ગતાંકમાં વાંચ્યા. ત્યાર બાદ પ્ર. વૈશાખ સુદ ૬ થી પ્ર. વૈ વદ ત્રીજ સુધી રખિયાલથી ફત્તેપુર પહોંચતાં સુધીનાં પ્રવચનો આપ અહીં વાંચશો. મોટું શહેર હો કે ન નાનું ગામડું હો-ચૈતન્યરસની ધારા તો બધે એકસરખી જ વહે છે.**

##卐 સમ્યગ્દ્રષ્ટિનો અત્યંત મધુર ચૈતન્યસ્વાદ 卐

( રખિયાલ–સ્ટેશન પ્ર. વૈ. સુદ ૬–૭ સમયસાર ગા. ૪૭ )

દહેગામ બાદ ગુરુદેવ રખિયાલ પધાર્યા. રખિયાલ–સ્ટેશન જેવા નાના સ્થાનમાં પણ સુંદર જિનમંદિર શોભે છે. જિનેન્દ્રદર્શન અને સ્વાગત બાદ ગુરુદેવે મંગલ–પ્રવચન દ્વારા ચૈતન્યતત્ત્વનું સ્મરણ કરીને તેનો મહિમા સમજાવ્યો. બપોરે સમયસારની ૯૭ મી ગાથા ઉપર પ્રવચન થયું.

આ જીવ દેહાદિથી ભિન્ન ચૈતન્યવસ્તુ છે, તેનો સ્વાદ તો અતીન્દ્રિય આનંદરૂપ અત્યંત મધુર ચૈતન્યરસ છે; પણ રાગાદિના કર્તૃત્વમાં અટકયો હોવાથી અજ્ઞાનીને અનાદિથી પોતાનો ચૈતન્યનો સાચો સ્વાદ આવ્યો નથી, ને રાગાદિભાવોના આકુળતામય સ્વાદનો જ તેને અનુભવ છે. ભાઈ, તને તારા ચૈતન્યનો સાચો સ્વાદ કેમ આવે તે વાત અહીં સંતો તને બતાવે છે. પ્રથમ તો રાગનાય કર્તૃત્વ વગરનો જ્ઞાનસ્વભાવ છે તે ઓળખવો જોઈએ, તો જ ચૈતન્યનો સાચો સ્વાદ આવે.

આવા આત્માને બહારમાં બીજો કોઈ શત્રુ કે મિત્ર નથી; આત્માનો પોતાનો ઊંધો અજ્ઞાનભાવ તે જ શત્રુ છે; ને પોતાના સ્વભાવનો સમ્યક્ભાવ જ મિત્ર છે. બીજા કોઈને મિત્ર કે વિરોધી માનવા તે તો ભ્રમ છે.

કુંદકુંદચાર્યદેવ સીમંધર પરમાત્મા પાસે જઈને જે સન્દેશો લાવ્યા છે તે આ સમયસારમાં છે, તે અહીં કહેવાય છે. આત્માને સંતોએ 'ભગવાન' કહીને સંબોધ્યો છે! ભગવાન! તું તો અનંત જ્ઞાન ને અનંત આનંદસ્વરૂપ મહાન છો. તું કાંઈ રાગાદિ જેટલો નથી, રાગનું કર્તૃત્વ તે તારું સ્વરૂપ નથી; તારા ચૈતન્યકિરણમાંથી રાગ નથી નીકળતો. રાગ વગરનો એકલા ચૈતન્યકિરણોથી પ્રકાશમાન જ્ઞાનસૂર્ય તું છો. ચૈતન્યને અને રાગને એકપણું કદી નથી, એટલે કર્તાકર્મપણું પણ કદી નથી. આવું ભેદજ્ઞાન થતાં જ રાગનું કર્તૃત્વ છૂટીને, ચૈતન્યનો રાગવગરનો અત્યંત મધુર સ્વાદ જીવને અનુભવમાં આવે છે. સમ્યગ્દ્રષ્ટિને જ આવો સ્વાદ આવે છે; ને ચૈતન્યના આ અત્યંત મધુર સ્વાદ પાસે આખા જગતના વિષયો નીરસ લાગે છે; ચૈતન્યની શાંતિ પાસે રાગની આકુળતા તો ધગધગતા અગ્નિ જેવી લાગે છે.

અરે, ચૈતન્યવૈભવસંપન્ન આત્મા, તેને રાગવાળો માનીને જીવ ભવદુઃખમાં રખડે છે. અમૃતચંદ્રસ્વામી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહે છે કે–

एवमयं कर्मकृतैः भावैः असमाहितोपि, युक्त इव प्रतिभाति बालिशानां, प्रतिभासः स खलु भवबीजम्। –એ રીતે આ આત્મા કર્મકૃત (શરીર તથા રાગાદિ) ભાવોથી અસંયુક્ત હોવા છતાં, બાલિશ (અજ્ઞાની) જીવોને તે રાગાદિથી સંયુક્ત જેવો ભાસે છે; તેમનો આ મિથ્યા પ્રતિભાસ જ ખરેખર ભવનું બીજ છે.

રાગનો કષાયવાળો સ્વાદ, અને ચૈતન્યનો અત્યંત મધુર નિરાકુળ સ્વાદ, એ બંનેના તફાવતને ન જાણતાં અજ્ઞાની તેને એકમેક જ અનુભવે છે એટલે એકલા વિકારી સ્વાદને જ અનુભવે છે; તેથી તે તે અજ્ઞાનભાવે વિકલ્પને જ કરે છે. જ્યારે ભેદજ્ઞાનવડે રાગથી ભિન્ન પોતાના અનાદિનિધન અતીન્દ્રિય મધુર ચૈતન્યસ્વાદને જાણે છે ત્યારે જ્ઞાનથી જુદા એવા કષાયરસને તે પોતાથી અત્યંત ભિન્ન જાણે છે, એટલે તેનો (વિકલ્પનો) તે કર્તા થતો નથી. આ રીતે જ્ઞાનવડે જ વિકલ્પનું કર્તૃત્વ છૂટે છે.

અરે, હું કોણ છું ને મારું ખરૂં સ્વરૂપ શું છે? શેમાં મારું હિત છે ને શા કારણે હું દુઃખી થયો? એનો હે જીવ! તું વિચાર તો કર. તારા ચૈતન્યતત્ત્વને બીજાનો સંબંધ નથી, ને રાગનોય સંબંધ ખરેખર તેને નથી. આવા ભિન્ન ચૈતન્યતત્ત્વનું તું દેખ, તેમાં આનંદનો સ્વાદ છે.

અહો, ચૈતન્યતત્ત્વ આવું સુંદર, પરમ આનંદરસથી ભરેલું, તેમાં રાગની આકુળતા કેમ શોભે? ચૈતન્યભાવને રાગ સાથે એકતા કેમ હોય? જેમ સજ્જનના

મોઢા પર દુર્ગંધના લપેટા શોભે નહિ તેમ સત્ એવા ચૈતન્ય ઉપર રાગના લપેટા શોભે નહિ; ચૈતન્યમાં રાગનું કર્તૃત્વ હોય નહિ. આવી ભિન્નતાને જે જાણે તે જ્ઞાનીજીવ પોતાના ચૈતન્યભાવમાં રાગના કોઈ અંશને ભેળવતો નથી, એટલે જ્ઞાનમાં રાગનું કતૃત્વ જરાપણ નથી. આવા આત્માના જ્ઞાન વગર, પુણ્ય કરીને પણ જીવ જરાય સુખ ન પામ્યો. ક્યાંથી પામે? પુણ્યના રાગમાં ક્યાં સુખ હતું કે મળે? સુખ ચૈતન્ય સ્વભાવમાં છે, તેને જાણે–અનુભવે તો જ ચૈતન્યસુખનો સ્વાદ આવે, ને ત્યારે જ રાગાદિનું કર્તૃત્વ છૂટી જાય. આવી જેની દશા થઈ છે તે જ સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની છે.

જે રાગનો કર્તા થશે તે, રાગ વગરના ચૈતન્યનો સ્વાદ લઈ શકશે નહિ. અને રાગથી ભિન્ન ચૈતન્ય સ્વાદ જેણે ચાખ્યો તે કદી રાગનો કર્તા થશે નહિ. એક સૂક્ષ્મ વિકલ્પના સ્વાદને પણ તે જ્ઞાનથી ભિન્ન જ જાણે છે. તેથી કહ્યું છે કે–

**કરે કરમ સોઈ કરતારા, જો જાને સો જાનનહારા;**
**જાને સો કરતા નહિ હોઈ, કર્તા સો જાને નહીં કોઈ.**

ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને જ્ઞાનરૂપે જે પરિણમ્યો તેના જ્ઞાન–પરિણમનમાં રાગનું કર્તૃત્વ નથી; જે રાગનો કર્તા થાય છે તે રાગથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને જાણતો નથી.

આત્મા અનાદિ–અનંત ચૈતન્યરસપણે જ અનુભવાય છે; જગતના બીજા બધાય રસથી વિલક્ષણ જુદી જાતનો આ ચૈતન્યરસ છે. રાગાદિ કષાયોના રસ તો કડવા છે, આકુળતાવાળા છે ને આ ચૈતન્યરસ અત્યંત મધુર છે, શાંત છે, નિરાકુળ છે. આમ જ્ઞાની પોતાના ચૈતન્યસ્વાદને બીજાથી ભિન્ન પાડીને વેદે છે. અહા! આવો શાંત મધુર આનંદધામ મારો ચૈતન્ય સ્વાદ! પૂર્વે કદી મેં ચાખ્યો ન હતો, તેથી હું દુ:ખી હતો. આત્માના આનંદરસનો સ્વાદ ચાખીને હવે હું સુખી થયો.

“સુખીયા જગતમાં સંત......” સમકિતી પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લ્યે છે, ત્યાં દુનિયા પાસેથી તેને કાંઈ લેવું નથી, ક્યાંય બીજામાંથી સુખ લેવું નથી, તે સંત જગતમાં સુખી છે. બાકી પરવસ્તુમાંથી સુખ લેવા માંગે છે તેઓ તો દુ:ખિયા છે ને પર પાસેથી ભીખ માંગનારા ભીખારી છે. સમકિતી પોતાના ચૈતન્યવૈભવનો સ્વામી મોટો બાદશાહ છે, જગતથી તે નિસ્પૃહ છે. મારું ચૈતન્યસુખ મારામાં છે, ત્યાં જગત પાસેથી મારે કાંઈ લેવાપણું નથી.

અજ્ઞાનીને પોતાના ચૈતન્યરસને ભૂલીને રાગના રસની ટેવ પડી ગઈ છે. જેમ

ઉમરાળાના સુંદરજી રૂપા ભાવસારને ગુંગાનો સ્વાદ લેવાની ટેવ પડી ગઈ હતી, તેમ ચૈતન્યના સુંદર રૂપવાળો, 'ભાવ-સાર' સારભૂત જેનો સ્વભાવ છે-એવો આત્મા પોતાને ભૂલીને, હું રાગી-હું દ્વેષી-હું શરીરવાળો-એમ માનીને અજ્ઞાનથી ગુંગા જેવા પુણ્ય-પાપના સ્વાદમાં રોકાઈ ગયો, એ તેને શોભતું નથી. જીવનું પદ તે નથી. જીવનું પદ કયું છે? તે બતાવતાં સમયસાર ગા. ૨૦૩ માં કહે છે કે-

જગતમાં જે ઘણા પ્રકારના દ્રવ્યો અને ભાવો છે તેમાં ભગવાન આત્માના ચૈતન્યસ્વભાવ સાથે એકપણે જે અનુભવાય છે તે જ આત્માનું સ્થિર રહેઠાણ હોવાથી નિજપદ છે. પણ જ્ઞાનસ્વભાવથી જુદા, અને ક્ષણિક, વિકારી ભાવો છે તેઓ પોતે અસ્થિર છે, તે આત્માનું નિજપદ નથી. આમ જાણીને હે જીવ! તું ત્વરાથી નિજપદને ગ્રહણ કર ને પરપદને છોડ. પરમાર્થરસપણે સ્વાદમાં આવતું ચૈતન્યમાત્ર ભાવરૂપ તારું નિજપદ જ આસ્વાદવા જેવું છે. વિકારનો સ્વાદ અનંત કાળથી લીધો, તેમાં જીવને શાંતિ ન મળી. પાપ હો કે પુણ્ય, તેના ફળમાં નરક હો કે સ્વર્ગ, તેમાં ક્યાંય આત્માની શાંતિ નથી, તે કોઈ આત્માનું નિજપદ નથી. નિજપદનો સ્વાદ તો આનંદ રૂપ હોય.

ભાઈ! તારા આત્માનો સ્વાદ તો જ્ઞાનયમ છે. જ્ઞાનરસપણે આત્માને સ્વાદમાં લે. તે તારું નિદપદ છે.... તે જ આનંદદાયક છે. આનંદના ભાવથી ભરેલું તારું નિજપદ છે તેને છોડીને તું રાગના મેલા ભાવોના વેદનમાં ક્યાં રોકાણો? અરે, ચૈતન્યપ્રભુ પુણ્ય-પાપની વિકૃત લાગણીમાં અર્પાઈ જાય-એ તેને શોભતું નથી. કયાં ચૈતન્યનું અનુપમ પદ! ને ક્યાં રાગાદિના કલંકભાવો! અરે, એ બંનેને એકતા કેમ હોય? ચૈતન્ય હું' એવા અનુભવને બદલે 'ક્રોધ હું-રાગ-હું પુણ્ય હું' એમ અનુભવ કરે, એ તે કાંઈ આત્માને શોભે છે! -નથી શોભતું. માટે હે ભાઈ! એક જ્ઞાનનું જ બનેલું તારું પરમ પદ છે, તેમાં કોઈ વિપદા નથી. એ નિજપદ પાસે બીજા બધા પરપદ તો અપદ ભાસે છે. આવા જ્ઞાનપદનો અનુભવ તે મોક્ષનો ઉપાય છે.

* * *

[વૈશાખ સુદ સાતમનું બપોરનું પ્રવચન રખિયાલથી ત્રણ-ચાર માઈલ દૂર ખાનપુર મુકામે થયું હતું. ખાનપુરમાં દિ. જૈનમંદિર છે. ગુરુદેવ પધારતાં ગામના જૈન-જૈનતરોનો ઉલ્લાસ સારો હતો. પ્રવચનમાં ગુરુદેવે સુગમશૈલિથી આત્માનું સ્વરૂપ સમજાવ્યું હતું. પ્રવચન બાદ ભક્તિ પણ ખાનપુરમાં થઈ હતી.]

અનંતકાળથી સંસારમાં રખડતો આત્મા પોતાનું સાચું સ્વરૂપ સમજ્યો નથી. દેહથી ભિન્ન આત્મા હું કોણ છું–એમ જે ઓળખે તેને સાચો મનુષ્ય કહેવાય. બાકી બે હાથ–બે પગ–બે આંખ વગેરેથી કાંઈ મનુષ્યપણું ખરેખર કહેવાય નહિ, કેમકે બે હાથ, બે પગ વગેરે તો વાંદરાને પણ છે–તે ઉપરાંત એને તો એક લાંબું પૂંછડું પણ છે. મનુષ્યપણાની વિશેષતા તો વિવેકમાં છે. વિવેક એટલે સ્વ–પરનું ભેદજ્ઞાન; આત્મા શું ને ભિન્ન ચીજ શું ? તેને ઓળખીને વિવેક કરવો જોઈએ. ૧૬ વર્ષે શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે આત્મા કોણ છે અને તેનું ખરું સ્વરૂપ શું છે તેનો હે જીવ ! તું વિચાર કર. હંસ એને કહેવાય કે જેની ચાંચમાં દૂધ અને પાણીને જુદા કરવાની શક્તિ છે; જેની ચાંચમાં દૂધ અને પાણીને જાુદા કરવાની શક્તિ ન હોય તેને હંસ કહી શકાય નહીં. એવી રીતે જેના જ્ઞાનમાં રાગ અને જ્ઞાનને જાુદા પાડવાની તાકાત છે તે જ ખરો ચૈતન્યહંસ છે; તે જ વિવેકી છે.

જેમ હંસ તો સાચા મોતીના ચારા ચરનારો છે. કાગડાની નજર માંસ ઉપર છે, તે સાચા મોતીને છોડીને માંસને ગ્રહણ કરે છે. લડાઈમાં મોટા હાથીનાં મસ્તક છેદાઈને પડયા હોય તેમાં તો મુક્તાફળના મોતી અને માંસના લોચા બંને છે, પણ કાગડો તો મોતીને છોડીને માંસને ગ્રહણ કરે છે, ને હંસલો તો સાચા મોતીના ચારા ચરનારો છે. તેમ આત્મામાં સાચા મોતી જેવો શુદ્ધચૈતન્યસ્વભાવ, અને રાગાદિ વિકારભાવો હોવા છતાં, જ્ઞાની તો તેમાં વિવેક રાગરહિત ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરીને તેનો સ્વાદ લ્યે છે; અને અજ્ઞાની તો રાગાદિ સાથે ભેળસેળવાળો આત્મા અનુભવે છે.

ચૈતન્યતત્ત્વ એવું મહાન–ગંભીર છે કે રાગમાં–વિકલ્પમાં તેને જીરવી શકાય નહિ; એ તો સિંહણના દૂધની જેમ સોનાના પાત્ર જેવી જે જ્ઞાનની અંતર્પરિણતિ તેમાં જ જીરવાય. જ્ઞાન જ અંતર્મુખ થઈને ચૈતન્યસ્વભાવને ઝીલી શકે એટલે અનુભવી શકે. જે વસ્તુને જોવી હોય તેના ઉપર પ્રકાશ ફેંકે તો તે જણાય, તેમ આત્માને જોવા માટે જ્ઞાનના ઉપયોગનો પ્રકાશ અંતરમાં કરતાં આત્મા જણાય છે, બીજી રીતે વિકલ્પવડે આત્મા જણાય નહીં.

[ખાનપુરમાં પ્રવચન અને ભક્તિ બાદ ગુરુદેવ પુનઃ રખિયાલ પધાર્યા હતા. ને બીજે દિવસે સવારમાં તલોદ શહેર પધાર્યા હતા.]

# જ્ઞાયકભાવની સન્મુખતા એ જ અફર મંગળ

પૂ. ગુરુદેવ તલોદ શહેર પધારતાં તલોદના ને ગુજરાતના સેંકડો મુમુક્ષુઓએ ઉલ્લાસથી સ્વાગત કર્યું. તલોદના બ્ર. શ્રી કેશવલાલજીએ પ્રમોદપૂર્વક કહ્યું કે અમારા બધાના કોઈ સદ્ભાગ્ય–કે ચૈતન્યની આવી વાત અમને સાંભળવા મળી! જિનમંદિરમાં પ્રભુજીના દર્શન–પૂજન કરીને પછી બાજુના મંડપમાં માંગળિક સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે–

પહેલી ગાથામાં સર્વે સિદ્ધોને વંદન–આદરસત્કાર કરીને, એટલે કે અનંતા સિદ્ધ ભગવંતોનો જ્ઞાનમાં સ્વીકાર કરીને, અપૂર્વ મંગલ કર્યું છે; પછી છઠ્ઠી ગાથામાં જ્ઞાયકસ્વભાવ બતાવ્યો છે; છઠ્ઠીના લેખ જેમ ફરે નહિ તેમ છઠ્ઠીમાં કહેલા જ્ઞાયક સ્વભાવની જેને પ્રતીત થઈ તેની મોક્ષદશા ફરે નહિ, એવા છઠ્ઠીના લેખ અફર છે.

જ્ઞાયકભાવરૂપ આત્મતત્ત્વ છે તેમાં શરીર–મન–વાણી તો નથી ને પુણ્ય–પાપના ભાવો પણ નથી. આવો જ્ઞાનકસ્વભાવ તે ઉત્કૃષ્ટ મંગળ છે, તેની સન્મુખ થયેલી પર્યાય પણ અપૂર્વ મંગળ છે. તેમાં પ્રમત્ત–અપ્રમત્ત દશાના ભેદના વિકલ્પો નથી.

ભગવાન પાસેથી સીધું સાંભળેલું ને જાતે અનુભવેલું જ્ઞાનાનંદસ્વભાવી તત્ત્વ બતાવતાં વીતરાગી મુનિરાજ આત્માના નિજવૈભવથી કહે છે કે આવા જ્ઞાયકતત્ત્વને એકવાર લક્ષમાં લ્યો. જેમા ગુણસ્થાનભેદના વિકલ્પો નથી–એવા ચૈતન્યમાં પ્રવેશ કરતાં વિકલ્પાતીત અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. આવી ઉપાસના–શ્રદ્ધા તે મંગલ છે, અને તેનું શ્રવણ પણ મંગળ છે.

અહા, આવું તત્ત્વ પોતે છે; તેનો મહિમા લક્ષમાં લેતાં દુનિયાના વિકલ્પો એકકોર રહી જાય છે. આ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરતાં જે મંગળ થયું તે કદી ન ફરે એવું અપ્રતિહત મંગળ છે. જગતમાં નવા ઘરનું વાસ્તુ લગ્ન કાર્યોને લોકો મંગળ કહે છે, પણ તે તો ક્ષણિક છે. નાશવાન છે, તે કાંઈ ખરું મંગળ નથી. ચૈતન્યની લગની લગાડીને તેની સાથે લગ્ન કરતાં (તેમાં ઉપયોગને એકાગ્ર કરતાં) જે મંગળ થયું તે મહા આનંદરૂપ છે, તે કદી ફરે નહિ. આવા જ્ઞાયકસ્વભાવી આત્માનો સ્વીકાર–શ્રદ્ધા–જ્ઞાન–બહુમાન–શ્રવણ તે મંગળ છે.

બપોરે પ્રવચનમાં સ. ગા. ૯૭ વંચાતી હતી. પ્રવચનમાં સ્થાનિક અને આસપાસના ગામોના હજારો મુમુક્ષુઓએ લાભ લીધો હતો. શાંતરસઝરતું અધ્યાત્મ–

પ્રવચન સાંભળીને સૌ પ્રસન્નતાથી ડોલી ઊઠતા હતા.

સંસારમાં બીજી ગતિ કરતાં દુર્લભ એવું આ મનુષ્યપણું પામીને, ચૈતન્ય સ્વરૂપ પોતાનો આત્મા શું ચીજ છે તેને જે ઓળખે છે તેનું જ મનુષ્યપણું સફળ છે. એના વગરનું જે મનુષ્યપણું તેમાં ને પશુમાં કાંઈ ફેર નથી. પશુઓ પણ પોતાનું જીવન વિષય–કષાયોમાં વીતાવે છે, ને મનુષ્ય થઈને પણ વિષય–કષાયમાં જ જીવન વીતાવે તો તેમાં ફેર શું રહ્યો ? અરે, પુણ્ય–પાપથી પાર મારું અંદરનું તત્ત્વ શું છે કે જે મને શાંતિ ને આનંદ આપે ! એમ વિચાર કરવો જોઈએ. પુણ્ય–પાપ અનંતવાર કર્યાં છતાં તેમાં જીવને શાંતિનો અંશ પણ ન મળ્યો. તે પુણ્ય–પાપના કર્તૃત્વ વગરનું મારું ચૈતન્યતત્ત્વ છે–કે જેનો સ્વાદ અત્યંત મધુર ચૈતન્યરસથી ભરેલો છે. પુણ્ય પાપના આકુળ સ્વાદથી મારા ચૈતન્યનો સ્વાદ તદ્દન જુદી જાતનો છે. પુણ્ય–પાપના ઝાંઝવાં અનંત કાળ દોડયા પણ તેમાંથી શાંતિ ન મળી. અંદર શાંતરસથી ભરેલું ચૈતન્ય સરોવર–તેમાં ઉપયોગને જોડતાં અણમૂલી શાંતિ ને ઇંદ્રિયાતીત આનંદ મળશે.

ભાઈ, દુનિયા દુનિયાનું જાણે....... તું તારું કરી લે. આવો મનુષ્યભવ પામીને તારા ચૈતન્યના શ્રદ્ધા–જ્ઞાન તો કર, કે મારી શાંતિ મારા આત્મામાં જ ભરી છે; મારો આત્મા રાગ–દ્વેષ વગરનો પરમ શાંતિસ્વરૂપ જ છે. અમૂલ્ય સુંગધી કસ્તુરી પોતાની ડૂંટીમાં હોવા છતા, જરાક અવાજથી ભડકતા હરણિયાંને પોતાની કસ્તુરીનો વિશ્વાસ આવતો નથી ને બહાર શોધીને હેરાન થાય છે. તેમ રાગ વગરની અતીન્દ્રિય શાંતિનો સમુદ્ર આત્મા પોતે છે, પણ જરાક પુણ્યનો શુભરાગ કરે ત્યાં મેં ઘણું કર્યું એમ માનનારા અજ્ઞાની જીવને, રાગથી ને પુણ્યથી પાર પોતાના ગંભીર ચૈતન્ય સ્વભાવના અનંતસુખનો વિશ્વાસ નથી આવતો, ને બહારમાં–રાગમાં સુખ માનીને તેની પાછળ દોડી–દોડીને દુઃખી થાય છે. અનાદિકાળથી રાગ પાછળ ને પુણ્ય પાછળ દોડયો પણ શાંતિનો છાંટોય ન મળ્યો. ક્યાંથી મળે ? મૃગજલ જેવા વિષયોમાં ને રાગાદિભાવોમાં શાંતિના જળ ક્યાંથી મળે ? અંદર જ્યાં શાંતિનું સરોવર ભર્યું છે તેમાં નજર કરે તો અપૂર્વ શાંતિનો સ્વાદ આવે, ને પુણ્ય–પાપનું કર્તૃત્વ છૂટી જાય. તેને ભાન થાય કે અરે ! મારા ચૈતન્યનો સ્વાદ તો રાગથી તદ્દન જુદી જાતનો છે. અમૃત અને ઝેર જેવો તફાવત જ્ઞાન રાગના સ્વાદ વચ્ચે છે. ચૈતન્યના સ્વાદમાં રાગનો આકુળ સ્વાદ કેવો ? ને રાગના સ્વાદમાં ચૈતન્યની શાંતિનો સ્વાદ કેવો ? બંનેના સ્વાદ તદ્દન જુદા છે. આવું ભેદજ્ઞાન કરનાર જીવ ચૈતન્યના જ સ્વાદને વેદતો થકો, રાગને પોતાથી ભિન્ન જાણીને તેનું કર્તૃત્વ સર્વથા છોડે છે, ને અંદર તેને ચૈતન્યના અપૂર્વ આનંદરસની ધારા વહે છે. ‘અહા ! ગુરુએ મને આનંદરસના પ્યાલા પાયા”

જીવને પોતાના ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થતાં તે રાગાદિ સમસ્ત પરભાવનો અકર્તા થઈ જાય છે, કેમકે રાગથી અત્યંત જાુદો ચૈતન્યસ્વાદ તેણે ચાખી લીધો; અહા, ચૈતન્યના અત્યંત મધુર આનંદમય મહા સ્વાદ પાસે જગતના બધા સ્વાદ અત્યંત નીરસ છે, રાગાદિ ભાવો કષાયેલા–આકુળ રસવાળા છે તેનો સ્વાદ ધર્મી લેતો નથી; ધર્મીનું જ્ઞાન શાંતરસમય છે–તે આકુળતાનો સ્વાદ લઈ શકે નહિ. ધર્મી પોતાના મધુર વીતરાગી ચૈતન્યસ્વાદને જ લ્યે છે –તેને જ આત્મામાં અનુભવે છે. શરીરની રચના એ તો મૃતકકલેવર જડ અચેતન છે, તેને જીવ ભોગવે નહિ; રાગનો સ્વાદ અગ્નિની ભઠ્ઠી જેવી આકુળતારૂપ છે, તે સ્વાદને જ્ઞાની પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે છે; ને રાગ વગરના પોતાના પરમ શાંતરસના સ્વાદને લ્યે છે; આવો જીવ જ્ઞાની છે, તે ધર્મી છે, તે મોક્ષમાર્ગી છે. અહા, ચૈતન્યપદ જે અનંત શાંતિરૂપ, તે હું જ છું એમ ધર્મી અનુભવે છે. આવા શાંતરસના વેદનમાં કષાયભાવો સમાઈ શકે નહિ, તેનાથી ભિન્ન શાંતરસને જ જ્ઞાની સદા પોતાના સ્વાદપણે અનુભવે છે.

અરે ભાઈ! ચૈતન્યનો સ્વાદ, અને કષાયોનો સ્વાદ, એ બે સ્વાદ વચ્ચેના ભેદને તું ઓળખ તો ખરો! એક હંસ જેવું પ્રાણી પણ દૂધ અને પાણીને જાુદા પાડીને દૂધનો સ્વાદ લ્યે છે, તો તું ચૈતન્યનો શાંત–વીતરાગી આનંદ સ્વાદ, અને રાગાદિ કષાયભાવોનો અશાંત–વિકારી–દુઃખમય સ્વાદ, એ બંને સ્વાદની જુદાઈ કરીને તારા ચૈતન્યસ્વાદને ગ્રહણ કર. પુણ્ય–પાપના ઝેરી સ્વાદને લીધે અત્યંત કાળથી તું સંસારમાં દુઃખી થયો; હવે તેનાથી ભિન્ન તારી ચૈતન્યજાતને જાણીને તેના અમૃતનો સ્વાદ લે.

ધર્મીજીવ પોતાના ચૈતન્યસ્વાદના અનુભવથી એમ જાણે છે કે મારા ચૈતન્યભાવને રાગની કે દુઃખની સાથે કારણ–કાર્યપણું નથી, તેની સાથે સ્વ–સ્વામીપણું નથી. તારું ચૈતન્યવીર્ય એવું નથી કે રાગની રચના કરે. ચૈતન્યભાવના સ્વીકારમાં આત્માની અનંત શક્તિનું નિર્મળ પરિણમન શરૂ થઈ ગયું છે. એકલા ચૈતન્યસ્વાદમાં આત્માના અનંતગુણનો નિર્મળ–વીતરાગી–શાંતરસ ભેગો જ છે; આવા અત્યંત મધુર ચૈતન્યસ્વાદવાળો આત્મા છે તેને ઓળખતાં આત્મા રાગાદિ પરભાવનો અકર્તા થઈને, આસ્રવોને છોડીને, મુક્ત થાય છે. (તલોદ પ્રવચન સમાપ્ત)

## 卐 તલોદની તત્ત્વચર્ચા 卐

卐 સંસાર એટલે શું?

આત્માનો મિથ્યાત્વભાવ અને રાગદ્વેષ તે સંસાર છે. તેમાં પણ રાગાદિભાવ જેટલો

જ હું–એવો જે મિથ્યાભાવ છે તે જ મુખ્ય સંસાર છે.

卐 આત્મા અને કર્મની ભેગી અવસ્થા તે સંસાર છે?

ના; આત્માની અવસ્થામાં આત્મામાં છે, કર્મની અવસ્થા પુદ્ગલમાં છે, બંનેની અવસ્થા જુદેજુદી છે, બંનેની ભેગી એક અવસ્થા નથી.

卐 સ્ત્રી–છોકરા–ઘરબાર છોડતાં સંસાર છૂટી જાય ને?

ના; એ તો પરદ્રવ્ય છૂટા જ છે; તે મારા–એવી માન્યતા તે સંસારનું મૂળ છે. એ માન્યતા છૂટયા વગર સંસાર છૂટે નહિ. પરથી છૂટો ને રાગાદિ વગરનો ચૈતન્યસ્વભાવ કેવો છે તેને લક્ષમાં લઈને અનુવભ કરતાં સમ્યકત્વાદિ થાય છે એટલે અજ્ઞાન છૂટી જાય છે, ને રાગાદિથી પણ આત્માનો ચૈતન્યભાવ છૂટો પડી જાય છે. આ જ સંસાર છોડવાની ને મોક્ષમાર્ગને ગ્રહણ કરવાની રીત છે.

## સમ્યક્ત્વપૂર્વકની મુનિદશાનો પરમ મહિમા

卐 સાધુપણું કેવું હોય?

અહો, સાધુપણું તો અંદરની અલૌકિક વીતરાગદશા છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ઉપરાંત વીતરાગી ચારિત્ર પ્રગટયું છે, ત્રણ પ્રકારના કષાયો છૂટી ગયા છે, આત્મા અતીન્દ્રિય આનંદની ઘણી દશામાં ઝુલે છે; દેહ ઉપર વસ્ત્રાદિની વૃત્તિ નથી, સંપૂર્ણ દિગંબર છે, જેઓ ઉદ્દિષ્ટ આહાર લેતા નથી, ક્ષણેક્ષણે જેમને નિર્વિકલ્પતા થયા કરે છે. આવા ભગવાન મોક્ષમાર્ગી મુનિવરો છે. અહો, એવા મુનિઓનાં ચરણમાં નમસ્કાર હોય. એ તો પંચપરમેષ્ઠીપદમાં બિરાજમાન ભગવાન છે.

અરે, મુનિદશાના મહિમાની જગતને ખબર નથી. સાધુ એ તો જગતમાં હાલતા–ચાલતા સિદ્ધ છે. અહા, આવા સાધુને કોણ ન માને? સાધુ તો પરમેષ્ઠી ભગવાન છે, એને કોણ ન ગમે? પણ આવા સાધુ ન દેખાય તેથી કાંઈ ગમે તેને સાધુ ન માની લેવાય. કુસાધુને સાધુ માનવાથી તો સાચા સાધુઓનો અનાદાર થઈ જાય છે. માટે સાધુ–મુનિરાજનું યથાર્થ સ્વરૂપ ઓળખીને ભક્તિ પૂર્વક તેમને માનવા જોઈએ.

રાગથી ભિન્ન ચૈતન્યવસ્તુ શું ચીજ છે–એના ભાન વગર એકલા શુભ–રાગથી આવું સાધુંપણુ થઈ જાય–એમ નથી. સાધુપણું તો સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રની ઘણી વીતરાગીદશામાં થાય છે. આવા સાધુપણા વગર મોક્ષ સધતો નથી.

## 卐 સોનાસણમાં ચૈતન્યસ્વાદની સોનેરી વાત 卐

તલોદથી સવારમાં જિનમંદિરમાં દર્શન કરીને સોનાસણ આવતાં વચ્ચે પ્રાંતિજ શહેરમાં જિનમંદિરમાં ભાવભાવહી જિનભગવંતોનાં દર્શન કર્યાં. અહીં જમીનમાંથી અનેક પ્રાચીન કળાસંપન્ન ખડ્ગાસન સુંદર જિનબિંબો નીકળ્યા છે, તેમની વીતરાગરસઝરતી મુદ્રા દર્શનીય છે. પ્રાતિજથી સોનાસણ આવ્યા. શાંત–ગ્રામ્ય વાતાવરણમાં ગુરુદેવ ઘણો સમય સ્વાધ્યાયમગ્ન રહેતા. પ્રવચનમાં સમયસારની ૯૭ મી ગાથા ઉપરનો કળશ ૫૭ મો વંચાયો હતો. અજ્ઞાનનો સ્વાદ અને જ્ઞાનનો સ્વાદ–એ બે વચ્ચે કેવો મોટો તફાવત છે તે એમાં સમજાવ્યું હતું.

જીવ પોતે જ્ઞાનસ્વરૂપ છે. પોતે જ્ઞાનસ્વરૂપ હોવા છતાં, જાણે કે રાગનો સ્વાદ એ જ પોતે હોય–એમ અજ્ઞાનથી જીવ પોતાને રાગરૂપે અનુભવે છે. ધર્મી તો જ્ઞાનવડે હંસની માફક વિવેક કરીને રાગથી ભિન્ન જ્ઞાનનો સ્વાદ લ્યે છે. આવો ચૈતન્યસ્વાદ લેનાર ધર્મી રાગાદિ કોઈ ભાવને કદી પોતાપણે કરતો નથી. રાગાદિને પોતના ચૈતન્ય ભાવથી તદ્દન જુદા જ જાણે છે.

અરે જીવ! ચૈતન્યસ્વાદવાળા તારા આત્માને જાણ્યા વિના અનંતકાળથી શુભ–અશુભ રાગના સ્વાદને જ પોતાનો માનીને તું ચારગતિમાં રખડયો. શુભરાગથી વ્રતાદિ કરીને, તે રાગને પોતાનું સ્વરૂપ માનીને, તેને ધર્મ માનીને પણ તું સંસારમાં જ રખડયો, સુખ તો લેશમાત્ર તું ન પામ્યો. રાગથી જુદી જાતના ચૈતન્યસ્વાદને જાણ્યાવગર સુખ કે ધર્મ થાય નહિ. અરે, ચૈતન્યની શાંતિ અને સુખનો સ્વાદ કેવી અચિંત્ય ચીજ છે–એ જીવ કદી લક્ષમાં લીધું ન હતું. જ્યાં જ્ઞાન થયું ને ચૈતન્યનો અત્યંત મધુર વીતરાગી શાંતરસ ચાખ્યો, ત્યાં ધર્મીને હવે રાગાદિનો વિકૃત સ્વાદ સ્વપ્ને પણ પોતાનો ભાસતો નથી. , એટલે તેનું જ્ઞાન રાગાદિનું કર્તા પણ નથી ને ભોક્તા પણ નથી; તેનું જ્ઞાન તો અત્યંત મધુર ચૈતન્યના આનંદરસને જ ભોગવનારું છે. આવા આનંદ ભોગવનારું સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે. એના વગર જીવને કદી સાચો આનંદ આવે નહિ. લાખો–કરોડોમાં કોઈકને પ્રાપ્ત થાય એવી દુર્લભ આ વસ્તુ છે. દુર્લભ છે–પણ છતાં જીવનો સ્વભાવ છે, જે જીવ કરવા ધારે તે કરી શકે છે. અત્યારે પણ એવા સ્વાદનું વેદન કરનારા જીવો છે.

જેમ શીખંડના રસમાં ગુદ્ધ થઈ ગયેલો લોલૂપી જીવ તે શીખંડમાં દહીંના ખાટા અને સાકરના મીઠા સ્વાદને જુદા જાણતો નથી, તેમ રાગના રસમાં લીન થયેલો

અજ્ઞાની જીવ ચૈતન્યના મીઠા–આનંદમય સ્વાદને, અને રાગના ખાટા–દુઃખમય સ્વાદને જુદા જાણતો નથી, રાગનો અનુભવ કરીને જાણે હું આત્માનો ચૈતન્યસ્વાદ ભોગવું છું એમ તે અજ્ઞાનથી માને છે તેવા અજ્ઞાનીને માટે પશુનો દાખલો આપીને આચાર્ય દેવ સમજાવે છે કે જેમ ચૂરમું અને ઘાસને ભેળા કરીને ખાનાર હાથી જેવા પશુને ચૂરમાના જુદા સ્વાદની ખબર નથી, તેમ અજ્ઞાનીને ચૈતન્ય તરફના આનંદવેદનની ખબર નથી, ને પુદ્ગલકર્મ તરફના રાગાદિ ભાવોના સ્વાદને જ તે પોતાનો સ્વાદ સમજીને વેદે છે. એવા અપ્રતિબુદ્ધ–અજ્ઞાનીને આચાર્યદેવ ભેદજ્ઞાન કરીને સમજાવે છે કે અરે દૂરાત્મા! અરે આત્મઘાતી! જેમ પરમ અવિવેકથી ખાનારા હાથી વગેરે પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાય છે, એવી રીતે ચૈતન્યના સુંદર– અનાકુળ સ્વાદને રાગ સાથે એકમેક કરીને અનુભવવાની કુબુદ્ધિને તું છોડ........ છોડ....! ભગવાને આત્માને પુદ્ગલથી તદ્ન ભિન્ન ઉપયોગસ્વરૂપ કહ્યો છે, જડ અને ચેતનને કદી એકપણું નથી, તેમ જ રાગને અને ઉપયોગને કદી એકપણું નથી. ‘ઉપયોગ’ એમ જાણે છે કે આ રાગ છે, હું તેને જાણનાર છું. રાગ હું નહિ, પણ રાગને જાણનાર, રાગથી જુદો હું છું. આ પ્રમાણે રાગથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્માને જાણીને, તેના આનંદનો સ્વાદ લઈને હે જીવ! તું આનંદિત થા..... સર્વ પ્રકારે પ્રસન્ન થા. આનંદમય સ્વદ્રવ્ય જ હું છું એમ ઉજ્જ્વળ ચિત્તવડે આત્માને અનુભવમાં લે. આવો અનુભવ એ જ મોક્ષમાર્ગ છે.

## 卐 નાના ઝીંઝવા ગામમાં ચૈતન્યની મોટી વાત 卐

[વૈશાખ સુદ ૧૧ સવારમાં સોનાસણથી દોઢ માઈલ દૂર ઝીંઝવા ગામે આવ્યા. નાના ગામમાં મોટું સ્વાગત થયું; આજનું મંગળ–પ્રવચન પણ મોટું હતું. જિનમંદિરમાં દર્શન બાદ મંગલાચરણમાં ગુરુદેવે પ્રથમ સમયસારની પહેલી ગાથા દ્વારા અનંત સિદ્ધ ભગવંતોને યાદ કરીને આત્મામાં સ્થાપ્યા. અહો, આવું શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં લેવું તે અપૂર્વ મંગળ છે. પછી બીજી ગાથા દ્વારા સ્વસમયનું સ્વરૂપ બતાવ્યું. પોતાની સમ્યક્ત્વાદિ નિર્મળ પર્યાયમાં સ્થિત જીવ, એટલે કે તે પર્યાયરૂપે પરિણમેલો જીવ સ્વસમય છે, ને સ્વસમયપણું તે મંગળ છે. એ સિવાય રાગાદિભાવોને પોતાનું સ્વરૂપ માનીને તેમાં જે સ્થિત છે તે પરસમય છે.

સ્વસમયરૂપી સ્વઘર, તેનાથી બહાર એવા રાગાદિભાવો તે તો પરઘર છે;

સ્વઘરને છોડીને તે પરઘરમાં જે ભમે તે તો બહારચલો કહેવાય. બાપુ! સ્વસમયપણું તે સુંદર છે, સુખરૂપ છે, તે તને શોભે છે. એવા સ્વસમયપણાની ઉત્પત્તિ રાગાદિ પરભાવના સેવનથી થાય નહિ. (ચાંપાનું દ્રષ્ટાંત) જેમ ચાંપા જેવો પુત્ર એની ખાનદાન માતાના પેટે જ પાકે, એ જયાં–ત્યાં ન પાકે; તેમ ચૈતન્યની આનંદ દશારૂપી ચાંપો, એ તે કાંઈ રાગના પેટમાં પાકતો હશે? –ના. રાગના સેવનથી ચૈતન્યના ચાંપા ન પાકે. રાગથી પાર પાર ચિદાનંદસ્વભાવ, તેની અંતર્મુખ પરિણતિની કુંખે જ ચૈતન્યના ચાંપા પાકે એટલે કે સમ્યગ્દર્શનાદિ થાય. આનું નામ અપૂર્વ માંગળિક છે.

ઝીંઝવામાં માંગળિક બાદ બપોરના પ્રવચનમાં સમયસારના પુણ્ય–પાપ અધિકારનો ૧૦૧ મો કળશ વંચાયો. તેમાં અશુભ કે શુભ એ બંનેથી જ્ઞાનની ભિન્નતા બતાવી. જેમ અશુભરાગ જ્ઞાનથી જુદી જાત છે, તેમ શુભરાગ પણ જ્ઞાનથી જાુદી જાત છે; શુભ ને અશુભ બંને રાગભાવો જ્ઞાનથી વિપરીત છે માટે તે બંને ભાવો અજ્ઞાનમય છે, જ્ઞાન સાથે તેનો મેળ નથી.

પુણ્ય–પાપને 'અજ્ઞાનમય' કહ્યા તેનો અર્થ શું? જેને પુણ્ય–પાપ થાય તે બધા અજ્ઞાની હોય–એમ એનો અર્થ નથી. પણ પુણ્ય–પાપના જેટલા ભાવો છે તે કોઈ ચૈતન્યની જાતમાંથી ઉત્પન્ન થયેલા નથી, ચૈતન્યના અબંધસ્વભાવથી તે બંધ ભાવો વિરુદ્ધ છે, માટે તે અજ્ઞાનમય છે. જ્ઞાની તેને પોતાની જ્ઞાનદશાથી ભિન્ન જાણે છે. વિભાવદશારૂપી ચાંડાલણી, તેના જ બંને પુત્રો છે; અશુભરાગ પણ વિભાવરૂપ ચાંડાલણીથી ઉત્પન્ન છે, તેમ શુભરાગ–પુણ્ય પણ વિભાવરૂપ ચાંડાલણીથી જ ઉત્પન્ન છે, શુભ કે પુણ્યની ઉત્પત્તિ કાંઈ ચૈતન્યમાંથી નથી થતી.

ભાઈ, તારા ચૈતન્યતત્ત્વને અનુભવતાં, શુભાશુભ બંને વગર પણ તને પરમ અતીન્દ્રિય આનંદ અનુભવાશે. શુભરાગ છૂટતાં તારા આત્મામાંથી કાંઈ ઘટી નહિ જાય, પણ જ્ઞાન પોતે રાગ વગરનું થઈને આનંદરૂપે ખીલી ઊઠશે. મોક્ષનો માર્ગ ચૈતન્યના અનુભવમાંથી પ્રગટે છે, રાગમાંથી નથી પ્રગટતો.

પાપ અને પુણ્ય બંને ભાવો જીવે અનંતવાર કર્યાં છે; પાપ અને પુણ્ય બંનેની જાત જુદી નથી, બંનેની એક જ જાત છે, બંને સંસારમાં જ કારણ છે, બંનેનો અનુભવ દુઃખરૂપ જ છે, બંનેની ઉત્પત્તિ પરાશ્રિત એવી વિભાવપરિણતિ માંથી થાય છે; જ્ઞાનથી તે બંનેની જાત જાુદી છે, માટે તે અજ્ઞાનમય છે. અનાદિથી તે પુણ્ય–પાપના અજ્ઞાનમય ભાવોરૂપે જ પોતાને અનુભવીને, જીવ પોતાના જ્ઞાન

સ્વભાવને ભૂલી ગયો છે, ને તેથી સંસારમાં સ્વર્ગ–નરકાદિ ગતિમાં રખડયો છે. તેને આચાર્યદેવ સમજાવે છે કે બાપુ! તારી ચૈતન્યચીજ તો પાપ અને પુણ્ય બંનેથી ભિન્ન છે. પુણ્ય–પાપ વગર આત્મા ચૈતન્યભાવથી જીવનાર છે. ધર્મી પુણ્ય–પાપથી ભિન્ન જ્ઞાનને અનુભવતા થકા આત્માના પરમઅમૃતને અનુભવે છે. –આવો અનુભવ કર્યે જ સમ્યગ્દર્શન થાય છે ને મોક્ષમાર્ગ ખૂલે છે.

અહો, જ્ઞાનના વેદનવડે એકવાર પુણ્ય–પાપ અને જ્ઞાનની વચ્ચે ભેદજ્ઞાનરૂપી વીજળી પડી, ને બંને જુદા પાડયા, તે હવે કદી એક થવાના નથી. પુણ્ય–પાપનો કોઈ અંશ કદી જ્ઞાનરૂપે ભાસવાનો નથી. જ્ઞાન તે રાગાદિથી છૂટું પડયું તે જ્ઞાનપણે જ જ્ઞાની પોતાને સદા અનુભવે છે. રાગ હોય પણ તે જ્ઞાનથી ભિન્નપણે છે, એકપણે નહિ; તે જ્ઞાનના જ્ઞેયપણે છે, જ્ઞાનના કાર્યપણે નથી; તે બંધની ધારામાં જાય છે, મોક્ષમાર્ગની ધારામાં તે નથી આવતો. અરે, આવા જ્ઞાનને એકવાર લક્ષમાં તો લ્યો.

ભાઈ, જગતની પ્રતિકૂળતા આડે તારા ચૈતન્યને ભૂલી ન જા. અજ્ઞાનથી તેં સંસારના જે દુઃખો ભોગવ્યા તેની પાસે જરાક પ્રતિકૂળતા શું હિસાબમાં છે? અજ્ઞાનથી અનંત જન્મ–મરણ કરવા પડયા, તે અજ્ઞાનનો હવે નાશ કર્યો ત્યાં આત્માનું જન્મ–મરણરહિત અમરપદ ભાસ્યું. હવે અમે અમર થયા, હવે સંસારનાં જન્મ–મરણ અમે નહિ કરીએ. (અબ હમ અમર ભયે, ન મરેંગે)

ગૃહસ્થાશ્રમમાં રહેલો જીવ પણ આવા આત્માની શ્રદ્ધા કરી શકે છે, ને તે જીવ મોક્ષમાર્ગી છે, તે પ્રશંસનીય છે. અને આત્માની શ્રદ્ધા વગરનો પંચમહાવ્રતી પણ મોક્ષમાર્ગી નથી, પુણ્ય કરવા છતાં તે સંસારમાર્ગમાં જ ઊભો છે. પુણ્ય કાંઈ મોક્ષમાર્ગ નથી. પુણ્ય–પાપથી પાર વીતરાગી ચૈતન્યતત્ત્વનાં શ્રદ્ધા–જ્ઞાન–આચરણ તે જ મોક્ષમાર્ગ છે. અરિહંતભગવંતોએ આવો મોક્ષમાર્ગ જૈનશાસનમાં ઉપદેશ્યો છે.

આવા ચૈતન્યતત્ત્વને ઓળખીને જેણે સમ્યગ્દર્શન કર્યું તેને અમુક કાળમાં ચારિત્રદશા પણ આવે–આવે ને આવે જ; પણ જેને આવું સમ્યગ્દર્શન ન હોય તેને ચારિત્રદશા કદી આવે નહિ. ચારિત્રદશા તો મહાન આનંદના ભોગવટારૂપ છે, રાગનો ભોગવટો એમાં નથી.

જ્ઞાન તો આનંદમાં તન્મય થઈને આનંદને જ ભોગવનારું હોય; રાગરૂપી ઝેરનો અનુભવ તેમાં ન હોય. અહો! આવા જ્ઞાનવંત ચિન્મૂર્તિ સમ્યગ્દ્રષ્ટિની દશા કોઈ અલૌકિક અટપટી છે. બહારમાં ભલે કદાચ સંયોગ નરકનો હોય, પણ અંદર

એના જ્ઞાનમાં ચૈતન્યસુખરસની ગટાગટી ચાલે છે; એનું જ્ઞાન તો સંયોગથી ને રાગથી પાર સુખરસમાં તરબોળપણે વર્તે છે. એ જ રીતે બહારમાં સ્વર્ગનો સંયોગ હોય તોપણ જ્ઞાનીનું જ્ઞાન તેનાથી અલિપ્ત છે. આવું પુણ્ય–પાપથી અલિપ્ત જ્ઞાન તે ધર્મ છે. જ્ઞાનથી વિરુદ્ધ એવો અશુભરાગ કે શુભરાગ તે બંને ખરાબ છે, બેમાંથી એક્કેય સારા નથી, એક્કેયમાં સુખ નથી, ને એક્કેય જીવને મોક્ષ માટે ઉપયોગી થતા નથી. માટે પુણ્ય–પાપ બંનેને સંસારનું કારણ જાણી, બંનેથી ભિન્ન એવા જ્ઞાનસ્વરૂપે પોતાને ઓળખવો–અનુભવવો તે ધર્મ છે, તે સંસારથી બચાવનાર ને મોક્ષ દેનાર છે.

## 卐 સમ્યગ્દ્ષ્ટિનું આત્મવેદન ::: જ્ઞાયકભાવની ઉપાસના 卐

વૈશાખ સુદ ૧૨ ના રોજ પૂ. ગુરુદેવ ઝીંઝવાથી હિંમતનગર પધાર્યા. ગુજરાતની જનતાએ હિંમતનગરમાં ઉમંગભર્યું ભવ્ય સ્વાગત કર્યું. પ્રથમ શહેરના જિનમંદિરમાં દર્શન કર્યાં, બાદ મહાવીરનગરના જિનમંદિરમાં દર્શન કર્યાં. મંદિર ઘણું ભવ્ય છે, નીચે મહાવીરાદિ ભગવંતો બિરાજે છે, ઉપર શાંતિનાથપ્રભુ કેવળજ્ઞાનસહિત પરમ અતીન્દ્રિય આનંદના વેદનમાં મશગુલ ઊભા છે–ને જગતને બતાવી રહ્યા છે કે આ રીતે જગતથી નિરપેક્ષપણે આત્મા અનુભવાય છે.

જિનમંદિરની પાસે જ સુંદર સ્વાધ્યાયમંદિર છે. તેમાં મંગલ–પ્રવચન કરતાં પ્રવચનસારની ગા. ૮૦–૮૨ યાદ કરીને કહ્યું કે અહા, અરિહંત ભગવંતો રાગથી અત્યંત ભિન્ન એકલા ચૈતન્યભાવે પરિણમી રહ્યા છે. આવા ચૈતન્યભાવરૂપ અરિહંત દેવના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખતાં પોતાના આત્માનું શુદ્ધચૈતન્યસ્વરૂપ પણ ઓળખાય છે, ને મોહનો નાશ થઈને સમ્યગ્દર્શનાદિ થાય છે. પછી શુદ્ધપયોગવડે તેમાં લીન થતાં રાગ–દ્વેષનો પણ ક્ષય થઈને, કેવળજ્ઞાન થાય છે. આ જ મોક્ષની રીત છે. બધાય તીર્થંકરો આ જ વિધિથી મોક્ષ પામ્યા છે, ને જગતને માટે આ જ ઉપદેશ કર્યો છે.

અરિહંત ભગવાને પોતાના આત્માને જેવો શુદ્ધ જાણ્યો છે ને અનુભવ્યો છે, તેવો જ આ આત્માનો શુદ્ધસ્વભાવ છે. આવો શુદ્ધ આત્મા કેવો છે તે જાણવાની જેને ધગશ છે તેવા શિષ્યને તેનું સ્વરૂપ આચાર્યદેવ આ સમયસારની છઠ્ઠી ગાથામાં બતાવે છે. આત્માને આનંદ આપે અને એના જન્મ–મરણના અંત આવે–એવી આ વાત સમજવા માટે અંદર ઘણી પાત્રતા હોય છે; અરે, એનું શ્રવણ કરવામાં પણ

કેટલી પાત્રતા જોઈએ! અહો! જેનું ફળ અનંત સુખ, એવી સમજણ કરવા માટે અપૂર્વ પાત્રતા જોઈએ.

અરે, સિંહ જેવું સિંહક પ્રાણી, તે પણ જ્યાં જાગે છે ને અંદર ઊતરે છે ત્યાં સમ્યગ્દર્શન પામી જાય છે. મહાવીરભગવાનનો જીવ પૂર્વે દશમાં ભવે સિંહ હતો. ઉપરથી મુનિઓ ઊતરીને તેની પાસે આવ્યા, ને ચૈતન્યનો ઉપદેશ દેતાં કહ્યું કે અરે આત્મા! તું દશમા ભવે જગતનો નાથ તીર્થંકર થવાનો છો. તરત સિંહના પરિણામ પલટી ગયા, જાતિસ્મરણ થયું, આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી, ને અંદર જ્ઞાયકભાવની વીણા એવી ઝણઝણી ઊઠી કે ત્યાં ને ત્યાં જ તે આત્મા સમ્યગ્દર્શન પામ્યો. પછી મુનિઓની અપાર ભક્તિ કરી, ને આત્માના અંદરના વેદનપૂર્વક આહાર છોડીને સંથારો કર્યો. સિંહનો આત્મા પણ આવું એક ક્ષણમાં કરી શકે છે; તેમ દરેક આત્મામાં આવી તાકાત છે. પાત્ર થઈને જે સમજવા માંગે તે ક્ષણમાં સમજીને સમ્યક્ત્વાદિ પામી શકે છે.

સમ્યગ્દર્શનમાં સ્વ–સ્વરૂપની સેવના છે; રાગનું સેવન તેમાં નથી. રાગના સેવન વડે સમ્યગ્દર્શન થાય નહિ, રાગથી પાર જ્ઞાયકસ્વભાવપણે આત્મા પોતે પોતાને જ્યારે સેવે છે ત્યારે તે સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપે પરિણમે છે, અને ત્યારે તે આત્માને 'શુદ્ધ' કહીએ છીએ. આવો જ્ઞાયક તો પહેલાં પણ હતો જ, તેની ખબર ન હતી, એટલે પોતાને અશુદ્ધપણે અનુભવતો હતો. હવે તેનું ભાન કરતાં શુદ્ધપણે તે અનુભવમાં આવ્યો. જ્ઞાયકભાવની આવી ઉપાસના સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે, અને આવી ઉપાસના તે જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. અખંડસ્વભાવની સન્મુખ થયા વિના તેના આનંદનો નમુનો આવો નહિ; અને આનંદના અંશના વેદન વગર 'આખો સ્વભાવ આવો આનંદરૂપ છે–આવો હું છું'–એવી અખંડસ્વભાવની સમ્યક્પ્રતીત થાય નહિ; હું શુદ્ધ છું' એમ એણે જાણ્યું ક્યાંથી? શુદ્ધ છું–એમ સ્વસન્મુખ થઈને જાણનારની તો દશા જ પલટી જાય છે.

જેમ લીંડીપીપરનો દાણો ભલે નાનો, પણ તેમાં તીખો રસ તો પૂરો ભર્યો છે; તેમ આ આત્માનું ક્ષેત્ર ભલે મર્યાદિત (અસંખ્યપ્રદેશી), પણ તેમાં જ્ઞાન ને આનંદનો સ્વભાવ તો પૂરો ભર્યો છે. તે સ્વભાવનો ભરોસો કરતાં પરમાંથી પરિણામની લીનતા છૂટીને સ્વમાં પરિણામ એકાગ્ર થાય છે ને અતીન્દ્રિય જ્ઞાન–આનંદરૂપ પોતે થઈ જાય છે. આવી દશારૂપે પરિણમેલા આત્માને 'શુદ્ધ' કહેવાય છે.

ભાઈ, આ વાત ઊંચી છે; ઊંચી છે પણ એવી છે કે જે સમજ્યે આત્માનું પરમહિત થાય. આત્માના હિતની વાત તો ઊંચી જ હોય ને! હલકી વાત એટલે કે રાગાદિ પરભાવની વાત તો અનંત વાર તેં સાંભળી, પણ એમાં તારું કાંઈ હિત ન થયું. તો હવે હિત થાય એવી આ તારા શુદ્ધતત્ત્વની રાગ વગરની ઊંચી વાત તું લક્ષમાં લે. સત્ય તો ઊંચુ જ હોય ને! તું પોતે ઊંચો છો–મહાન જ્ઞાનસ્વભાવ છો; તારા જ્ઞાનવડે તારો સ્વભાવ પ્રત્યક્ષ થઈ શકે તેવો તું છો. પોતાના મહાન સ્વભાવને પ્રત્યક્ષ અનુભવગોચર કરવાની આત્માની તાકાત છે. અનંત ચૈતન્યપ્રકાશનો પૂંજ આત્મા છે તેમાંથી ચૈતન્યકિરણ નીકળે છે;ચૈતન્યકિણરમાં રાગનાં અંધારાં ન હોય, આવા ચૈતન્યકિરણરૂપ થઈને જેણે પોતાને પરથી ભિન્ન એક જ્ઞાયકભાવરૂપે અનુભવ્યો તે જીવ ધર્મી છે; તેને શુદ્ધ કહીએ છીએ.

## નવા ગામમાં ચૈતન્યતત્ત્વની નવી વાત

પ્ર. વૈ. સુદ ૧૪ ના રોજ હિંમતનગરથી નજીકના નવા ગામે પધાર્યા; પાંચસો માણસોની વસ્તીનું નાનકડું ગામ, પણ સ્વાગતનો ઉલ્લાસ મોટો હતો. નાનકડા જિનાલયમાં ભગવાનનાં દર્શન કર્યાં. સ્વાગત કરતાં નવાના પ્રોફેસર શ્રી બચુભાઈએ કહ્યું કે આજે આ નવા ગામમાં આત્માની નવી વાત સાંભળવા મળશે તેથી અમારા ઉલ્લાસનો પાર નથી. વાત તો તીર્થંકર ભગવંતોએ કહેલી જુની છે, પણ અમારા માટે તે નવી છે. બીજી વિદ્યા તો ઘણી ભણ્યા ને ઘણી ડીગ્રી મેળવી, પણ હવે પૂ. ગુરુદેવ જે વીતરાગી વિદ્યા ભણાવે છે તેની એવી ડીગ્રી મેળવીએ કે જેથી ભવોભવનાં દુઃખોથી છૂટકારો થઈને આત્મા મુક્તિ પામે. ગ્રામ્યજનો પણ કુતૂહલપૂર્વક ચૈતન્યતત્ત્વનું શ્રવણ કરવા ઉમટયા હતા. ગુરુદેવ પધારતાં નાના ગામમાં પણ ધર્મનો મોટો મેળો ભરાતો હતો.

મંગલ–પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે જીવે અનાદિથી પોતાના સ્વરૂપનું વિસ્મરણ કર્યું છે અને પરદ્રવ્ય પોતાનાં માનીને તેની મમતાથી તેનું સ્મરણ કર્યું છે તેથી તે દુઃખી છે ને સંસારમાં રખડે છે. હવે રાગથી ભિન્ન આત્માનું સ્વરૂપ ઓળખીને તેનું સ્મરણ કરવું, ને પરભાવોનું વિસ્મરણ કરવું એટલે તેનાથી ભિન્નતા જાણીને તેની મમતા છોડાવી–એવા ભાવને ભગવાન મંગળ કહે છે.

અનુકૂળતામાં હોંશ ને પ્રતિકૂળતામાં ખેદ, એ બંનેથી પાર ચૈતન્યતત્ત્વ પોતે

કોણ છે તેને લક્ષમાં લઈને તેનું સ્મરણ કરવું તે મંગળ છે. આત્મા પોતે ચૈતન્ય લક્ષ્મીવાળો ભગવાન છે. પોતાનું ભગવાનપણું ભૂલીને જે સુખ માટે પરવસ્તુની ભીખ માંગે છે તે ભીખારી છે. મારા સુખ માટે મારે પૈસાની–ખોરાક વગેરેની જરૂર પડે એમ માનનાર જીવ ભીખારી છે. બાપુ! તારો આત્મા પુણ્ય–પાપ વગરનો સ્વયં આનંદસ્વરૂપ છે–તેનો સ્વાદ લેતાં તને પરમસુખ થશે. આવા આત્માને ઓળખતાં આનંદ મળે ને દુઃખ ટળે–તે જ મંગળ છે.

બપોરના પ્રવચનમાં સમયસારની ચોથી ગાથા દ્વારા ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિનું દુર્લભપણું સમજાવતાં કહ્યું કે, આ જીવે પૂર્વે અનાદિકાળથી રાગની જ કથા સાંભળી છે ને તેનો જ અનુભવ કર્યો છે; પણ પુણ્ય અને પાપ એ બંનેથી પાર એક ચૈતન્ય ચીજ અંદરમાં છે, તેની વાત પૂર્વે કદી પ્રેમથી સાંભળી નથી; અને એવા ચૈતન્યતત્ત્વનો ઉપદેશ કરનારા જ્ઞાની પણ જગતમાં બહુ વિરલ છે.

પાપ કરીને નરકમાં જીવ અનંતવાર ગયો, ને પુણ્ય કરીને સ્વર્ગમાં તો એનાથીયે વધુવાર ગયો;–પાપ અને પુણ્ય કરતાં તો જીવને આવડે છે; પણ તેમાં જીવનું કલ્યાણ જરાય ન થયું. પાપનો અશુભરાગ, કે પુણ્યનો શુભરાગ, એ બનેનું ફળ દુઃખ છે, સંસાર છે, તેમાંથી એકેયમાં શાંતિ નથી, કલ્યાણ નથી. તે બંનેથી જાુદી જાતનું ચૈતન્યતત્ત્વ છે તેની વાત જીવે કદી પૂર્વે ‘સાંભળી નથી.. ’

સાંભળી નથી–એમ કેમ કહ્યું? શબ્દો ભલે કાને પડયા, પણ અંદર એના ભાવમાં રાગથી છૂટા ચૈતન્યતત્ત્વનું ભાસન તેણે ન કર્યું, તો તેણે ચૈતન્યની વાત ખરેખર સાંભળી જ નથી. સાંભળ્યું ખરેખર ત્યારે કહેવાય કે અંદર તેવો ભાવ પોતામાં પ્રગટ કરે.

અહો, અરિહંતોએ આ આત્માને ‘ભગવાન’ કહીને સંબોધ્યો છે. ભગવાન્! તારો જ્ઞાનસ્વભાવ જગતમાં મહિમાવંત છે. આવા સ્વભાવને તું રાગમાં ભેળસેળ ન કર. રાગની જાતથી તારી ચૈતન્યજાત તદ્ન જાુદી છે. અરે, એકવાર આવા તત્ત્વને લક્ષમાં તો લે. એને લક્ષમાં લેતાં ભવથી તારા નીવેડા આવી જશે. બાકી ચૈતન્યના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપી દીવડા વગર, શુભરાગનાં એકલા ઘડાથી કાંઈ તારા આત્મામાં ધર્મના અજવાળા નહિ થાય રાગ નાશ થઈ જાય તોપણ તારો ચૈતન્યદીવડો ઝગમગ ટકી રહેશે. અને અંદર ચૈતન્યના દીવડા વગર એકલા રાગવડે તારું કાંઈ કલ્યાણ નહિ થાય. –આ રીતે જ્ઞાન અને રાગને ( દીવો અને ઘટની માફક ) અત્યંત ભિન્નતા છે.

અહા, રાગથી ભિન્ન ચૈતન્યની વાત કાને પડવી તે પણ મહાભાગ્યથી મળે છે. અને તે સાંભળીને તેનો જેણે પ્રેમ કર્યો ને અનુભવ કર્યો તે તો ન્યાલ થઈ જાય છે, ચૈતન્યના અપૂર્વ આનંદના અમૃત તેને પ્રગટે છે.

ભાઈ, પૂર્વે કદી સાંભળી નથી, જાણી નથી એટલે આ વાત તને નવી લાગે, પણ પૂર્વે અનંતા તીર્થંકરો આ વાત કહી ગયા છે, અનંતા જીવો આવું તત્ત્વ સાધીને મોક્ષ પામ્યા છે, તે જ આ વાત છે. અને આ સત્ય સમજયે જ જીવનું કલ્યાણ થાય છે. નવી કહો કે અનાદિથી કહો, –સત્ય આત્મસ્વરૂપની આ વાત છે, અને આ સમજ્યે જ જીવને ભવભ્રમણથી છૂટકારો થાય તેમ છે. માટે આ વાતનું બહુમાન લાવીને, લક્ષમાં લઈને સમજવા જેવી છે.

## 卐 પુણ્ય-પાપ બંનેથી પાર આત્માની ધર્મકથા 卐
## સંતોના અંતરના નાદની આ વાત છે.

પ્ર. વૈશાખ સુદ પુનમે ગુરુદેવે ચોરીવાડ પધાર્યા. ઉમંગભર્યું સ્વાગત થયું. અહીંનું જિનમંદિર સુંદર રળિયામણું છે; મૂળનાયક આદિનાથ ભગવાનની આસપાસ ધાતુના મોટા પટમાં ૨૪ ભગવંતો, તેમજ ૧૬ સ્વપ્નો વગેરેનું ભાવવાહી દશ્ય છે. ત્યાં દર્શન કર્યાં બાદ બાજુમાં જૈન પાઠશાળાનું ઉદ્ઘાટન ગુરુદેવના મંગલ હસ્તે થયું. જૈનબાળપોથીમાં ૐ કરીને ગુરુદેવે વીતરાગવિજ્ઞાન–પાઠશાળાનું ઉદ્ઘાટન કર્યું. બે–ત્રણ હજારની વસ્તીવાળા આવા ગામમાં પણ જૈનપાઠશાળા માટેનો ઉલ્લાસ ઘણો પ્રશંસનીય છે, ને બીજા મોટા ગામોને માટે અનુકરણીય છે. નાના ગામમાં પણ મોટા શહેર જેવી વિશાળ પ્રવચન–સભા થતી હતી, સેંકડો હરિજન ભાઈ–બહેનો પણ આવતા હતા. મંગલ–પ્રવચનમાં અનંતસિદ્ધોને યાદ કરીને નમસ્કાર કરતાં ગુરુદેવે કહ્યું કે આવા અનંતસિદ્ધોને જે જ્ઞાન લક્ષમાં લ્યે છે તે જ્ઞાન રાગથી છુટું પાડીને સ્વસન્મુખ થાય છે ને સિદ્ધ જેવા પોતાના આત્માને તે અનુભવે છે; તે અપૂર્વ મંગળ છે.

પ્રવચનમાં સમયસારની ૭૨મી ગાથા દ્વારા શુભ–અશુભ રાગથી ભિન્ન ભગવાન આત્મા કેવો છે તે સમજાવ્યું. શુભ–અશુભ એ તો બંને બંધનાં કારણ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા તે બંનેથી જુદો છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે–

**જે જે કારણ બંધનાં તેહ બંધના પંથ;**

**તે કારણ છેદક દશા મોક્ષપંથ ભવ-અંત.**

આત્મામાં પૂર્ણ જ્ઞાન ને આનંદસ્વભાવ ભરેલો છે; તે ઇષ્ટ છે. અને શુભ અશુભ રાગભાવો તેનાથી વિપરીત હોવાથી અનિષ્ટ છે–વેરી છે; તેને હણીને જેઓ સર્વજ્ઞ થયા તેઓ અરહિંત છે. તે અરિહંત ભગવાન જેવું આ આત્માનું શુદ્ધસ્વરૂપ છે. તે સદાય અત્યંત નિર્મળ છે અને રાગાદિભાવો મલિન છે, ચૈતન્યથી વિપરીત છે.–આમ ભેદજ્ઞાનવડે આત્માના સ્વભાવ અને પરભાવને જુદા જાણે ત્યારે તે જીવ પોતાને જ્ઞાનપણે જ અનુભવે છે ને રાગાદિ ભાવોને જુદા જાણીને તેનો કર્તા થતો નથી. આવા જ્ઞાનસ્વભાવના ભાન વગર અનંતકાળ જીવે સંસારના દુઃખમાં ગુમાવ્યો.

**વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભમાંય,**

**તેહ શુભાશુભ છેદતાં ઉપજે મોક્ષ સ્વભાવ.**

જીવ અનંતકાળથી સંસારમાં રખડયો, તે કેમ રખડયો ? શું એકલા પાપ કરીને રખડયો છે ? ના, પાપ અને પુણ્ય બંને કરીકરીને જીવ સંસારમાં રખડયો છે. સંસારમાં એકલાં પાપ જ કર્યાં છે ને પુણ્ય નથી કર્યાં–એમ નથી. પાપ અને પુણ્ય બન્ને કર્યાં છે, પણ તે પુણ્ય–પાપથી જુદી ચૈતન્યવસ્તુ પોતે કોણ છે તે કદી જાણ્યું નથી. એવા ચૈતન્યતત્ત્વને જાણે તો જાણે તો જીવ પુણ્ય–પાપરૂપ આસ્રવોથી છૂટો પડી જાય છે. અહા ! જ્યાં જ્ઞાન થયું કે હું તો જ્ઞાન છું, જ્ઞાન તો શાંતિસ્વરૂપ છે, ને આ રાગાદિભાવો જ્ઞાનથી વિપરીત છે, તેમાં આકુળતા છે;–એમ જ્યાં ભેદજ્ઞાન થયું કે તે ક્ષણે જ આત્મા તે રાગાદિથી ભિન્ન જ્ઞાનપણે પરિણમવા માંડે છે. તે જ્ઞાનમાં આસ્રવનો અભાવ છે.

ગુણગુણીભેદનો સૂક્ષ્મ વિકલ્પ તે પણ આસ્રવનું લક્ષણ છે, જ્ઞાનની જાતથી તે વિપરીત છે. વિકલ્પ હો તે જુદી વાત છે, પણ વિકલ્પને જ્ઞાનની જાતમાં ભેળવવો તે અજ્ઞાન છે, પોતાના શાંત–ચૈતન્યને તે ભૂલી જાય છે. જ્યારે આત્મા, પોતાના જ્ઞાનસ્વભાવને સમસ્ત રાગાદિભાવોથી જુદો જ્ઞાનમાં લ્યે છે ત્યારે તેના અંતરમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, શાંતિનું ઝરણું ઝરે છે. આવો અનુભવ કરવા માટેની આ ધર્મકથા છે.

આત્મા ચૈતન્યમય, સ્વયં પોતે પોતાને જાણે એવો છે. રાગ તો જડસ્વભાવી છે, તેને પોતાની ખબર નથી 'હું રાગ છું' 'આ રાગ છે' ને હું જ્ઞાન છું–એમ

જ્ઞાન જ જાણે છે. રાગાદિ આસ્રવોમાં ચેતકપણું નથી, તેથી તેને જડસ્વભાવ કહ્યા. જેમ જડ વસ્તુ પોતે પોતાને જાણતી નથી, બીજો તેને જાણે, તેમ રાગાદિ પોતે પોતાને જાણતા નથી, 'બીજો' તેને જાણે છે. બીજો એટલે રાગથી જુદો, એવો જ્ઞાનસ્વભાવી આત્મા સ્વ–પરને જાણે છે; રાગને જાણતાં પોતે રાગરૂપ થતો નથી, જ્ઞાનરૂપ જ રહીને રાગને જાણે છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખવો તે જ આસ્રવથી (સંસારથી) છૂટવાની રીત છે.

રાગની ઉત્પત્તિ ચૈતન્યભાવમાંથી થતી નથી. ચૈતન્યભાવમાંથી તો ચૈતન્યભાવ ઊપજે. રાગ વખતે રાગથી જુદો ચૈતન્યભગવાન બિરાજે છે; તેને લક્ષમાં લેનાર જીવ જ્ઞાનભાવને જ કરે છે, રાગને જ્ઞાનના કાર્યપણે તે કરતો નથી–આ જ્ઞાનીનું લક્ષણ છે. આવા જ્ઞાનસ્વરૂપે પોતાને અનુભવવો તે સીમંધરપરમાત્માનો સન્દેશ છે, કુંદકુંદચાર્યદેવ તે સન્દેશો વિદેહમાં જઈને અહીં લાવ્યા છે, તે જ અહીં કહેવાય છે. સંતોના અંતરના નાદની આ વાત છે.

અરે ભાઈ, વિકલ્પ તો ચૈતન્યની જાત નથી, અચેતન છે; તો શું તેના વડે તને ચૈતન્યનો અનુભવ થશે? વ્યવહારના જેટલા વિકલ્પો છે તે બધાય ચૈતન્યથી વિરુદ્ધ છે, તે વિરુદ્ધભાવવડે આત્માનું જ્ઞાન કેમ થાય? અચેતન–વિકલ્પમાં એવી તાકાત નથી કે તે સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદને પમાડે. શુભવિકલ્પ–રાગ ભલે દેવ–ગુરુ–શાસ્ત્ર તરફનો હો, પણ તે કાંઈ ચૈતન્યની સજાત નથી, તેના ફળમાં કાંઈ મુક્તિ કે ધર્મ ન મળે, તેના ફળમાં તો સંસાર મળે. ચૈતન્યની શાંતિનો સ્વાદ કોઈપણ રાગમાં નથી. શાંતિ અને આનંદનું ઝરણું તો ચૈતન્યસરોવરમાંથી વહે છે. –ભાઈ! એકવાર જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતાનો નિર્ણય તો કર...... તેમાં તને જ્ઞાનનો અદ્ભૂત સ્વાદ આવશે, ને તું ન્યાલ થઈ જઈશ.

રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને જીવ ત્યારે પોતાના અંતર્સ્વભાવમાં આવે છે ત્યારે તેને અપૂર્વ આનંદનું વેદન થાય છે; આ રીતે ભગવાન આત્માનો સ્વભાવ તો આનંદ ઉપજાવનાર છે; ને પરતરફની રાગવૃત્તિઓ તો દુઃખ ઉપજાવનારી છે. મંદરાગરૂપ શુભરાગ હો તે પણ દુઃખરૂપ જ છે, તે કાંઈ સુખનો ઉપાય નથી. તેનાથી સર્વથા જુદું જે ચૈતન્યતત્ત્વ છે તે પોતે સુખરૂપ છે, તેના સંગે કદી દુઃખની ઉત્પત્તિ થતી નથી. આ રીતે આત્માના સ્વભાવને અને રાગને તદ્ન ભિન્નતા છે. આવું ભેદજ્ઞાન તે જ આસ્રવને રોકવાનું સાધન છે. રાગની જરાય અપેક્ષા તેમાં નથી એટલે જ્ઞાનને રાગ સાથે જરાય કર્તાકર્મપણું, સાધન–સાધ્યપણું કે કારણ–કાર્યપણું નથી.

રાગથી જુદો પડીને આવા આત્મસ્વભાવને અનુભવમાં લીધો ત્યાં અનંતા ગુણોના નિર્મળપરિણમનો સ્વાદ એકસાથે આવ્યો. સમ્યગ્દર્શન થતાં એકલો શ્રદ્ધાગુણ જ નિર્મળ થયો–એમ નથી, અભેદ ચૈતન્યની અનુભૂતિમાં તેના બધા ગુણોનો સ્વાદ એકરસપણે વેદાય છે. એને શ્રીમદ્ રાજચંદ્રજીએ 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહ્યું છે. અહો, આત્માના અનંતગુણનો ગંભીર મહિમા સમ્યગ્દ્રષ્ટિને જ જણાય છે, ને જ્યાં આવા ગંભીર મહિમાવાળા પોતાના આત્માને અનુભવ્યો ત્યાં રાગાદિ સમસ્ત અન્ય ભાવોને, પોતાના સ્વભાવથી તદ્દન જુદા જાણે છે. આનું નામ ભેદજ્ઞાન છે, ને આ ધર્મ છે. ચૈતન્યનો આ ધર્મ પાપ–પુણ્ય બંનેથી પાર છે, ને આ જ મોક્ષનું કારણ છે.

## 卐 સમયસાર જ્ઞાન અને રાગ વેદનની અત્યંત ભિન્નતા દેખાડે છે. 卐

## 'સમયસાર' એટલે આનંદમય વિજ્ઞાનઘન આત્માને પ્રકાશનારું અજોડ જગતચક્ષુ

પ્ર. વૈશાખ વદ બીજે ચોરીવાડથી રણાસણ પધાર્યા. રણાસણ તદ્દન નાનું ગામડું; જ્યાં ત્રણ શિખરવાળું જિનમંદિર જાણે કે જિનનાથના રત્નત્રયમાર્ગને પ્રસિદ્ધ કરી રહ્યું છે. ગુરુદેવના પ્રતાપે અત્યારસુધીમાં જયાં–જ્યાં પંચકલ્યાણક થયા તેમાં સૌથી નાનું ગામ રણાસણ હશે. આવા નાના ગામમાં મહાન માંગલિક સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે અહો, આ ભગવાન સમયસાર અદ્વિતીય જગતચક્ષુ છે. શુદ્ધઆત્મા તે સમયસાર, અને તેને દેખાડનારું આ શાસ્ત્ર તે સમયસાર, એમ આત્મરૂપ અને શાસ્ત્રરૂપ બંને સમયસાર અદ્વિતીય જગતચક્ષુ છે, સ્વ–પરનું ભિન્ન–ભિન્ન સ્વરૂપ જેમ છે તેમ અદ્વિતીય–અતીન્દ્રિય ચૈતન્યનેત્ર જેને ખૂલ્યાં છે તે આત્મા પોતે સમયસાર છે, પોતાના સ્વભાવને પ્રકાશવામાં તેમજ જગતને જાણવામાં તે અદ્વિતીય ચક્ષુ છે; સ્વ–પરને સાક્ષાત્ જાણવાની એવી તાકાત જગતના બીજા કોઈ પદાર્થમાં નથી. આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ જાણે, ને જગતને પણ પ્રત્યક્ષજ્ઞાન વડે જાણે–એવો તેનો અદ્વિતીયસ્વભાવ છે; રાગમાં કે ઇન્દ્રિયજ્ઞાનમાં એવી તાકાત નથી. મનથી ને રાગથી પાર સ્વંસવેદ્ય આત્માને આ સમયસાર પ્રત્યક્ષ કરાવે છે. 'અહો, આત્માનો અચિંત્યવૈભવ આ સમયસારે દેખાડયો છે. ' 'સમયસાર' ના પક્ષી એટલે કે શુદ્ધાત્માના પક્ષરૂપી પાંખવાળા ધર્મી જીવો નિરાલંબી

જ્ઞાનગગનમાં ઊડે છે, એટલે રાગાદિનું અવલંબન છોડીને, આકાશ જેવા મહાન ચૈતન્ય ગગનમાં તેઓ આનંદનથી ઊડે છે, આત્માનું સ્વસંવેદન કરીને અલ્પકાળમાં મોક્ષ પામે છે. અને જેઓ સમયસાર વિપક્ષી છે –શુદ્ધઆત્માનો પક્ષ તોડીને રાગનો પક્ષ કરનારા છે તેઓ સંસારની ચારગતિમાં ઝૂલે છે. અહો, ચૈતન્યનો પક્ષ કર્યો તેને રાગનો પક્ષ છૂટીને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. આવા અદ્વિતીય–જગતચક્ષુ શુદ્ધ આત્માનું લક્ષ કરવું, તેનું સ્મરણ કરવું તે મંગળ છે.

પ્રવચનમાં સમયસારની ૭૪મી ગાથા વંચાણી; તેમાં ભેદજ્ઞાન થતાંવેંત જીવ આસ્રવોથી નિવૃત્ત થઈ જાય છે–તે સમજાવું. ભેદજ્ઞાન શુદ્ધાત્મામાં વળેલું છે તે રાગાદિના અભાવરૂપ જ છે. શુદ્ધ આત્માના અનુભવરૂપ જ્ઞાન, અને રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, તેને કાળભેદ નથી. શુદ્ધાત્માના અનુભવરૂપ જે જ્ઞાન છે તે પોતે આસ્રવોથી છુટું પડેલું છે, તેથી તેને ભાવભેદ નથી તેમ કાળભેદ પણ નથી.

ભેદજ્ઞાન થાય ને તેમાં આસ્રવનો (પુણ્ય–પાપનો) અભાવ ન થાય એમ બને નહિ. પુણ્ય–પાપમાં તન્મયપણે વર્તે તેને ભેદજ્ઞાન કહેવાય નહિ, તે તો અજ્ઞાન છે. જે ભેદજ્ઞાન છે તે તો જ્ઞાનમય છે, તેમાં રાગાદિ કોઈ ભાવો નથી.

જ્ઞાન અત્યારે કરે ને જીવને શાંતિ પછી થાય–એમ નથી. જ્ઞાન થયું તે જ ક્ષણે અપૂર્વ ચૈતન્યશાંતિ ભેગી જ થઈ, ને આકુળતાથી જ્ઞાન છુટું પડી ગયું. આત્મા અને રાગ, એ બંનેનો સ્વાદ તદ્દ્ન જાુદો ધર્મી જાણે છે. ચૈતન્યનો શાંતરસ ચાખ્યો તે જીવ કષાયના રસને પોતામાં ભેળવે નહિ. કષાયો (પછી અશુભ હોય કે શુભ, પાપ હો કે પુણ્ય) તે ચૈતન્યથી વિરુદ્ધ જાત છે એટલે શાંતિના ઘાતક છે, ચૈતન્યની સાથે તેને મેળ નથી. –આમ અત્યંત ભિન્નતા જાણનાર જીવને સમ્યક્પ્રકારે આસ્રવોથી નિવૃત્તિ થઈ જાય છે.

જેમ લાખ તે ઝાડનો સ્વભાવ નથી પણ ઝાડની ઘાતક છે, તેમ રાગાદિભાવો ચૈતન્યનો સ્વભાવ નથી પણ તેના ઘાતક છે; જેમ વાઈનો રોગ ઘડીકમાં એકદમ ચડે ને પાછો મંદ પડી જાય, તેમાં સ્થિરતા હોતી નથી; તેમ પુણ્ય–પાપના ભાવો તે ચૈતન્યનો સ્થિર ભાવ નથી, તે તો વાઈના વેગ જેવા છે; કોઈવાર શુભ, કોઈવાર અશુભ, કોઈવાર તીવ્રવેગ, કોઈવાર મંદતા, એમ તે રાગાદિભાવો અસ્થિર અધ્રુવ છે. ચૈતન્યભાવ સદા નિરાકુળ શાંતરસપણે ધ્રુવ રહે છે. આત્મા ચૈતન્ય ચૈતન્ય–ચૈતન્ય એમ સદા ચૈતન્યપણે ધ્રુવ રહે છે, ચૈતન્ય મટીને તે અન્યથા થતો નથી. આ રીતે વાઈના

રોગ જેવા આસ્રવોથી ચૈતન્યની ભિન્નતા છે. કોઈપણ કષાયનો વેગ જીવ સાથે ટકી શકે નહિ. ક્ષણમાં પલટી જાય એવો તેનો અધ્રુવસ્વભાવ છે. ચૈતન્યપણે જીવ સદાય ટકે એવો તેનો સ્વભાવ છે. કોઈ જીવ ચોવીસ કલાક એકધારો ક્રોધ ન કરી શકે, કેમકે ક્રોધ તેનો સ્વભાવ નથી, અને ચોવીસ કલાક શાંતિ રાખવા માંગે તો રાખી શકે, કેમકે શાંતિ તેનો સ્વભાવ છે. ગમે તેવો ક્રોધી જીવ ચોવીસ કલાક ક્રોધમાં નહિ રહી શકે, તે ક્ષણમાં પલટી જશે. એ જ રીતે શુભરાગમાં પણ સદા ટકી નહિ શકે, ક્ષણમાં તે પલટી જશે. આ રીતે આસ્રવો જીવસ્વભાવથી જુદા છે. ચૈતન્યભાવ કે જે આસ્રવ વગરનો છે, પુણ્ય–પાપ વગરનો છે, તે જીવ છે; તે પોતે સુખરૂપ છે, સ્થિર છે, શરણરૂપ છે.

અહા, એકવાર આવી ભિન્નતા ઓળખે તે જીવ કર્મોના આસ્રવથી છૂટો પડી જાય, ને અતીન્દ્રિય આનંદના વેદન સહિત વિજ્ઞાનઘન થઈ જાય.

ઘડીકમાં પૂજા–ભક્તિ–દાનના શુભ પરિણામ હોય, ને પછી અશુભ થઈ જાય, ત્યાં અજ્ઞાનીને એમ લાગે કે અરે, મારા શુભભાવ ચાલ્યા ગયા! પણ ભાઈ! શુભભાવ તારા સ્વભાવ હતા જ ક્યાં? તારો સ્વભાવ તો રાગ વગરનો ચેતન છે, તે ક્યાંય ચાલ્યો ગયો નથી. તે ચેતનસ્વભાવપણે તું પોતાને દેખ.

એ જ રીતે અશુભ–પાપભાવ હોય ને તે પલટીને શુભરાગ થાય ત્યાં અજ્ઞાનીને એમ લાગે કે અહો! મેં ઘણું કર્યુ, પણ અરે ભાઈ! તે શુભ પણ ક્યાં તારો સ્વભાવ છે? જેમ પાપ તારો સ્વભાવ નથી તેમ પુણ્ય તારો સ્વભાવ નથી; પાપ ને પુણ્ય બંનેથી પાર તારો ચેતનસ્વભાવ છે; તે સ્વભાવના અનુભવ વડે જ આસ્રવથી છૂટી શકાય છે. જ્ઞાનનું વેદન થયું તે જ ક્ષણે વિકારનું વેદન છૂટી ગયું જ્ઞાનના વેદનમાં વિકારનું વેદન હોઈ શકે નહિ.

ચૈતન્યનો ધ્રુવસ્વભાવ તે સિંધુ છે, ને તેની ચૈતન્યપરિણતિ તે બિંદુ છે. સિંધુ પણ તું ને બિંદુ પણ તું, –સિંધુ અને બિંદુ અને ચૈતન્યભાવરૂપ છે, તેમાં એકકેયમાં કષાય–રાગ સમાય નહિ. બિંદુપણ સિંધુની જાતનું છે, વિરુદ્ધ નથી. ચૈતન્યસમુદ્ર આત્મા, તેનું બિંદુ નાનામાં નાનો અંશ પણ ચૈતન્યરૂપ જ છે. ચૈતન્યનો અંશ રાગ ન હોય. આ રીતે ચૈતન્યજાતને પરભાવોથી જુદી અનુવભતાં, આત્મા અને આસ્રવ છૂટા પડી જાય છે. કર્મના વાદળાં વીંખાઈ જાય છે ને ચૈતન્યસૂર્ય જ્ઞાનપ્રકાશથી ખીલી ઊઠે છે. ત્યાં આત્માને પોતાને ખબર પડે છે કે આત્માની પરિણતિ આસ્રવોથી છૂટી ગઈ ને શાંત ચૈતન્યભાવરૂપ થઈ. આવા શાંતસ્વભાવરૂપ આખો

આત્મા છે, ને રાગાદિનો મારામાં અભાવ છે–આવું સમ્યક્ ભેદજ્ઞાન તે સંસારથી છૂટવાનો ને મોક્ષની પ્રાપ્તિનો માર્ગ છે.

## 卐 રણાસણથી રમોસ 卐

રણાસણ બે દિવસ રહ્યા; તેમાં બીજા દિવસનું બપોરનું પ્રવચન રણાસણથી બે માઈલ દૂર રમોસ ગામે થયું. ગુરુદેવ રમોસ પધારતાં ત્યાંના મુમુક્ષુઓ પ્રસન્ન થયા, અને ઉમળકાભેર સ્વાગત કર્યું. પ્રવચન સાંભળવા માટે સેંકડોની સંખ્યામાં ગ્રામજનતા ઉમટી હતી. પ્રવચનમાં ( સ. ગા. ૭૪ દ્વારા ) દેહથી ને રાગથી ભિન્ન આત્માનું સ્વરૂપ ગ્રામ્યશૈલીથી સમજાવતાં ગુરુદેવે કહ્યું કે જેમ શ્રીફળમાં ઉપરનાં છાલાં, કાચલી અને અંદરની છાલ ત્રણેથી જુદું સફેદ–મીઠું ટોપરું છે; તેમ બહારનું શરીર, જડકર્મો અને અંદરના શુભાશુભ રાગભાવો–એ ત્રણેથી જુદો ચૈતન્યસ્વરૂપ–આનંદસ્વરૂપ આત્મા છે. એવા આત્માનું ભાન કરવું તે ધર્મ છે.

ચૈતન્ય પોતે સ્વભાવથી આનંદસ્વરૂપ છે, દુઃખ તેમાં નથી. પણ તેની ખબર વગર રાગનો જ અનુભવ કરીકરીને અનાદિથી જીવ દુઃખી થાય છે. એ રીતે રાગાદિ તો દુઃખનાં કારણ છે. આ રીતે અંદર વિચાર કરીને બંનેના જુદાપણાનો નિર્ણય કરવો જોઈએ.

આહા, હું તો આનંદનો સમુદ્ર છું. અસંખ્યપ્રદેશી મારા ચૈતન્યક્ષેત્રમાં તો આનંદનાં પાક પાકે છે. રાગના–કષાયના પાક પાકે એવું મારું ચૈતન્યક્ષેત્ર નથી. રાગમાંથી ચૈતન્યશાંતિ ન આવે. જેમ ચાંપો તો એની ખાનદાન માની કુંખે પાકે; તેમ ચૈતન્યના આનંદરૂપી ચાંપો તો આત્માના સ્વભાવની કુંખે પાકે, એ રાગમાં ને પુણ્યમાં ન પાકે. આવા આત્માના સ્વભાવને રાગથી ને શરીરથી જુદો ઓળખવો જોઈએ. આ મનુષ્યદેહ તો ક્ષણમાં ફૂ થઈને ઊડી જશે, તેમાં દેહથી ભિન્ન આત્માની ઓળખાણના સંસ્કાર પાડવા જોઈએ.

**[પ્રવચન બાદ પુનઃ રણાસણ આવ્યા. ને પ્ર. વૈશાખ વદ ચોથની વહેલી સવારમાં પ્રસ્થાન કરીને ફત્તેપુર પધાર્યા....... ને જૈનધર્મની ફત્તેહથી ફત્તેપરુ નગરી ગાજી ઊઠી.]**

# 卐 ચૈતન્યરસનું મધુર ઝરણું 卐

( ફત્તેપુર–પ્રવચનોમાંથી દોહન: પૃ. ૮ થી ચાલુ )

卐

એકાકારપણે અજ્ઞાનપણે વર્તે છે તેને ‘હું શુદ્ધ જ્ઞાયક છું’ એમ કહેવાનો અધિકાર નથી કેમકે શુદ્ધતત્ત્વ તેના જ્ઞાનનું જ્ઞેય થયું જ નથી. જાણ્યા વગર શ્રદ્ધા કોની? જેનું જ્ઞાન કષાયચક્રથી છૂટું પડીને, જ્ઞાયકભાવને એકને લક્ષગત કરીને શુદ્ધરૂપે પરિણમ્યું છે, એટલે જ્ઞાયકભાવની જેણે ઉપાસના કરી છે તેને જ ‘હું શુદ્ધ છું’ એવો અનુભવ અને જ્ઞાન–શ્રદ્ધા સાચાં છે. તેણે અંતર્મુખ થઈને શુદ્ધઆત્માને સ્વજ્ઞેય બનાવ્યો છે. સમયસાર ગા. ૧૭–૧૮ માં પણ આ રીતે જીવ–રાજાને સાધવાની રીત બતાવી છે.

૩૧卐 અહા, સમયસારમાં તો ચૈતન્યના અનુભવના ગંભીર ભાવો ભર્યા છે, એની એક ગાથાનો ભાવ પણ બરાબર સમજે તો સમ્યગ્જ્ઞાન અને આત્મ–અનુભવ થઈ જાય છે. આ તો વિજ્ઞાનઘન આનંદમય આત્માને દેખવા માટેનું અદ્વિતીય જગતચક્ષુ છે. ભગવાન કુંદકુંદાચાર્યે આ સમયસાર રચીને ભરતક્ષેત્રના જીવો ઉપર તીર્થંકર જેવો ઉપકાર કર્યો છે, ને અમૃતચંદ્ર સ્વામીએ તેના ભાવો ખોલીને ગણધરદેવ જેવો ઉપકાર કર્યો છે. ‘એમણે તો શુદ્ધાત્માના અનુભવરૂપ નિજવૈભવનો નમૂનો આપ્યો છે.... ન્યાલ કર્યા છે. ’

૩૨卐 અહો, રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ, તેમાં જે જીવો પ્રર્વતન કરે છે તેઓ મોક્ષને પામે છે તે મોક્ષમાર્ગ એટલે આત્માની શુદ્ધતા, તે દ્રવ્યમાં એકાગ્રતા અનુસાર થાય છે. આત્મદ્રવ્ય શું છે તેની જેને શ્રદ્ધા હોય તેને જ તેમાં એકાગ્રતા વડે શુદ્ધતા થાય; ને વ્યવહારઆચરણ તે શુદ્ધતાઅનુસાર હોય–એવો મેળ છે. શુદ્ધતા વગરના એકલા વ્યવહાર આચરણનો શુભરાગ તેને કાંઈ શ્રાવકનાં વ્રત કહેવાય નહિ, એ તો અજ્ઞાનીનાં બાલવ્રત છે. શુદ્ધતાસહિતનાં વ્યવહારઆચરણને જ વ્રત કહેવાય. તે વ્રતાચરણ અંદરની તે પ્રકારની શુદ્ધતાને પ્રસિદ્ધ કરે છે કે આ જીવને આટલા રાગના અભાવરૂપ શુદ્ધતા થઈ છે. ( પ્રવચનસારના ચરણાનુયોગના પ્રારંભમાં એ વાત કરી છે. )

૩૩卐 સમ્યગ્દર્શન ભૂમિકાઅનુસાર અશુભપરિણામ વખતે પણ રાગવગરની શુદ્ધ પરિણતિ વર્તી જ રહી છે. બહારમાં નારકીકૃત દુઃખ વખતે 'પણ ચૈતન્ય પરિણતિની શાંતિ તેને વર્તે જ છે, તે પરિણતિ તો આનંદરસની ગટાગટી કરે છે. તેમ જ બહારમાં ઇન્દ્રપદના વૈભવવિલાસ હોવા છતાં ધર્મીની ચૈતન્યપરિણતિ તે તેનાથી છૂટી જ વર્તે છે. રાગ અને જ્ઞાનચેતના એક કાળે વર્તે છે પણ તે બન્નેનું કાર્ય ભિન્ન છે, બન્નેની જાત જાુદી છે, તેથી ભિન્નતાને જે ઓળખે તેને સમકિતીની સાચી ઓળખાણ થાય, ને ભેદજ્ઞાન થાય.

૩૪卐 અહો, ભગવાન આદિનાથે જે ધર્મતીર્થ પ્રવર્તાવ્યું તે તીર્થંકર મોક્ષમાર્ગ જેઓ નથી સાધતા, ને અન્ય કુમાર્ગમાં પ્રવર્તે છે તેઓ દીર્ધ સંસારમાં રખડે છે નિર્મોહી–સમ્યગ્દૃષ્ટિ તે તો મોક્ષમાર્ગમાં છે એટલે પ્રશંસનીય છે; પણ મોહવાન મિથ્યાદૃષ્ટિ જીવ પંચમહાવ્રત પાળે તોપણ મોક્ષમાર્ગ નથી. તેથી તે પ્રશંસનીય નથી. સમ્યગ્દર્શન વગર કદી મોક્ષમાર્ગ થતો નથી.

૩૫ 卐 મોક્ષમાર્ગરૂપ રત્નત્રયધર્મ છે, ને મુનિઓને સર્વદેશ હોય છે ને ગૃહી–શ્રાવકોને એકદેશ હોય છે. ચૈતન્યના આનંદમાં ઝુલનારા જૈન મુનિઓ નિર્ગ્રંથ દિગંબર હોય છે ને અંદર રત્નત્રયધર્મ વર્તે છે. ત્રણ કષાયનો અભાવ છે. અવ્રત સમ્યગ્દૃષ્ટિને વ્રતાદિ ન હોવા છતાં ઇન્દ્ર પણ તેની પ્રશંસા કરે છે કે વાહ! ચૈતન્યદૃષ્ટિધારક ધર્માત્મા ! તું મોક્ષના માર્ગમાં છો. મુનિઓ તો મોક્ષના માર્ગમાં છે, તું પણ મોક્ષના પંથમાં છો. તારો અવતાર ધન્ય છે.... તારો આત્મા કૃતકૃત્ય છે–એમ કહીને કુંદકુંદસ્વામીએ પણ અષ્ટાપાહુડમાં સમ્યગ્દૃષ્ટિ શ્રાવકની પ્રશંસા કરી છે.

સમ્યગ્દર્શન સહિત અવ્રતી શ્રાવક પણ આવો પ્રશંસનીય છે તો પછી રત્નત્રય સહિત મુનિરાજના મહિમાની તો શી વાત ! એ તો પંચપરમેષ્ઠી ભગવાનની પંક્તિમાં બિરાજે છે.

૩૬卐 શુદ્ધઆત્માને અહીં 'જ્ઞાયકભાવ' કહીને વર્ણવ્યો છે. એકવાર એકાંતમા જ્ઞાયક ભાવનો વિચાર કરતાં કરતાં ગુરુદેવે શાસ્ત્રના કેટલાક બોલની નોંધ કરેલી, તે બધા બોલ જ્ઞાયકરૂપ શુદ્ધઆત્માના વાચક છે. તે નોંધ નીચે મુજબ છે–

૧. નિજ કારણ પરમાત્મા ૨. શુદ્ધ આત્મા ૩. કારણ શુદ્ધજીવ

૪. ચૈતન્ય ચમત્કારમાત્ર ૫. કારણ સમયસાર ૬. શુદ્ધદ્રવ્ય

| | | |
|---|---|---|
| ૭. પરમપારિણામિકભાવ | ૮. ભગવાન જ્ઞાનસ્વભાવ | ૯. પરમભાવ |
| ૧૦. ભગવાન જ્ઞાતા દ્રવ્ય | ૧૧. પરમ તત્ત્વ | ૧૨.ચિત્તશક્તિમાત્ર ભાવ |
| ૧૩. જીવતત્ત્વ | ૧૪. પંચમભાવ | ૧૫. આત્મતત્ત્વ |
| ૧૬. સહજ જ્ઞાનશરીર | ૧૭. શુદ્ધભાવ | ૧૮. નિજદ્રવ્ય |
| ૧૯. જ્ઞાયકભાવ | ૨૦. શુદ્ધતત્ત્વ | ૨૧. સ્વદ્રવ્ય |
| ૨૨. નિર્વિકલ્પતત્ત્વ | ૨૩. અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ | ૨૪. અભેદ તત્ત્વ |
| ૨૫. સ્વભાવ ભાવ | ૨૬. નિત્ય તત્ત્વ | ૨૭. કારણઆત્મા |
| ૨૮. ધ્રુવતત્ત્વ | ૨૯. સામાન્ય | ૩૦. શુદ્ધજ્ઞાનચેતના |
| ૩૧. આનંદધામ | ૩૨. નિજપદ | ૩૩. ઉપયોગ |

–આવા બીજા અનેક વિશેષણો દ્વારા સંતોએ શુદ્ધઆત્મા દેખાડયો છે.

૩૭卐 'જ્ઞાયક' કહેતાં કાંઈ તેમાં પરજ્ઞેયની ઉપાધિ નથી; પરજ્ઞેયને કારણે આને જ્ઞાયકપણું છે–એમ નથી. પોતે પોતાના સ્વરૂપથી જ જ્ઞાયક છે. પરજ્ઞેયને જાણવાથી કાંઈ તેને અશુદ્ધતા નથી, કેમકે પોતે તો જ્ઞાયકપણે જ રહીને જાણે છે. પરને જાણે ને પોતાના સ્વરૂપને જ પ્રકાશે ત્યારે પણ તેને સ્વયં જ્ઞાયકપણું જ છે. આ રીતે આત્મા સ્વભાવથી જ જ્ઞાયકભાવપણે પ્રકાશે છે. જ્ઞાન રાગને જાણે તોપણ પોતે રાગરૂપ અશુદ્ધ થઈ જતું નથી.

૩૮卐 જ્ઞાયકતત્ત્વ રાગથી પાર પરમસૂક્ષ્મ તત્ત્વ છે, છતાં તે એવું નથી કે તેને જાણી જ ન શકાય. રાગના અવલંબન વગર પોતે પોતાના સ્વરૂપને સ્પષ્ટ–પ્રત્યક્ષ અનુભવમાં લ્યે એવી આત્માની તાકાત છે. અનંતા સંતો ભેદજ્ઞાનવડે આત્માને અનુભવીને મોક્ષમાં પધાર્યા છે.

૩૯卐 જ્ઞાયકઆત્મા જ્યારે અંતર્મુખ થઈને પોતે પોતાના સ્વરૂપને જ સ્વસંવેદનપણે પ્રકાશે છે ત્યારે છે ત્યારે પોતે જ જ્ઞાતા ને પોતે જ જ્ઞેય, એ રીતે જ્ઞાતારૂપ કર્તા ને જ્ઞેય રૂપ કર્મ એ બંનેનું એકપણું છે, જ્ઞાયક પોતે જ પોતાને પ્રકાશે છે, તેમાં વચ્ચે રાગની અપેક્ષા નથી. રાગને જાણતી વખતે પણ કાંઈ રાગને કારણે જ્ઞાયકપણું ન હતું, જ્ઞાયક પોતે પોતાથી જ જ્ઞાયક હતો, જેમ સ્વને પ્રકાશતી વખતે રાગ વગર પોતે પોતાથી જ જ્ઞાયક છે, તેમ રાગાદિ પરજ્ઞેયને પ્રકાશવાના કાળે પણ પોતે તો રાગથી જુદો જ્ઞાયકભાવપણે જપ્રકાશે છે, રાગકૃત અશુદ્ધતા કાંઈ જ્ઞાનમાં નથી.

રાગ પોતે અશુદ્ધ છે, પણ રાગને જાણનારું જ્ઞાન કાંઈ અશુદ્ધ નથી, એ તો જ્ઞાનનું સ્વ–પર–પ્રકાશક સામર્થ્ય જ પ્રકાશે છે.

૪૦卐 અહો, આવું જુંદું ને જુદું જ્ઞાયકતત્ત્વ શુદ્ધ છે તેને લક્ષમાં તો લ્યો. જ્ઞાતા પોતે, જ્ઞાન પોતે, જ્ઞેય પણ પોતે; જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેયરૂપ એક જ્ઞાનમાત્ર શુદ્ધભાવ હું છું– એમ ધર્મી અનુભવે છે. જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમવા છતાં જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેય ત્રણ ભેદરૂપી ધર્મી પોતાને નથી અનુભવતો; હું પોતે જ્ઞાન, મારું સ્વતત્ત્વ જ મારું જ્ઞેય, હું પોતે જાણનાર જ્ઞાતા–આવા જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાનની એકતારૂપ મારી ચૈતન્યલીલા છે. દ્રવ્યથી–ક્ષેત્રથી–કાળથી કે ભાવથી ખંડ–ભેદ કર્યા વગર સુવિશુદ્ધ એક ચૈતન્ય માત્રરૂપે હું મને અનુભવું છું. તેમાં બીજા કોઈની અપેક્ષા નથી. અહો, આવા ચૈતન્યનો નિર્ણય પણ રાગની અપેક્ષાથી પાર છે. આવો નિર્ણય અને અનુભવ કરનાર જીવને આત્મામાં અતીન્દ્રિય આનંદસહિત મોક્ષના ભણકાર આવી જાય છે. –આવી દશાનું નામ ધર્મ છે.

૪૧卐 ધર્મ એટલે આત્માના આનંદનો સ્વાદ. ધર્મીનું જ્ઞાન સ્વતત્તાને અવલંબતું થકું મોક્ષને સાધે છે, પરસત્તાના અવલંબનને તે મોક્ષનું સાધન માનતા નથી. પરસત્તાના અવલંબને થયેલો કોઈપણ ભાવ મોક્ષનું સાધન થાય નહિ. ધર્મીને ભૂમિકાઅનુસાર પરાવલંબન હોય પણ તેને મોક્ષનું કારણ ન માને, તે વખતે જેટલો સ્વાલંબી વીતરાગભાવ છે તેટલું જ મોક્ષનું કારણ છે. પરાવલંબી કોઈપણ ભાવને જે ઉપાદેય માને કે મોક્ષનું કારણ માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે.

૪૨卐 વાહ રે વાહ! આ તો ફત્તેપુરના આંગણે ચૈતન્યના અમૃત વરસી રહ્યા છે. વીતરાગી સંતોએ પંચમકાળમાં પણ ચૈતન્યના અમૃત વરસાવ્યા છે. જે સમજતાં ચૈતન્યની **ફત્તેહ** થાય ને આનંદના **પૂર** આવે–એવી આ વાત છે.

૪૩卐 અરે જીવ! તું તો આત્મજ્ઞાન ન કર્યું, ને બીજા આત્મજ્ઞાની જીવોની સેવા કેમ કરવી–તે પણ તને ન આવડયું, તેથી શુદ્ધાત્માની પ્રાપ્તિ પૂર્વે કદી તને ન થઈ.

૪૪卐 જ્ઞાનીએ કેવો આત્મા અનુભવ્યો છે–એને લક્ષમાં લઈને તું પણ એવો અનુભવ કર તો જ જ્ઞાનીની ખરી ઉપાસના થાય, અને શુદ્ધાત્માની પણ ઉપાસના થાય.

૪૫卐 કોઈ ભક્તિના એકલા શુભરાગથી એમ માને કે હું જ્ઞાનીની સેવા કરું છું, તો એને ખરી સેવા કહેતા નથી; કેમકે ‘જ્ઞાની કેવા છે એને તો તું ઓળખતો નથી તો તેં સેવા કોની કરી ?

૪૬卐 જો જ્ઞાનીને ઓળખે તો રાગથી જાુદો આત્મા લક્ષમાં આવી જ જાય. એકલા રાગવડે જ્ઞાનીનીસાચી સેવા થાય નહિ. જેવો જ્ઞાનીનો ભાવ છે તેવો જ્ઞાનભાવ ( સ + એવ ) પોતામાં પ્રગટ કરવો તે જ્ઞાનીની સાચી સેવા છે.

૪૭卐 શુદ્ધદ્રવ્યની દ્રષ્ટિમાં પર્યાય ‘ગૌણ’ છે. પર્યાયનો કાંઈ અભાવ નથી. શુદ્ધ–અશુદ્ધભાવો છે તે પણ આત્માની પર્યાયના ધર્મ છે. પણ આત્માને શુદ્ધસ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે ત્યારે રાગાદિ અશુદ્ધતાથી જાુદો એકરૂપ ચૈતન્યભાવ દેખાય છે, પર્યાયના ભેદ તેમાં દેખાતા નથી.

૪૮卐 અહા, આવા આત્માને સાધવો તે તો પ્રભુનો માર્ગ છે. વીતરાગ ભગવંતોએ સાધેલો આ માર્ગ છે: ‘હરિનો મારગ છે શૂરાનો’ આત્માના જ્ઞાન વડે મોહાદિને હરે તે હરિ છે. આવા હરિનો મારગ તે તો શૂરવીરોનો મારગ છે; એ કાંઈ રાગવડે સાધી શકતો નથી.

૪૯卐 અનંત ગુણના સ્વાદથી ભરેલા એક જ્ઞાયકભાવને અનુભવનાર જીવ, તે જ્ઞાયક એક સ્વભાવની દ્રષ્ટિમાં ‘હું જ્ઞાન છું, હું દર્શન છું, હું ચારિત્ર છું, ’ એવા ભેદ વિકલ્પને કરતો નથી. એક આત્મામાં ત્રણ ભેદના વિકલ્પ તે જ્ઞાનીનું કાર્ય નથી. ગુણભેદના વિકલ્પથી પાર જ્ઞાયકતત્ત્વપણે ધર્મી પોતાને અનુભવે છે, તે અનુભવમાં ચૈતન્યના અનંતગુણનો અભેદ સ્વાદ છે.

૫૦卐 અભેદ સમજાવવા માટે ભેદ પાડયા પણ લક્ષ તો અભેદનું જ હતું. ભેદના વિકલ્પમાં અટકતા આત્માનું સાચું સ્વરૂપ અનુભવમાં આવતું નથી. ધર્મી શિષ્ય ગુણભેદના વિકલ્પથી પણ છૂટો પડીને, એક શુદ્ધ જ્ઞાયકભાવપણે પોતાને દેખે છે. આવું સ્વરૂપ દેખનાર જીવ તે જ ખરો પંડિત છે. તેની અભેદદ્રષ્ટિમાં ગુણભેદનું કર્તૃત્વ નથી, માટે ભેદનો અભાવ કહ્યો છે.

૫૧卐 ભેદને દેખતાં વિકલ્પ ઊઠે છે, ને વિકલ્પનું કર્તૃત્વ અજ્ઞાનમાં છે; માટે જ્ઞાનીને તેનો અભાવ કહ્યો છે. જ્ઞાન–દર્શન–ચારિત્રની નિર્મળ પરિણતિ તો ધર્મીને છે, તેનો કાંઈ અભાવ નથી; અભેદ આત્માની અનુભૂતિમાં કે ગુણભેદ ગૌણ થઈ જાય છે, ભેદનું લક્ષ રહેતુ નથી.

૫૨卐 એક અભેદતત્ત્વની અનુભૂતિમાં બધા ધર્મો સમાઈ જાય છે. આ રીતે અનંત ધર્મોવાળા એક ધર્મીપણે જ્ઞાની પોતાને અનુભવે છે. જેમા પોતાના અનંતા ધર્મો એટલે

કે નિર્મળ ગુણ–પર્યાયો સમાયેલા છે એવો એક ધર્મી, તેને અહીં જ્ઞાયકભાવ કહીને ઓળખાવ્યો છે.

૫૩卐 આવા જ્ઞાયકભાવને જે શિષ્ય હજી સમજયો નથી પણ સમજવાનો જિજ્ઞાસુ થઈને ‘નિકટવર્તી’ થયો છે; અંદર પોતાના સ્વભાવની નીકટ થયો છે, ને બહારમાં શ્રીગુરુ પાસે નીકટ આવ્યો છે, આમ ભાવે અને દ્રવ્યે બંને રીતે શિષ્ય નીકટ વર્તી થયો છે; એવા શિષ્યને અભેદતત્ત્વ સમજાવતાં વચ્ચે ભેદનો વિકલ્પ આવી જાય છે, પણ જોર અભેદતત્ત્વ તરફ છે; તે અનુસાર શિષ્ય પણ સમજી જાય છે કે જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદ કહ્યા તે માત્ર વ્યવહારથી છે, પરમાર્થ એક તત્ત્વના અનુભવમાં તે ભેદના વિકલ્પ નથી.

૫૪卐 ભેદના વિકલ્પનું અવલંબન કાંઈ અંતરના અનુભવનું સાધન થતું નથી. વિકલ્પને ઓળંગીને સીધા અભેદના અવલંબનવડે નિર્વિકલ્પ આનંદસહિત આત્મા અનુભવાય છે. આવો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે, તે મોક્ષનું કર્ણધાર છે.

૫૫卐 ભાઈ, આ સમ્યગ્દર્શનરૂપી કર્ણધાર (નાવીક) વગર તારી નૌકાને મોક્ષમાં કોણ લઈ જશે? સમ્યગ્દર્શન વગર તો તારી નૌકા સંસારસમુદ્રમાં હાલકડોલક થયા કરશે. માટે પ્રથમ જ્ઞાનીઓએ જેવો કહ્યો તેવા આત્માને લક્ષમાં લઈને સમ્યગ્દર્શન કર...... તે સમ્યગ્દર્શન તારી નૌકાને ભવસમુદ્રથી પાર કરશે.

૫૬卐 રાગના એક વિકલ્પનેય મોક્ષનું કારણ માને તે કાંઈ નાની ભૂલ નથી, એ તો મોક્ષમાર્ગની મોટી ચોરી છે. જેમ રાજાના અંતઃપુરમાં પ્રવેશીને ચોરી કરે તે રાજનો મોટો ચોર છે; તેમ સર્વજ્ઞદેવના વીતરાગમાર્ગરૂપી જે દરબાર, તેને અનાદાર કરીને જે જીવ રાગથી ધર્મ માને છે તે ચૈતન્યદરબારનો ચોર છે. તે મિથ્યાત્વરૂપ ચોરીનું ફળ અનંત સંસારદુઃખ છે. ને તેની સામે ચૈતન્યતત્ત્વને રાગથી ભિન્ન અનુભવમાં લેતાં સમ્યગ્દર્શનાદિ થાય છે તે મહા મોક્ષસુખનું દેનાર છે.

૫૭卐 આવું સમ્યગ્દર્શન લાખો–કરોડો જીવોમાં કોઈકને થાય છે. આવું વિરલ હોવા છતાં અનંતા જીવો સમ્યગ્દર્શન કરી કરીને મોક્ષ પામ્યા છે. તે સમ્યગ્દર્શન કેમ થાય? સમ્યગ્દર્શન થતાં આત્મા કેવો અનુભવાય–તેનું આ વર્ણન છે.

૫૮卐 ચૈતન્યના અમૃતનું આ ઝરણું છે. ચૈતન્યનો સમુદ્ર ઉલ્લસીને તેમાંથી આ રત્નો નીકળ્યા છે, ભાગ્યવાન જીવ તે પ્રાપ્ત કરે છે.

૫૯卐 એક આત્મામાં ધર્મો અનંત છે, તે બધા ધર્મો ભિન્નભિન્ન સ્વાદવાળા–ભિન્ન–ભિન્ન લક્ષવાળા છે; અભેદ એક આત્માની અનુભૂતિમાં બધા ધર્મોનો સ્વાદ કિંચિત એકમેક અનુભવાય છે. અભેદ આત્માની અનુભૂતિમાં આત્માના બધાય ધર્મો સમાઈ જાય છે. ત્યાં કોઈ ભેદ રહેતા નથી કે 'આ જ્ઞાન, આ દર્શન, આ આનંદ. ' માટે જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદ જ્ઞાનીને નથી. સમ્યગ્દર્શન આવા આત્માની અનુભૂતિ છે.

૬૦卐 અહા, જ્યાં આત્માની આવી અનુભૂતિ થઈ ને જ્ઞાન સર્વે વિકલ્પોથી છૂટું થઈને પરિણમ્યું, ત્યાં બારઅંગ વગેરેનું જાણપણું હો કે ન હો. એવો કોઈ નિયમ નથી કે સમ્યગ્દ્રષ્ટિને બારઅંગનું જ્ઞાન હોયજ. આખોય જ્ઞાનનો પિંડ પોતે જ છે–તે જ્યાં અનુભવમાં આવી ગયો ત્યાં શાસ્ત્રજ્ઞાનના વિકલ્પો તો ક્યાંય રહી ગયા.

૬૧卐 એકલા શાસ્ત્રનું ભણતર કરતાં કરતાં અનુભૂતિ થઈ જાય–એમ નથી. શાસ્ત્રોમાં સંતોએ જે સ્વભાવ કહ્યો છે તે સ્વભાવની સન્મુખ થઈને જેણે અનુભવ કર્યો તે જીવ તરી ગયો, અંતરમાં ભગવાનના ભેટા એને થઈ ગયા. સાચી આત્મવિદ્યા તેને આવડી ગઈ.

૬૨卐 અહા, આવા અનુભવની તો શી વાત! અનુભવની આવી વાત સાંભળવા મળવી તે પણ કોઈ મહાન ભાગ્ય છે. અરે જીવ! સંતો તને ભગવાન કહીને બોલાવે છે. તારું સ્વરૂપ ભગવાન એટલે મહિમાવંત છે–કે જેની સન્મુખ થતાં અનંતગુણનો સમુદ્ર આનંદના હીલોળે ચડે છે.

૬૩卐 આવા આનંદની અનુભૂતિમાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વગેરે કોઈ ભેદના વિકલ્પો નથી. જ્ઞાની પોતાના જ્ઞાનભાવમાં વિકલ્પને આવતા દેતા નથી એટલે વિકલ્પ સાથે તેને કર્તા–કર્મપણું નથી. ભાઈ, તારા ઉપયોગની દિશાને એકવાર આવા સ્વભાવ તરફ ફેરવી નાંખ.

૬૪卐 'ચાંપો' વિકારના દ્રશ્યને દેખી ન શક્યો ને આંખ ફેરવી નાંખી. –એની મા શરમાઈને બળી ગઈ. તે દ્રષ્ટાંતે અહીં ચૈતન્યરૂપી ચાંપો, વિકાર તરફની દ્રષ્ટિ ફેરવીને પોતાના સ્વભાવની સન્મુખ થાય છે. પણ આવી વીતરાગદશારૂપી ચાંપા રાગાદિ વિકારમાં ન પાકે, એ તો ચૈતન્યના સ્વભાવના સેવનથી જ પાકે. ચાંપા જયાં–ત્યાં ન પાકે એ તો એની ખાનદાન માતાની કુંખે જ પાકે. તીર્થંકર તો એની માતાની કુંખે જ અવતરે, એવી માતા કાંઈ ઘરેઘરે ન હોય. તેમ પુણ્યમાં ને ભેદના વિકલ્પમાં

કાંઈ ચૈતન્યદશાના ચાંપા ન પાકે, એ તો ચિદાનન્દ એકરૂપ સ્વભાવના સેવનથી જ પાકે. અભેદ આત્મસ્વભાવમાં દ્રષ્ટિ કરે ને સમ્યક્ત્વરૂપ આનંદપુત્રનો અવતાર ન થાય એમ બને નહિ. આવી દ્રષ્ટિ વગર શુભરાગના બીજા લાખ–કરોડ–અનંત ઉપાય કરે તોપણ સમ્યગ્દર્શન થાય નહિ.

૬૫卐 સમ્યગ્દ્રષ્ટિ–ગૃહસ્થ–શ્રાવક અંતરમાં આત્માની ઉપાસના વડે આનંદનો સ્વાદ લ્યે. છે; પણ તે ભૂમિકામાં હજી રાગ બાકી છે, તેથી વ્યવહારમાં દેવ–ગુરુની પૂજા ઉપાસના દાન–સ્વાધ્યાય વગેરે હોય છે. પણ તેમાં જે રાગ છે તેને તે ધર્મી પોતાના ચૈતન્યભાવમાં જરાય આવવા દેતો નથી.; રાગને અને ચૈતન્યભાવને જુદે જુદા રાખે છે.

૬૬卐 નવા ગ્રૈવેયક સુધીના ભોગ જેનાથી મળે એવા પુણ્ય જીવે અનંતવાર કર્યાં, પણ રાગના જ વેદનમાં ઊભો રહ્યો એટલે બહિરાત્મા જ રહ્યો, તેથી કિંચિત સુખ તે ન પામ્યો, મંદ રાગ પણ કાંઈ સુખ નથી, રાગમાત્ર દુઃખ જ છે. સુખ રાગથી ભિન્ન ચૈતન્યની શાંતિમાં જ છે. ચૈતન્યના અનુભવ વિના એ સુખ કદી પ્રગટે નહિ.

૬૭卐 અહા, સમ્યગ્દ્રષ્ટિને ‘ઇષત સિદ્ધ’ નાનકડા સિદ્ધ કહ્યા છે. મુનિ તો પંચપરમેષ્ઠીમાં ભળી ગયા–એના મહિમાની તો શી વાત! પણ સમ્યગ્દ્રષ્ટિ અવ્રતીનેય ‘ઇષત સિદ્ધ’ (નો સિદ્ધ) કહીને સિદ્ધભગવંતોની નાતમાં લીધા છે. અમૃતચંદ્રાચાર્યે તત્ત્વાર્થ સારમાં એ વાત કરી છે. (શ્લોક ૨૩૪) નોસિદ્ધ એટલે ઈષત્ સિદ્ધ અર્થાત્ નાનકડા સિદ્ધ. સમ્યગ્દર્શન થતાં જીવ અલ્પકાળમાં સિદ્ધપદ પામે છે.

૬૮卐 વૈશાખ સુદ બીજની સવારમાં, બીજ અને પૂનમની વચ્ચે બેઠેલા ગુરુદેવે અત્યંત ધીર–ગંભીર ધ્વનિથી મંગળ સંભળાવતાં કહ્યું કે– (સમયસારની પહેલી ગાથા): આ અપૂર્વ મંગળદ્વારા સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યો છે. અનંત સિદ્ધ ભગવંતોને લક્ષમાં લઈને તેમનું સન્માન કરતાં, બહુમાન કરતાં તેમને આત્મામાં સ્થાપીને નમસ્કાર કરતાં, રાગથી હટીને પોતાના શુદ્ધઆત્મા ઉપર લક્ષ જાય છે, એટલે સ્વસન્મુખતા થતાં ભેદજ્ઞાનરૂપી બીજ ઊગે છે, અને પછી તેમાં એકાગ્રતા વડે કેવળજ્ઞાનની પૂર્ણિમાં ઊગે છે. આ રીતે બીજ ઊગીને આત્મા પૂર્ણતાને પામે તે અપૂર્વ મંગળ છે.

(વૈશાખ સુદ બીજનું પ્રવચન આ અંકમાં જુદું આપ્યું છે.)

૬૯卐 જે ભેદજ્ઞાન છે તે આસ્રવોથી નિવૃત્ત છે, એટલે શું? શું ત્યાં રાગ થતો જ નહિ હોય? એમ નથી; રાગાદિ થાય છતાં જ્ઞાન તેનાથી જાુદું ને જાુદું જ રહે છે. જ્ઞાન જ્ઞાનપણે જ રહે છે, ને આસ્રવના કોઈ અંશને પોતામાં આવવા દેતું નથી. માટે તે જ્ઞાન આસ્રવોથી છૂટેલું જ છે.

૭૦卐 જ્ઞાન કદી રાગાદિભાવોમાં પોતાપણે વર્તે નહિ, ને રાગાદિમાં જે પોતાપણે વર્તે તેને જ્ઞાન કહેવાય નહિ.

૭૧卐 રાગનો કોઈ અંશ જેને ગમે છે તેને જ્ઞાનનો પ્રેમ નથી અને તેનું જ્ઞાન રાગથી છૂટયું નથી. રાગ અને જ્ઞાન વચ્ચે અત્યંત જાુદાઈ જે જાણે છે તે જ્ઞાન સદા જ્ઞાનપણે વર્તે છે, રાગમાં કદી તન્મય થતું નથી.

૭૨卐 સંસારમાં સંસરણરૂપ જે ક્રિયા છે તે ક્રિયા પરમધર્મના ફળમાં મળતી નથી, માટે 'પરમધર્મ' નિષ્ફળ છે. અજ્ઞાનીની અજ્ઞાનક્રિયા સફળ છે, કેમકે તેના ફળમાં સંસાર પરિભ્રમણ થાય છે. (પ્રવચનસાર ગા. ૧૧૬)

૭૩卐 આત્મજ્ઞાન વીતરાગી છે, તેના ફળમાં મોક્ષસુખ અને પરમઆનંદ પ્રગટે છે, તે અપેક્ષાએ તે સફળ છે. અને અજ્ઞાનીની શુભક્રિયાઓ કદી મોક્ષફળ આપતી નથી માટે તે નિષ્ફળ છે.

૭૪卐 રાગની રુચિવાળાને જ્ઞાનનો વીતરાગી સ્વાદ આવતો નથી. જેમ ભમરો ફૂલની સુગંધ લેવા ગયો પણ નાકમાં દુર્ગંધની ગોળી રાખીને ગયો, તેને ફૂલની સુગંધ ક્યાંથી આવે? તેમ જીવ ધર્મ કરવા માંગે છે, સુખી થવા માંગે છે, પોતાના અંતરમાં તે સુખ ભર્યું છે, પણ અંતરમાં રાગની ને પુણ્યની રુચિ રાખીને સુખનો સ્વાદ આવી શકે નહિ. એકવાર જ્ઞાનમાંથી બધા રાગની રુચિ કાઢી નાંખ, જ્ઞાનથી રાગને સર્વથા જાુદો પાડ, તો જ જ્ઞાનના અતીન્દ્રિયસુખનો સ્વાદ તને આવશે.

૭૫卐 રાગથી ભિન્ન ચૈતન્યના સ્વાદ વગરનો જીવ નવમી ગ્રૈવેયક સુધી જાય કે નિગોદમાં હોય–તે બધા જીવો રાગાદિનો જ સ્વાદ લઈ રહ્યા છે; રાગથી ભિન્ન ચૈતન્ય તત્ત્વને જે જાણતો નથી એને રાગ વગરના સુખનો સ્વાદ ક્યાંથી આવે?

૭૬卐 પુણ્ય કરીને અજ્ઞાની જીવ વિમાનવાસી દેવ થાય તોપણ તેથી કાંઈ તે સુખી થઈ જતો નથી, સમ્યગ્દર્શન વગર ત્યાં પણ તે દુઃખી જ છે. છહઢાળમાં કહ્યું છે કે–

## જો વિમાનવાસી હૂ થાય, સમ્યક્દર્શન બિન દુઃખ પાય;
## તહૅતેં ચય એકેન્દ્રિ તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ.

સમ્યગ્દર્શન વગર ભવપરિભ્રમણનો કદી અંત ન આવે.

૭૭卐 સમ્યગ્દર્શન શું છે? અને તે કેમ થાય? તેનો અફર મંત્ર સમયસારની ૧૧મી ગાથામાં આચાર્યદેવે બતાવ્યો છે. (અહો! આ ગાથાના પ્રવચન દ્વારા ગુરુદેવ સમ્યક્ત્વનું જે સ્વરૂપ ખોલી રહ્યા છે તે સમજતાં અત્યારે જ સમ્યગ્દર્શન પામી જવાય તેવું છે. અત્યારે તો ધર્મનો કાળ છે, ધર્મની પ્રાપ્તિનો અવસર છે.)

૭૮卐 અરે, ચૈતન્યતત્ત્વના ભૂતાર્થસ્વભાવમાં અચેતનતા કેવી? તેમાં રાગનો વિકલ્પ કેવો? ચૈતન્યતત્ત્વ પાસે રાગનું કામ કરાવવું–એ તો તેને મારી નાંખવા જેવું છે. ભાઈ, ચૈતન્યના સ્વભાવમાં રાગાદિભાવો છે જ ક્યાં, કે તે રાગનો કર્તા થાય? આવા સ્વભાવની અનુભૂતિ–જ્ઞાન–શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

૭૯卐 શુદ્ધનયને આત્મા કહ્યો છે, કેમકે તે શુદ્ધનયની પરિણતિ રાગથી જુદી પડીને અંદરના ભૂતાર્થસ્વભાવમાં એકમાં અભેદ થઈ છે. ધર્મીને દ્રવ્ય–પર્યાય બંનેનું સાચું જ્ઞાન છે, પણ પર્યાયના ભેદનો આશ્રય તેને નથી.

૮૦卐 અહા, આવા આત્માના લક્ષ વગરનું જીવન નિરર્થક છે. જૈનશાસન આવા આત્માના અનુભવમાં સમાય છે.

કોઈ કહે–પર્યાયમાં અશુદ્ધતા છે ને!

તો કહે છે કે ભાઈ, અશુદ્ધતા છે તેની તો ખબર છે, પણ એ જ વખતે અશુદ્ધતાથી પાર જે ચૈતન્યસ્વભાવ પણ સત્યપણે વિદ્યમાન છે, તે સ્વભાવની સન્મુખ થઈને જો તો તને તારો આત્મા શુદ્ધ દેખાશે; ત્યાં પર્યાયમાં પણ એકલી અશુદ્ધતા નહિ રહે; ભૂતાર્થનો અનુભવ કરનારી પર્યાય પણ રાગથી છૂટી પડીને શુદ્ધ થશે–એટલે કે સમ્યગ્દર્શનાદિ થશે. સમ્યગ્દર્શન સાથે મહા આનંદ થાય છે, આત્મામાં મોક્ષની છાપ લાગી જાય છે.

૮૧卐 હે ગુરુદેવ! અમને જિનમાર્ગમાં લેવા માટે, અને અમને સમ્યક્ત્વ દેવા માટે જ આપનો વિદેહથી અહીં અવતાર થયો છે........ આપના જન્મને અમે અમારા

સમ્યક્ત્વનો જ જન્મ માનીએ છીએ. તેથી એ જન્મોત્સવ ઉજવતાં આત્મા સાચા આનંદથી ઉલ્લસિત થાય છે.

૮૨卐 આપના પ્રતાપે અનેક જીવોના અંતરમાં ધર્મની પરિણતિ જાગી રહી છે, ને બહારમાં પણ ધર્મપ્રભાવનાના એક–એકથી ચડિયાતા પ્રસંગો બન્યા કરે છે. એ રીતે આપના દ્વારા અંતર્ અને બાહ્ય બંને રીતે સદૈવ વૃદ્ધિગત થઈ રહેલી તીર્થભાવના જ્યારે તેની ઉત્કૃષ્ટ પરકાષ્ટાએ પહોંચશે ત્યારે અમે આપને બદલે એક તીર્થંકર પરમાત્માને સાક્ષાત્ દેખીશું..... અને સાથે દેખીશું ગણધરાદિ સમસ્ત વૈભવને! એ વખતનો આપનો આત્મવૈભવ અને આપનો ધર્મપરિવાર કોઈ અજબ–ગજબના હશે.

૮૩卐 જેમના પ્રતાપે જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણક ઉજવવાનું સુભાગ્ય મળ્યું, અને જેમની ૮૩ મી જન્મજયંતિનો મંગલ ઉત્સવ પણ આનંદપૂર્વક અપૂર્વ ભાવથી ઊજવ્યો, તે મંગલકારી ગુરુદેવના ચૈતન્યબગીચામાંથી ચૂંટેલા આ ૮૩ પુષ્પોની મંગલમાળા આત્મધર્મના જિજ્ઞાસુઓને ધર્મપ્રેમસહિત સમર્પણ કરું છું. બંધુઓ, આ પુષ્પમાળાની સુંગધ તમારા ચૈતન્યરસને પુષ્ટ કરશે, તેના ભાવોના ઘોલન વડે તમને ભેદજ્ઞાન થશે..... અને ત્યારે આનંદના કોઈ અપૂર્વ ભાવસહિત દેવ ગુરુ પ્રત્યે શ્રદ્ધાંજલિ નીકળશે. એવા ભાવે ગુરુદેવ પ્રત્યે આ માળા દ્વારા મંગળ અંજલિ અર્પણ કરું છું. –બ્ર હરિલાલ જૈન

## * તે કોણ ? *

રૂડો–રૂપાળો છે, ને વળી ધનવાન છે.... છતાં પ્રશંસનીય નથી..... તે કોણ ?

કાળો કુબડો–ઠુંઠો છે, લંગડો ને વળી ગરીબ છે.... છતાં પ્રશંસનીય છે..... તે કોણ ?

તત્ત્વજ્ઞાનતરંગિણીમાં શ્રી જ્ઞાનભૂખણ ભટ્ટારક તેનો ઉત્તર આપે છે કે– જે મનુષ્ય શુદ્ધચિદ્રૂપની ચિંતામાં અનુરકત છે તે, ભલે કદાચ કાળો કૂબડો હોય, કાનબટ્ટો હોય, આંધળો હોય, ઠીંગણો હોય, ખુંધો હોય, નાકકટ્ટો હોય, કર્કશ અવાજવાળો હોય, ઠુંઠો હોય, તોતડો હોય, લંગડો હોય, ધનરહિત ગરીબ હોય, મંદબુદ્ધિ હોય, બહેરો હોય, કોઢિયો હોય, –ગમે તેવો હોય તો પણ ઉત્તમ જ્ઞાનીઓ વડે શુદ્ધચિદ્રૂપના ચિંતનવાળો તે મનુષ્ય પ્રશંસનીય છે; શુદ્ધચિદ્રૂપના ચિંતન વગરનો પણ બીજો જીવ ભલે રૂડો–રૂપાળો–ધનવાન ને બુદ્ધિમાન હોય તો પણ જ્ઞાનીઓ તેને પ્રશંસનીય કહેતા નથી.

( તત્ત્વજ્ઞાન તરંગિણી ૨–૧૧ )

# "ઊગી છે મારે આનંદની બીજ"

## ( ફત્તેપુર: વૈશાખ સુદ બીજનું પ્રવચન )

આ ૭૨ મી ગાથામાં આત્માને ભગવાન કહ્યો છે. જ્ઞાનસ્વરૂપી આત્મા છે તે ભગવાન છે, અને રાગાદિ ભાવો તેનાથી જુદા છે. આવા ભેદજ્ઞાનવડે આત્મા આસ્રવોથી છૂટે છે. એટલે જ્ઞાનવડે જ આસ્રવ રોકાય છે. આવું જ્ઞાન તે મંગળ છે.

આવું ભેદજ્ઞાન થતાં અંતરમાંથી અતીન્દ્રિય આનંદનો કણ આવે છે. ને અખંડ જ્ઞાનસમુદ્ર પોતે આનંદના તરંગરૂપે ઉલ્લસે છે. આનંદના ઝૂલામાં ઝૂલનારા સંત કુંદકુંદાચાર્યદેવ આ સમયસારમાં કહે છે કે ભાઈ! તારો ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા તો અત્યંત પવિત્ર છે, ને રાગાદિ પુણ્ય–પાપ–ભાવો તો અશુદ્ધ–અપવિત્ર છે. આમ બંનેની ભિન્નતા ઓળખતાંવેંત જ્ઞાન પોતાના આત્મસ્વભાવમાં અભેદ થઈને પરિણમે છે ને રાગને છોડી દે છે. એટલે જ્ઞાનવડે જ સંસારથી છૂટકારો ને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આવા જ્ઞાનરૂપી જે બીજ ઊગી તે અતીન્દ્રિય આનંદસહિત ઊગી છે, તે મંગળ છે.

ગુરુદેવ દસ–બાર હજાર મુમુક્ષુઓની ભવ્યસભાને ચૈતન્યરસના આનંદમાં ઝુલાવી રહ્યા છે. નીચે ઉજ્વલ–ધવલ મહાન બીજ, અને ઉપર ચૈતન્યતેજથી ચમકી રહેલી પૂનમ વચ્ચે બિરાજમાન ગુરુદેવ સતીના દ્રષ્ટાંતે ધર્માત્માની ધર્મપરિણતિનું વર્ણન કરતાં ભાવભીની વાણીમાં ગાય છે કે–

લગની બાંધી મારા આતમદેવની સાથ.....રે.......
....હવે સંસારના પ્રેમ હું નહીં કરું....... ,
નહીં કરું રે..... નહીં કરું... હું રાગના પ્રેમ હવે નહિ કરું.
લગની લાગીમારા ચૈતન્યપ્રભુની સાથ......
હવે પુણ્યના પ્રેમ હું નહીં કરું..... રે.....

પોતાના ચૈતન્યના એકત્વમાં શોભતો આત્મા બીજાનો પ્રેમ કેમ કરે ?

એકત્વમાં શોભતો આત્મા પરને સ્પર્શતો નથી. પરથી ખસીને આવા એકત્વમાં વસતાં આત્માને સમ્યગ્દર્શન સહિત આનંદની બીજ ઊગે છે, તે મહા મંગળ છે.

પાંચ પાંડવ મુનિભગવંતો શેત્રુંજય ઉપર ધ્યાનમાં ઊભા છે ને અગ્નિનો ઉપસર્ગ થાય છે. તે વખતે યુધિષ્ઠિર–ભીમ–અર્જુન એ ત્રણ તો નિર્વિકલ્પ ધ્યાન વડે આનંદમાં મગ્ન થઈને કેવળજ્ઞાન પામે છે. પણ બીજા બે મુનિવરોને વિકલ્પ આવ્યો કે યુધિષ્ઠિર વગેરેનું શું થયું હશે! એક સાધર્મી મુનિવરો પ્રત્યેનો આવો શુભવિકલ્પ ઊઠતાં તેમને એક ભવ કરવો પડયો, ને કેવળજ્ઞાન ન થયું. શુભવિકલ્પ પણ સંસારનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. વિકલ્પથી જુદું પડેલું જ્ઞાન જ મોક્ષનું કારણ છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેનો સ્વાદ તો આનંદરૂપ છે, તેમાં દુઃખ નથી; અને રાગના વેદનમાં તો દુઃખ છે, તે દુઃખનું જ કારણ છે...... આત્મા પોતે સુખસ્વરૂપ અને સદાય જેના સેવનથી સુખ જ થાય –એવો સુખકારણરૂપ છે, તે ભગવાન છે, તેના સેવનમાં રાગની ઉત્પત્તિ ન થાય, તેના સેવનમાં તો અતીન્દ્રિય સુખ જ થાય. આવા આત્માની રુચિ–પ્રીતિ કરીને તેની વાત સાંભળવી તે પણ મંગળ છે. અનંત સર્વજ્ઞ પરમાત્માએ અને દિગંબર સંતોએ જે માર્ગ કહ્યો તે જ પરમ સત્ય માર્ગ છે, અને તે જ માર્ગ અહીં કહેવાય છે. રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા કરવી તે જ સુખનો માર્ગ છે, તે જ સર્વજ્ઞનો અને દિગંબર–સંતોનો માર્ગ છે. રાગના સેવનવડે કદી સુખનું વેદન થાય નહિ; તેમાં તો દુઃખ છે. રાગ પોતે રાગને જાણતો નથી. રાગને જાણનાર તો તું પોતે રાગથી જુદો જ્ઞાનસ્વરૂપ છો.

અરે જીવ! આવું ભેદજ્ઞાન તો એકવાર કર. જ્ઞાનની બીજ ઉગાડીશ તો પૂનમ જરૂર થશે. ભેદજ્ઞાન થતાં અનાદિનાં અંધારા ટળ્યા ને આનંદની બીજ ઊગી છે, જ્ઞાનપ્રકાશ ખીલ્યો છે તે મંગળ છે. અને તે આનંદની બીજ વધીને કેવળજ્ઞાનરૂપી પૂનમ ઊગશે.

* * *

આત્મા આનંદસ્વભાવ છે, તેને ભૂલીને મારો સ્વભાવ અને રાગ બંને

એક છે એમ અજ્ઞાની અનુભવે છે, તે આસ્રવનું ને દુઃખનું કારણ છે. જ્યાં જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરે છે ત્યાં પુણ્ય–પાપથી તેનું જ્ઞાન ભિન્ન પડી જાય છે, તે ભેદજ્ઞાન છે તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે.

આત્માનો જે ચૈતન્યસ્વાદ છે તે રાગમાં નથી, માટે રાગને આત્માનો સ્વભાવ ન કહેતાં જડસ્વભાવી કહ્યો છે, તેનામાં જાણવાની તાકાત નથી. આવું ભિન્નપણું હોવા છતાં, જ્ઞાન અને રાગની એકતાનો અનુભવ તે સંસારનું કારણ છે ને બંનેની ભિન્નતાનો અનુભવ તે મોક્ષનું કારણ છે. અરે, આવા મનુષ્ય પણામાં જો પોતાના ચૈતન્યતત્ત્વને ઓળખીને જીવન સાર્થક ન કર્યું તો જીવને મનુષ્યપણું પામીને શો લાભ? ભાઈ, તારા સત્ય તત્ત્વને તું રુચિમાં લે..... તો તારા ભવના અંત આવી જશે.

જ્ઞાન અને રાગ વચ્ચે મોટું અંતર છે, બંને વચ્ચે મેળ નથી પણ વિપરીતતા છે. જ્ઞાન તો નિરાકુળ આનંદથી ભરેલું છે, રાગ તેમાં સમાય નહીં. આ રીતે બંનેને અત્યંત જુદાઈ છે. એક દુઃખ, એક સુખ, એક જ્ઞાનમય બીજું જ્ઞાનથી વિપરીત, એક શુચિરૂપ, બીજું અશુચીરૂપ; આવી અત્યંત જુદાઈ છે આવી જુદાઈ જેઓ નથી જાણતા તેઓ અનાથ છે, પોતાના ચૈતન્ય નાથની તેને ખબર નથી. અહા, ચૈતન્યતત્ત્વ અનંત નિજવૈભવનું નાથ છે; પરના એક અંશને પણ તે પોતામાં ભેળવતો નથી. સમ્યકત્વ થતાં પોતાના આનંદના નાથની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી આનંદના નાથની પ્રાપ્તિ નથી ત્યાં સુધી જીવ અનાથ છે. ચૈતન્યનું ભાન થતાં આત્મા અનાથ મટીને સનાથ થાય છે. અહા, ચૈતન્યતત્ત્વની આવી સરસ વાત–જે સમજતાં સંસારથી છૂટકારો થાય ને પરમ આનંદ થાય–તેનો પ્રેમ કોને ન આવે? બંધનથી છૂટકારાનો ઉત્સાહ કોને ન હોય? ભાઈ, આ તો છૂટકારાનો અવસર છે. સંતો રાગથી ભિન્ન તારું સ્વરૂપ બતાવીને તને મોક્ષનો ઉપાય સમજાવે છે. તેને તું ઉલ્લાસથી ગ્રહણ કર. આવા આત્મસ્વરૂપના ગ્રહણથી અંતરમાં જ આનંદની બીજ ઊગી છે તે ક્રમેક્રમે વૃદ્ધિગત થઈને કેવળજ્ઞાનરૂપ પૂર્ણિમાં થશે...... તે મહા મંગળ છે.

# 卐 ફત્તેપુરના સમાચાર 卐

**સમવસરણમાં સીમંધરસ્વામીની પ્રતિષ્ઠા; જિનમંદિરનો જીર્ણોદ્ધાર, સ્વાધ્યાયભવનનું ઉદ્‌ઘાટન, કહાનગુરુની મંગલ જન્મજયંતિ (૮૩મી) અને વીતરાગીતત્ત્વજ્ઞાનની પ્રભાવના એવા મંગલઉત્સવોથી નાનું ફત્તેપુર પંદર દિવસ સુધી મંગલ નાદથી ગાજી ઊઠયું....... તે મંગલઉત્સવોની ઝાંખી આપને આ સમાચારમાં થશે. (સં.)**

જેમના મહાન પ્રતાપે આવા મંગલ–ઉત્સવો પ્રાપ્ત થાય છે તે પૂ. શ્રી કહાનગુરુ પ્ર. વૈશાખવદ ચોથની સવારે ફત્તેપુરમાં પધાર્યા...... ત્યાર ભગવાન કલ્યાણકથી શોભતી કોઈ મહાન નગરીમાં પ્રવેશ કરી રહ્યા હોય–એવું લાગતું હતું. નવીન રચાયેલી શીતલનાથનગરી અને સીમંધરનગરી–એ બે નગરી પાસેથી પસાર થઈને જ્યાં ફત્તેપુરમાં પ્રવેશ કર્યો ત્યાં દરવાજે બે હાથી ઝુલતા હતા; તે પછી તરત વીતરાગવિજ્ઞાનગરના પ્રતિષ્ઠામંડપમાં પધારી રહેલા જિનેન્દ્રભગવાન સામા મળ્યા...... પ્રભુજીના આવા મંગલ શુકનપૂર્વક ફત્તેપુરમાં પ્રવેશ કર્યો.

ફત્તેપુરમાં ભારતના પાંચ હજાર મુમુક્ષુઓએ ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. મંગળ–ગીત અને સ્વાગત–પ્રવચન બાદ, મંગલાચરણમાં ગુરુદેવે આનંદધામ આત્માના સ્મરણપૂર્વક કહ્યું કે–આત્મા અસંખ્યપ્રદેશી પવિત્ર આનંદધામ છે, તે પોતે મંગળ છે. આવા આત્માને ભૂલીને અનાદિથી તેનું વિસ્મરણ હતું, ને પુણ્ય–પાપને જ પોતાનું સ્વરૂપ માનીને તેનું જ સ્મરણ હતું, હવે તે પુણ્ય–પાપથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કર્યું ને તેનું સ્મરણ કરવું–તે મંગળ છે. આત્માનું ખરૂં સ્મરણ ક્યારે કરે? કે તેનો અનુભવ કર્યો હોય ત્યારે! પુણ્ય–પાપથી છૂટો પડીને અને આત્માની સન્મુખ થઈને તેના અવગ્રહ–ઈહા–નિર્ણય અને ધારણા જેણે કર્યાં હોય તે તેનું સાચું સ્મરણ કરી શકે. – આત્માનું આવું જ્ઞાન જેણે કર્યું તે વિચક્ષણ છે, તે જાણે છે કે હું સદા એક, પરથી જુદો, મારા ચૈતન્યરસથી જ ભરેલો છું, કર્મ કે મોહાદિભાવો તે

મારાં નથી–આત્માનું આવું ભાન થયું તે અપૂર્વ મંગળ છે.

આત્માનું ભાન થતાં આનંદના અંશનો અનુભવ થાય છે તે બિંદુ છે, ને આખો આત્મા આનંદસ્વરૂપ છે તે સિંધુ છે. બિંદુ પણ હું ને સિંધુ પણ હું; આનંદમય નિર્મળ પર્યાયરૂપ બિંદુ પણ હું છું ને ત્રિકાળ આનંદનો સિંધુ પણ હું છું. આવા દ્રવ્ય–પર્યાય બંનેથી શુદ્ધ આનંદરૂપ મારો આત્મા જ મંગળ છે. મારું પ્રભુત્વ મારામાં છે, પર્યાયમાં તે પ્રગટ કરીને હું જ પૂર્ણ પરમાત્મા થવાનો છું. મારા આવા ચૈતન્ય શુદ્ધસ્વભાવમાં પર તરફના ભાવની ગંધ પણ નથી. મારો ચૈતન્યસ્વભાવ પોતાના અતીન્દ્રિય આનંદને રચનારો છે, તે રાગને રચનારો નથી. રાગની રચનાને પોતાનું કાર્ય માને તેને ચૈતન્યની ખબર નથી. અંતરના સ્વભાવની સન્મુખ થઈને આનંદની ને અનંતગુણની નિર્મળતાની રચના કરે તે સ્વવીર્ય મંગળરૂપ છે. ભાઈ, એકવાર દુનિયાના વાદવિવાદ છોડીને આવા આત્માનો અનુભવ કર. અત્યારે તેનો અવસર છે આ પ્રમાણે મંગળ કર્યું (આ મંગળ વખતે કુદરતના મહા પ્રકાશથી 'વીતરાગ' વિજ્ઞાનનગરનો પ્રતિષ્ઠામંડપ ઝગઝગી ઊઠયો હતો. સુંદર ભાવભીનું મંગળ સાંભળીને હજારો સભાજનો પ્રસન્ન થયા હતા.)

મંગલાચરણ બાદ વીતરાગવિજ્ઞાન–અધ્યાત્મ શિક્ષણશિબિરનું ઉદ્ઘાટન જયપુરના શેઠશ્રી પૂરણચંદ્રજી ગોદિકાએ કર્યું હતું. ફત્તેપુરમાં આ શિક્ષણ શિબિર સાત દિવસ ચાલ્યો; ગુજરાતી –હિંદી– મરાઠી–કન્નડ એમ વિવિધ ભાષામાં હજાર ઉપરાંત જિજ્ઞાસુઓએ શિક્ષણવર્ગનો લાભ લીધો હતો. તંબુમાં કે ખુલ્લા ઝાડ નીચે ચારેકોર ધાર્મિક શિક્ષણની સભાઓ બેસતી, તે દશ્ય ઘણું સરસ હતું. 'આજની પેઢી ધર્મમાં રસ લેતી નથી. ' એમ કહેનારા જો આ ધાર્મિક શિક્ષણના દૃશ્યો જુએ તો તેમણે એમ કહેવું પડે કે વાહ! આવ અધ્યાત્મતત્ત્વજ્ઞાનમાં ને ધાર્મિક ઉત્સવમાં આજનાં બાળકો યુવાનો ને બહેનો કેટલા ઉમંગથી રસ લઈ રહ્યા છે! વહેલી સવારથી રાતસુધી ધાર્મિક વિધિઓ અને જ્ઞાનચર્ચાઓ ચાલતી, જુદા જુદા વિદ્વાન–પ્રવચનકારોના ભાષણો થતાં. વિધિઓ અને જ્ઞાનચર્ચાઓ ચાલતી, જુદા જુદા વિદ્વાન–પ્રવચનકારોના ભાષણો થતા. વીતરાગમાર્ગના તત્ત્વજ્ઞાનનો આવો મહાન પ્રચાર, અને તેમાં ઉત્સાહથી રસ લઈ રહેલા ભારતના જિજ્ઞાસુઓનો આવો સુંદર મેળો દેખીને પ્રમોદ થતો હતો. સાત દિવસ બાદ ધર્મપ્રચારની ઉત્તમ ભાવનાઓ સાથે શિક્ષણશિબિરની સમાપ્તિ થઈ હતી.

પ્રથમ દિવસે શિક્ષણ શિબિરની સાથેસાથે, બાલવિભાગના (અમદાવાદ શાખાના) બાળકોએ તૈયાર કરેલ એક અધ્યાત્મપ્રદર્શનનું ઉદ્ઘાટન મુંબઈના શેઠશ્રી જુગરાજજીના સુહસ્તે થયું હતું. બાળકોને સાચું પ્રોત્સાહન આપવામાં આવે તો થોડા બાળકો પણ

કેટલું સરસ કામ કરી શકે છે ને હજારો જીવોમાં કેવો ધર્મ–પ્રચાર કરી શકે છે–તે આ પ્રદર્શન જોતાં લક્ષમાં આવતું હતું. બાળકોએ જાતે પોતાની હાથ કારીગરીથી સુંદર માનસ્તંભ, કાચનું જિનમંદિર, કુંદકુંદસ્વામી વગેરેનાં દ્રશ્યો કર્યાં હતા. બાળકોને તત્ત્વજ્ઞાન મળે એવી બીજી અનેક રચનાઓ હતી. બાલબંધુઓ! આવી ધાર્મિક શોભાના કાર્યોમાં તમે વધુ ને વધુ રસ લ્યો તે જૈનશાસનને માટે ગૌરવની વાત છે.

હવે ઉત્સવના વિવેચનમાં આગળ વધતા પહેલાં, જ્યાં આ મહાન ઉત્સવ ઉજવાઈ રહ્યો છે તેનું થોડું અવલોકન કરી લઈએ. પ્રથમ તો ફત્તેપુર એક નાનું દોઢહજારની વસ્તીનું ગામ છે, જ્યાં જૈનોના ઘર ૪૦ જેટલા છે; જ્યાં રેલ્વેસ્ટેશન નથી, તાર ઓફિસ નથી, બસની સગવડ પણ માંડ મળી શકે છે. આવા નાના ગામમાં ઘણો મોટો ઉત્સવ થયો તે સમસ્ત ફત્તેપુર જૈનસમાજ તથા ગુજરાતના મુમુક્ષુઓનો ઉલ્લાસ–એકરાગતા અને વિદ્વાન ભાઈશ્રી બાબુભાઈની દોરવણીને લીધે થયો છે. ગુરુદેવનો મહાનપ્રભાવ સૌરાષ્ટ્ર કરતાંય આજે ગુજરાતમાં જાણે વધુ ફેલાઈ રહ્યો છે. ગુરુદેવનો મહાનપ્રભાવ સૌરાષ્ટ્ર કરતાંય આજે ગુજરાતમાં જાણે વધુ ફેલાઈ રહ્યો છે. ફત્તેપુરનું પ્રાચીનમંદિર નાનું હતું તેનો જીર્ણોદ્ધાર કરીને સુંદર શિખરબંધી મંદિર તૈયાર થયું છે. બાજુમાં મોટું સ્વાધ્યાયમંદિર છે. ઉપરના ભાગમાં જિનમંદિરમાં પાંચફૂટ ઊંચી શાંતિનાથભગવાનની સુંદર પ્રતિમાનું સ્થાપન થયું છે. (નીચે શીતલનાથભગવાન મૂળનાયકપણે બિરાજતા હતા–તે એમને એમ બિજરાજમાન રાખેલ છે.) ઉપર વિશાળ હોલમાં આરસની કારીગરીમાં સમવસરણની સુંદર રચના છે; જેમાં સીમંધર ભગવાન જીવંતસ્વામી બિરાજમાન છે. સૌરાષ્ટ્રમાં સોનગઢ અને રાજકોટ પછી, ગુજરાતમાં સમવસરણની આ પહેલી જ રચના છે. આવા મંદિરોનીપ્રતિષ્ઠાના પંચકલ્યાણક મહોત્સવ માટે નજીકના એક ખેતરને **“વીતરાગ વિજ્ઞાનનગર”** બનાવી દેવામાં આવ્યું હતું; તેમાં પ્રતિષ્ઠામંડપ અનેકવિધ શણગારોથી શોભતો હતો; રાત્રે પ્રકાશના ફૂવારાના ઝગમગાટ વચ્ચે તે વિશેષ શોભી ઊઠતો.

વીતરાગવિજ્ઞાનગરના ભવ્ય પ્રવેશદ્વારમાંથી પ્રતિષ્ઠામંડપમાં દાખલ થતાં જ સામે ઊંચો ધર્મધ્વજ દેખીને મસ્તક નમી પડતું..... વાહ! કહાનગુરુના પ્રતાપે આજે જૈનધર્મનો ધ્વજ ઊંચાઊંચા આકાશમાં કેવા આનંદથી લહેરાઈ રહ્યો છે! મંડપની બહાર એકબાજુ વ્યવસ્થા માટેની ઓફિસો ધમધોકાર કામ કરતી હતી; સામી બાજુ પુસ્તક વિભાગ, બાળકોનું પ્રદર્શન અને ત્રણ ભાવવાહી રચનાઓ હતી; મુંબઈના પ્રીતમભાઈ કારીગરે તૈયાર કરેલ આ હાલતી ચાલતી રચના જોવા માટે દર્શકોની ભીડ ઊભરાતી. પહેલાં દશ્યમાં–શ્રીકુંદકુંદચાર્યદેવ આકાશમાર્ગે સીમંધરભગવાનના સમવસરણમાં જઈ

રહ્યા છે–તે દ્રશ્ય હતું. કુંદકુંદપ્રભુના આકાશગમનનું હાલતુંચાલતું દ્રશ્ય આકર્ષક હતું. બીજા દ્રશ્યમાં નેમપ્રભુનો રથ, રાજુલની ઉત્સુકતા અને પશુઓનો બંધનમુક્તિ માટેનો ચિત્કાર–એનું હાલતુંચાલતું દ્રશ્ય હતું: ત્રીજા દ્રશ્યમાં–સમાધિમરણ માટે મુનિરાજની શૂરવીરતા, બીજા મુનિઓ દ્વારા તેમની સેવા–વૈયાવચ્ચ, અને આચાર્ય દ્વારા તેમને શૂરવીરતા જગાડનારો ઉપદેશ–એનું દ્રશ્ય હતું. ... હલનચલનની ચેષ્ટા સહિત મુનિરાજોનું આ દ્રશ્ય, અહા! મુનિજીવનની ઉર્મિ જગાડતું હતું, મુનિસેવાની ને સાધર્મીપ્રેમની ઊંચી પ્રેરણા આપતું હતું. (શૂરવીરસાધક પુસ્તિકામાં આ ચિત્ર છપાયેલ છે, તેના ઉપરથી અહીંની રચના થઈ હતી.) ત્યાર પછી બાળકોનું ધાર્મિકપ્રદર્શન બાળકોમાં ઊંચા સંસ્કાર રેડવાની પ્રેરણા આપતું હતું. રાત્રે રંગબેરંગી કળાપૂર્ણ પ્રકાશરચના પણ દૂરદૂર સુધી ધર્મોત્સવનો ઝગઝગાટ ફેલાવતી હતી. મંડપમાં દાખલ થતાં જ સામે ભવ્ય પ્રતિષ્ઠાવેદી શણગારથી અને કેટલાય જિનબિંબોથી શોભી રહી હતી. અહા, ગુરુકહાનના પ્રતાપે ઠેરઠેર આજે જિનેન્દ્રસમૂહ જોવાનું સૌભાગ્ય મળે છે.

દરરોજ વિશાળમંડપની ભરચક સભામાં સવારે સમયસારમાં જ્ઞાયકભાવનું અને બપોરે પદ્મનંદીમાંથી શ્રાવકોના ધર્મોનું વર્ણન થતું. અનુભૂતિનું અદ્‌ભૂત વર્ણન અને શ્રાવકની ધર્મ–દ્રઢતા દેવ–ગુરુનો પ્રેમ વગેરેનું વર્ણન સાંભળતાં મુમુક્ષુઓ આનંદ વિભોર બનતા. કાનજીસ્વામી પ્રવચનમાં અવારનવાર સત્ય જૈનમાર્ગની અને દિગંબર મુનિવરોના અપાર મહિમાની વાત સંભળાવતા ત્યારે સભાજનોનાં હૃદય હર્ષથી ઉલ્લસી જતા હતા ને મુનિવરો પ્રત્યેના ભક્તિ–બહુમાનથી હૃદય ગદગદિત થઈ જતા હતા......... વાહ! આવા મુનિઓ અમને ગુરુ તરીકે મળ્યા ને આવો સત્ય મોક્ષમાર્ગ મળ્યો!

પ્રવચનસભામાં અનેક ત્યાગીઓ–વિદ્વાનો–પ્રસિદ્ધ કાર્યકરો દેશભરના મુમુક્ષુઓ અને બાળકો, સૌ એકસાથે એકતાનપણે ચૈતન્યરસનું શ્રવણપાન કરતા. જૈનસમાજનું મહાન ગૌરવ આ વિશાળસભામાં પ્રગટ થતું, ને ગુરુદેવ જિનમાર્ગને અત્યંત મહિમા પૂર્વક સમજાવતા હતા. વિવિધ વિદ્વાનોનાં ભાષણોની તથા કવિઓનાં અધ્યાત્મ કાવ્યોની વૃષ્ટિ પણ ચાલુ જ હતી. આ રીતે શરૂઆતનાં છ દિવસ તત્ત્વજ્ઞાનની મુખ્ય તાથી ભરપૂર કાર્યક્રમો ચાલ્યા, સાતમા દિવસથી પ્રતિષ્ઠા સંબંધી કાર્યક્રમો શરૂ થાય.

પ્ર. વૈ. વદ ૧૦ ના રોજ સવારમાં શ્રી જિનેન્દ્રદેવને તથા પ્રતિષ્ઠા માટેના ભગવંતોને શ્રી પ્રતિષ્ઠામંડપમાં ધામધૂમથી બિરાજમાન કર્યાં. મંડપમના આંગણે જૈન ધર્મનું ધ્વજારોહણ–ઝંડારોપણ તલોદના ભાઈશ્રી મંગળદાસ જીવરાજના હસ્તે થયું. તથા સમવસરણમંડલવિધાનની પૂજાનો પ્રારંભ થયો. વદ ૧૧ ની સવારમાં નાંદીવિધાન.

ઈંદ્રપ્રતિષ્ઠા તથા આચાર્યઅનુજ્ઞા વગેરે વિધિ થઈ. ૧૬ ઈદ્રં-ઈંદ્રાણીમાં પ્રથમ સૌધર્મેન્દ્ર થવાનું ભાગ્ય ફત્તેપુરના ભાઈશ્રી જસવંતલાલ છોટાલાલ ભાઈચંદને મળ્યું હતું. બીજા ઈશાનેન્દ્ર થવાનું ભાગ્ય ફત્તેપુરના ભાઈશ્રી ભાઈચંદ ઉગરચંદને મળ્યું હતું. નેમિનાથ પ્રભુના પંચકલ્યાણકની વિધિમાં શ્રી સમુદ્રવિજયજી પિતા તથા શિવાદેવી માતા થવાનું સૌભાગ્ય ફત્તેપુરના ઉત્સાહી આગેવાન ભાઈશ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા તથા સૌ. તારાબેનને મળ્યું હતુ. પ્રવચન બાદ ભવ્ય જાુલુસરૂપે ઈંદ્ર-ઈંદ્રાણીઓ વગેરે ઠાઠમાઠથી શ્રી જિનેન્દ્ર ભગવાનનું પૂજન કરવા આવ્યા હતા. બપોરે શ્રી સમવસરણ મંડલવિધાન પૂજા પૂર્ણ થઈને જિનેન્દ્ર અભિષેક થયો હતો. સાંજે મૃત્તિકાનમય તથા અંકુરારોપણ વિધિ થઈ હતી. રાત્રે રાજુલના વૈરાગ્યનો અભિનય થયો હતો.

દોઢ હજારની વસ્તીના નાના ગામમાં બહારથી સાત આઠ હજાર માણસો આવ્યા, તેમને માટે શીતલનગર અને સીમંધરનગરમાં સેંકડો તંબુ ઊભા કરવામાં આવ્યા હતા; પણ ઘણા માણસો ધોમધખતા બપોરે ઝાડની ખુલ્લી મીઠડી છાયામાં જ રહેવાનું પસંદ કરતા હતા. કેટલાય ઝાડની છાયામાં સેંકડો માણસો આનંદથી ધર્મ ચર્ચાવાર્તામાં મશગુલ હોય-એ દ્રશ્ય મુનિઓના વનવિહારની સ્મૃતિ આપતા હતા....... એક સાથે છ સાત હજાર માણસોની જમવાની વ્યવસ્થા પણ સુંદર હતી; આવડી મોટી પંગત અડધી કલાકમાં તો જમી લેતી. ઉત્સવ માટે અનેક પ્રકારના સાજ-શણગાર ઠેઠ અજમેર અને આગ્રાથી આવ્યા હતા.

વદ ૧૨ ની સવારે પ્રવચન પછી યાગમંડલ-મહાપૂજા દ્વારા ઇન્દ્રોએ પંચ પરમેષ્ઠી ભગવંતો વગેરેનું પૂજન કર્યું. દરરોજ સવારમાં જિનેન્દ્રભગવાન સન્મુખ હજારો ભક્તજનો આનંદથી વિવિધ પ્રકારે પૂજન કરતા હોય-ભક્તિભજન કરતા હોય-ચિંતન-મનન-વાંચન કરતા હોય-એ દ્રશ્યો શાસનનો મહિમા અને સાધર્મીનો પ્રેમ જગાડતા હતા. જિનેન્દ્રભગવાનની ને જ્ઞાનીગુરુદઓની મંગલછાયામાં દેશોદેશના સાધર્મીઓ આનંદથી એકબીજાને મળી રહ્યા હતા ને પરસ્પર ધર્મભાવનાની પુષ્ટિ કરતા હતા. તે દેખીને એમ થતું કે 'વાહ! ધન્ય ધર્મકાળ! આવા ધર્મકાળમાં ચૈતન્યની આરાધના પ્રાપ્ત થઈ તે જીવનની કૃતકૃત્યતા છે. '

સાંજે જલયાત્રા નીકળી હતી. જલયાત્રાના ૧૦૮ કળશ, હાથી, રથ, વગેરેની ઊછામણી માટે લોકોનો એટલો ઉત્સાહ હતો કે થોડી મિનિટોમાં જ બધી ઊછામણી પૂરી થઈ ને વધુ કળશોની માંગણી પણ ચાલુ રહેતી. ગામેગામના સેંકડો ઉત્સાહી કાર્યકરો-વિદ્વાનો હાંશેહોંશે મહાન ઉત્સવના કાર્યમાં સાથ આપી રહ્યા હતા.

યાત્રિકોના આગમનનો પ્રવાહ સતત ચાલુ જ હતો. અંતિમ બે-ત્રણ દિવસોમાં તો હજારો યાત્રિકોનું ધોધમાર આગમન થયું હતું; કુલ દશબાર હજાર યાંત્રિકો ઉપરાંત આસપાસના ગામડાઓમાંથી દશ હજારથી વધુ માણસો રોજ ઉત્સવ જોવા આવતા હતા. આ રીતે હજારની વસ્તીનું આ ગામ પ્રતિષ્ઠાના દિવસે તો પચીસ હજાર જેટલી માનવમેદનીથી ઊભરાતું હતું.

રાત્રે પંચકલ્યાણકના પ્રારંભિક દ્રશ્યોમાં ઇન્દ્રસભા, નેમતીર્થંકરના ગર્ભકલ્યાણકની તૈયારી, સમુદ્રવિજય મહારાજાની રાજસભા, દેવીઓ દ્વારા શિવામાતાની સેવા વગેરે દ્રશ્યો થયા હતા. ઇન્દ્રસભા અને રાજસભાઓમાં સુંદર અધ્યાત્મ ચર્ચાઓ વારંવાર થતી હતી-જે સાંભળી મુમુક્ષુ સભાજનો તો ડોલી ઊઠતા હતા ને ગુરુદેવ પણ પ્રસન્નતા વ્યક્ત કરતા હતા. આ ચર્ચાઓનું આલેખન બ્ર. હરિભાઈ દ્વારા થતું હતું; અને સમુદ્રવિજયરાજા તરીકે ભાઈશ્રી બાબુભાઈ પોતે સ્થપાયેલ હોવાથી ચર્ચાનો રંગ સારો જામતો હતો. શિવાદેવી માતા તથા સૌધર્મેન્દ્ર વગેરે પણ ચર્ચામાં ઉત્સાહથી ભાગ લેતા હતા. આ વખતના પંચકલ્યાણકમાં આ અધ્યામરસભરી તત્ત્વચર્ચા એ એક વિશેષતા હતી.

ગર્ભકલ્યાણક પૂર્વે સમુદ્રવિજય-મહારાજાની રાજસભા પહેલી-વહેલી ભરાણી તે વખતે તેમાં નીચે મુજબ ચર્ચા થઈ-

સમુદ્રમહારાજા-અહા, આજની આ રાજસભા કોઈ અદ્ભૂત લાગે છે. આજે તો અંતરમાં કોઈ એવી પ્રસન્નતા અનુભવાય છે કે જાણે રત્નત્રયધર્મના અંકુરા ફૂટી રહ્યા હોય! અહા, જાણે આકાશમાંથી કોઈ કલ્પવૃક્ષ ઊતરીને મારે આંગણે આવી રહ્યું હોય!

સભાજન-મહારાજ! આપની આજની વાત સાંભળીને અમને પણ ઘણી પ્રસન્નતા થાય છે, ને આપને પ્રાર્થના કરીએ છીએ કે આજે રાજસભામાં બીજા બધા કાર્યો મુલતવી રાખીને આપના શ્રીમુખે ધર્મની ચર્ચા જ સાંભળીએ.

મહારાજા-વાહ, ધર્મચર્ચાથી ઉત્તમ બીજું શું હોય! ખુશીથી આજે સૌ ધર્મચર્ચા કરો.
સભાજન-મહારાજ! આ સંસારના અનેક વિચિત્ર પ્રસંગ વચ્ચે રહેવા છતાં જ્ઞાની અલિપ્ત કેમ રહી શકતા હશે?

મહારાજા-ગમે તે પ્રસંગ વખતે પણ 'હું જ્ઞાન છું' એવી સ્વતત્ત્વની બુદ્ધિ ધર્મીને

વર્તે જ છે, ને તે જ્ઞાનમાં બીજા કોઈ અંશના ભેળવતા નથી, માટે જ્ઞાનીનું જ્ઞાન સદા અલિપ્ત રહે છે.

સભાજન–હે સ્વામી! આપનું વાત્સલ્ય ઘણું પ્રસિદ્ધ છે તો સાધર્મીનું વાત્સલ્ય કેવું હોય તે સંભળાવો.

મહારાજા–અહા, જેના દેવ એક, જેના ગુરુ એક, જેનો સિદ્ધાંત એક, અને જેનો ધર્મ એક–એવા સાધર્મીઓને સંસારના કોઈ મતભેદ આડા આવતા નથી, તેથી સાધર્મીને દેખીને તેને અંતરમાં પ્રસન્નતા થાય છે; તેની સાથે ધર્મચર્ચા, તેનું અનેક પ્રકારે આદરસન્માન, વાત્સલ્ય કરીને ધર્મનો ઉત્સાહ વધારે છે; સાધર્મી પ્રત્યે ધર્મનો પ્રેમ ઉલ્લસી જાય છે. જગતમાં મોટામોટા હજારો મિત્રો મળવા સહેલા છે, પણ સાચા સાધર્મીનો સંગ મળવો બહુ મોંઘો છે.

સભાજન–અહા, સાધર્મીપ્રેમની આવી સરસ વાત આપના શ્રીમુખે સાંભળીને અમને ઘણી પ્રસન્નતા થાય છે.

સભાજન–મહારાજ! આવો સત્ય જૈનધર્મ આપણને મહાભાગ્યે મળ્યો છે, ને અત્યારે તો ચોથો કાળ વર્તી રહ્યો છે..... અત્યારે એકવીસમા તીર્થંકરનું શાસન ચાલે છે. ઘણા વર્ષોથી અહીં ભરતક્ષેત્રમાં તીર્થંકર નથી, તો હવે બાવીસમાં તીર્થંકરનો અવતાર ક્યારે થશે?

મહારાજા–અત્યારે ચારે બાજુથી જે ઉત્તમ ચિહ્નો પ્રગટી રહ્યા છે તે જોતાં એમ લાગે કે હવે તુરતમાં જ બાવીસમાં તીર્થંકરનો અવતાર થશે..... એટલું જ નહિ પણ મારા અંતરમાં ધર્મભાવનાનું જે મહાન આંદોલન ચાલી રહ્યું છે તે ઉપરથી એમ લાગે છે કે જાણે તીર્થંકર ભગવાન મારા આંગણે જ પધાર્યા હોય!

(સભાજનો આ સાંભળી હર્ષિત થાય છે.)

સભાજન–અહા મહારાજ! આપ મહા ભાગ્યવાન છો....... આપ ચરમ શરીરી છો, ને આપના કુળમાં ચરમશરીરી તીર્થંકર અવતરશે..... આપણી દ્વારકાનગરી ધન્ય બનશે.

સભાજન–માત્ર દ્વારકાનગરી નહિ, આપણે બધા પણ ધન્ય બનશું..... નાનકડા તીર્થંકરને નજરે નીહાળશું...... ને એના દર્શનથી ઘણાય જીવો સમ્યગ્દર્શન પામીને સંસારથી તરી જશે.

સભાજન–અહા, એક નાનકડા બાળકની અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અવધિજ્ઞાન અને અતીન્દ્રિય આનંદ હોય–એ એક....... આશ્ચર્યની વાત છે!

સભાજન–એ આશ્ચર્યની વાત હોવા છતાં સત્ય છે. અને થોડા વખતમાં આપણે જ્યારે નાનકડા નેમતીર્થંકરને શિવામાતાની ગોદમાં ખેલતા નજરે જોઈશું ત્યારે આપણું આશ્ચર્ય મટી જશે, ને આત્માની કોઈ અદ્‌ભૂત અલૌકિક તાકાત કેવી છે તેનો આપણને સાક્ષાત્કાર થશે.

સભાજન–મહારાજ! ઘણા જીવો મોક્ષમાં ગયા છે, ને ઘણા જીવો મોક્ષમાં જશે, તે બધા કેવી રીતે જશે?

મહારાજા–સાંભળો, જૈનસિદ્ધાંતનો ત્રણેકાળનો નિયમ છે કે–

**ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ સિદ્ધ યે કિલ કેચનં।**
**અસ્યૈવ અભાવતો બદ્ધા બદ્ધા યે કિલ કેચનં।**

ભેદજ્ઞાનની ભાવના તે જ મુક્તિનો ઉપાય છે.

સભાજન–આવું ભેદજ્ઞાન કઈ રીતે થાય?

મહારાજા તમે બહુ સારો પ્રશ્ન પૂછયો. ભેદજ્ઞાન માટે પહેલાં આત્માની લગની લાગવી જોઈએ. એવી લગની લાગે કે આત્માના કાર્ય સિવાય જગતનું બીજું કોઈ કાર્ય સુખરૂપ ન લાગે. ચૈતન્યતત્ત્વ જ્ઞાની પાસેથી સાંભળીને તેનો અપૂર્વ મહિમા આવે કે અહા, આવું અચિંત્ય ગંભીર મારું તત્ત્વ છે! એમ અંતરના તત્ત્વનો પરમ મહિમા ભાસતાં પરિણતિ સંસારથી હટીને ચૈતન્યસન્મુખ થાય છે, ને શાંતિના ઊંડાઊંડા ગંભીર સમુદ્રને અનુભવીને રાગાદિથી છૂટી પડી જાય છે. આવું ભેદજ્ઞાન થતાં જીવના અંતરમાં મોક્ષમાર્ગ ખુલ્લી જાય છે. માટે ભેદજ્ઞાનની નિરંતર ભાવના કરવી જોઈએ.

**ભાવયેત્ ભેદવિજ્ઞાનમ્ ઈદં અચ્છિન્નધારયા,**
**તાવત્ યાવત્ પરાત્ ચ્યુત્યા જ્ઞાન જ્ઞાને પ્રતિષ્ઠતે.**

સભાજન–દેવ! આવું ભેદજ્ઞાન સંસારના બધા જીવો કેમ નહીં પામતા હોય?

સભાજન–સાંભળો, હું કહું–

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે,**
**રે! ગ્રહણ કર તું નિયત આ જો કર્મ-મોક્ષેચ્છા તને.**

સભાજન–ખરૂં છે, ચૈતન્યતત્ત્વ બહુ ગંભીર છે. લોકો તો એ પામે કે ન પામે, આપણે જગતની ચિંતા છોડીને, પોતે પોતાનું હિત થાય તેમ કરી લેવાનું છે.

સભાજન–બરાબર છે; આ જગત તો વિચિત્ર છે, જગતનું જોવા રોકાઈએ તો આત્માનું ચુકી જવાય તેવું છે. તીર્થંકરો જગતનું જોવા રોકાયા નહિ, તેઓ તો અંતરના ચૈતન્યને સાધીને પોતાના માર્ગે ચાલ્યા ગયા.

સભાજન–અહા, આજે ભેદજ્ઞાનની સરસ ચર્ચા થઈ. આજનો દિવ્ય પ્રકાશ એવો લાગે છે કે જાણે કોઈ તીર્થંકરનું આપણી નગરીમાં આગમન થઈ રહ્યું હોય!

શિવાદેવી–મને પણ આજની ચર્ચામાં તીર્થંકરનો મહિમા સાંભળીને બહુ જ આનંદ થયો. મારું અંતર પણ કોઈ અનેરી પ્રસન્નતા અનુભવી રહ્યું છે. આકાશમાંથી જાણે આનંદ–આનંદ વરસી રહ્યો હોય એવું લાગે છે.

સભાજન–અહા, જુઓ..... જુઓ! આકાશમાંથી રત્નો વરસી રહ્યા છે, દિવ્ય વાજાં વાગી રહ્યા છે; અરે! આ તો સ્વર્ગમાંથી કુબેર આવી રહ્યા છે.......

કુબેર–આવીને કહે છેઃ અહો દેવ! આપ ધન્ય છો. હે માતા! આપ ધન્ય છો. છ માસ પછી બાવીસમાં તીર્થંકર તમારી કુંખે અવતરશે તેથી ઇન્દ્રમહારાજે મને આ ભેટ લઈને આપની સેવામાં મોકલ્યો છે. હે જગતપિતા! હે જગતમાતા! તીર્થંકર પરમાત્મા જેના આંગણે પધારે એના મહિમાની શી વાત! ભગવાનના પધારવાથી આપનો દેહ તો પવિત્ર થયો, ને આપનો આત્મા પણ સમ્યક્ત્વાદિથી શોભી ઊઠશે. અમે સ્વર્ગના દેવો આપનું સન્માન કરીએ છીએ. દિગ્‌કુમારી દેવીઓ પણ માતાજીની સેવા કરવા માટે આવી છે.

* * *

દિગકુમારી દેવીઓ આવીને શિવાદેવી માતાની મંગલસ્તુતિ કરે છે–

**ધન્ય ધન્ય છો હે માતા! તું જિનેશ્વરકી માતા......**
**નંદન તારા જયવંત છે ત્રણલોકમાં.**
**જે પુત્ર તારો થાશે તે મુનિ થઈ વિચરશે,**
**કેવળ પામી, એ ભવ્યજીવોને તારશે.**
**તારા ઉરમાં રત્ન બિરાજે નેમતીર્થંકર પ્રભુ રાજે,**
**મોક્ષગામી, તું માતા જયવંત લોકમાં,**

## તારો પુત્ર મોટો થાશે, એ પરમાત્મા બન જાશે, જેને દેખી સમકિત જીવો પામશે.

સ્તુતિ પછી દેવીઓ શિવાદેવી માતાને કહે છે–

૧. અહો માતા! સમ્યક્ત્વધારક રત્ન તારી કુંખે આવતાં તું પણ સમ્યકત્વવંતી બની ગઈ. તારા અંતરમાં સમ્યકત્વરત્ન બિરાજી રહ્યું છે, તેને અમારા નમસ્કાર છે.

૨. દેવી! આપણી સ્ત્રી પર્યાયને લોકો નિંદ્ય કહે છે પણ તમે તો તીર્થંકર પ્રભુની માતા થઈને જગતમાં પૂજ્ય બન્યા.

૩. હે માતા! જગતમાં લાખો સ્ત્રીઓ પુત્રને તો જન્મ આપે છે, પણ તીર્થંકર જેવા પુત્રને જન્મ દેનારી માતા તો આ ભરતક્ષેત્રમાં તમે એક જ છો.

૪. અહા, આ નિંદ્ય સ્ત્રીપર્યાય પણ જે સમ્યકત્વના પ્રતાપે પૂજય બની તે સમ્યકત્વના મહિમાની શી વાત!

૫. માતા! તારું અંતર અતિ ઉજવળ છે, પવિત્ર છે, કેમકે તેમાં સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન ને અવધિજ્ઞાન જેવાં રત્ન બિરાજે છે.

૬. હે માતા! તીર્થંકરના આત્માનો સ્પર્શ પામીને તું ધન્ય બની. જે ત્રણ જગતનો નાથ..... એ તારો બાળક કહેવાયો; અને તું જગતની માતા બની.

૭. હે માતા! અમે દિનરાત તમારી અને તમારા પુત્રની સેવા કરશું, ને તમારી જેમ અમે પણ સમ્યકત્વ પામીને સ્ત્રીપર્યાયનો છેદ કરશું.

૮. માતા, તમારા મુખની વાણી સાંભળતા, જાણે કે તમારા પેટમાં બેઠેલા તીર્થંકર ભગવાન જ બોલી રહ્યા હોય! એવો આનંદ થાય છે. માતા કહે છે–દેવીઓ! તમારી ચર્ચાથી મને ઘણો આનંદ થયો. અહા! જેના અંતરમાં પરમાત્મા બિરાજે તેના આનંદની શી વાત!

ત્યારબાદ માતાને ૧૬ મંગલ સ્વપ્ન આવે છે. બીજે દિવસે (વૈશાખ વદ ૧૩ ની) સવારમાં રાજસભામાં સુંદર તત્ત્વચર્ચા ચાલી રહી છે ત્યાં મહારાણી શિવાદેવી આવીને મંગલ સ્વપ્નની વાત કરે છે; મહારાજા કહે છે કે આ સ્વપ્નો તારી કુંખે તીર્થંકરપરમાત્માના અવતારનાં સૂચક છે. તે સાંભળીને સૌને ઘણી પ્રસન્નતા થાય છે.

પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી મુન્નાલાલજી સમગોરૈયા (સાગરવાળા) ભાવપૂર્વક દરેક

પ્રસંગનું વર્ણન કરતા હતા. અને ગુરુદેવનો પ્રભાવ જોઈને વારંવાર પ્રસન્નતા વ્યક્ત કરતા હતા. પ્રવચન બાદ જન્મકલ્યાણક સંબંધી કેટલીયે બોલી (ઉછામણી) થઈ; લોકોએ ખૂબ જ હોંશથી ઉછામણીમાં ભાગ લીધો ને લાખ રૂા. ઉપરાંતની બોલી થોડી જ મિનિટોમાં પૂરી થઈ ગઈ. બપોરે જિનમંદિર તથા સમવસરણમંદિરની વેદી શુદ્ધિ–ધ્વજશુદ્ધિ–કળશશુદ્ધિ થઈ; પૂ. બેનશ્રી–બેને પણ એ મંગલવિધિમાં ભાગ લીધો. રાત્રે કંકુબાઈ શ્રાવિકાશ્રમ કારંજાના નાનકડા બાળકોએ અમરકુમારની નાટિકાના અભિનય દ્વારા નમસ્કારમંત્રનો જે મહિમા પ્રસિદ્ધ કર્યો તે સુંદર હતો. સાચા દિલના કાર્યકરો દ્વારા બાળકોને સારા સંસ્કાર આપવામાં આવે તો તેઓ કેટલું સુંદર કામ કરી શકે છે ને જીવનમાં કેવા ઊંચા સંસ્કાર મેળવી શકે છે–તે આ અભિનયમાં દેખાતું હતું. ને બાળકોને આવા સંસ્કાર આપનાર બહેનોને ધન્યવાદ આપ્યા વગર રહેવાતું નથી.

હવે વૈશાખ વદ ૧૪ આવી ને પ્રભુ–જન્મની મંગલવધાઈ લાવી.

તે આપ આવતા અંકમાં વાંચશોજી.

(ઘણી સખત ગરમી અને તદ્દન નાના ગામડામાં પ્રવાસને કારણે ફત્તેપુર સમાચારનો પૂરો અહેવાલ તૈયાર કરીને ટપાલદ્વારા સોનગઢ સમયસાર પહોંચડવાનું મુશ્કેલ બન્યું છે. જ્યાં સુધીનો અહેવાલ પહોંચી શક્યો ત્યાં સુધીનો છાપ્યો છે; બાકીનો અહેવાલ આવતા અંકમાં છપાશે.) સં.

## 卐 રામપુરમાં જિનબિંબ વેદીપ્રતિષ્ઠા મહોત્સવ 卐

ફત્તેપુરમાં ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ બાદ વૈશાખ સુદ પાંચમની સવારમાં પૂ. શ્રી કહાનગુરુ ફત્તેપુરથી બે માઈલ દૂર રામપુરા ગામે પધાર્યા. સોનગઢની જૈનબોર્ડિંગના ગૃહપતી શ્રી પમુભાઈ રામપુરાના છે. અહીં નૂતન જિનાલયમાં શ્રી આદિનાથ ભગવાન વગેરે જિનબિંબોની પ્રર્તિષ્ઠાનો ઉત્સવ થયો. ગુરુદેવના સુહસ્તે રામપુરાના મુમુક્ષુ ભાઈઓએ ભગવાનની વેદીપ્રર્તિષ્ઠા કરી.

ગુરુદેવ અહીં માત્ર દોઢ કલાક રોકાયા. સ્વાગતવિધિ બાદ મંગલ સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે આ આત્મા કર્મ અને પુણ્ય–પાપના ભાવોથી રહિત અબદ્ધ શુદ્ધ છે; આવા આત્માને જોયો–અનુભવ્યો તે જૈનશાસનનો સાર છે; પંદરમી ગાથામાં જૈનશાસન બતાવ્યું છે. આનંદનો દરિયો આત્મા છે તેમાં એકાગ્ર થઈને આનંદના અનુભવના ટાણાં

આવ્યા છે. અહો, આવા આત્માના શ્રવણનો ને અનુભવનો આ અવસર આવ્યો છે. આવા આત્માની વાત પ્રેમથી સાંભળવી તે પણ મંગળ છે, અને તે જીવ અલ્પકાળમાં મોક્ષને પામે છે.

માંગળિક બાદ ગુરુદેવ સહિત સૌએ જિનમંદિરમાં પૂજન કર્યું. અને ત્યારબાદ પ્રભુજીની પ્રતિષ્ઠા કરીને રામપુરાથી બામણાવાડા તરફ પ્રસ્થાન કર્યું.

## * બામણવાડામાં જિનબિંબ વેદીપ્રતિષ્ઠા મહોત્સવ*

વૈશાખ સુદ પાંચમે ગુરુદેવ બામણવાડા પધાર્યા. વિશેષ ગરમીને કારણે બપોરે પ્રવચન ચારથી પાંચ સુધી થયું. અહા, ચૈતન્યની શીતળ વાત અસહ્ય ગરમીને પણ ભૂલાવી દેતી હતી. અને એમ થતું હતું કે વાહ! મારું ચૈતન્યતત્ત્વ કેવું મજાનું શાંત શીતળ છે કે જેમાં સંસારના કોઈ આતાપ અસર કરી શકતા નથી.

પ્રવચનમાં સમયસારની ૭૪ મી ગાથા વાંચતાં ગુરુદેવે કહ્યું કે –આત્મામાં સાચું જ્ઞાન થતાં વેંત રાગરહિત શાંતિનું વેદન થાય છે. આનંદસ્વરૂપ આત્માને જાણ્યો ત્યારે આનંદનું વેદન ભેગું જ છે, ને તેમાં દુઃખનો અભાવ છે.

જેમ એક વસ્તુ બીજી વડે બંધાયેલી હોય તેથી કાંઈ તે તેનું સ્વરૂપ ન થઈ જાય; તેમ રાગાદિ આસ્રવોવડે આત્મા બંધાયેલો છે, પણ તેથી કાંઈ જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે રાગસ્વરૂપ થઈ ગયો નથી. જ્ઞાનસ્વભાવથી જોતાં તે રાગથી જુદો ને જુદો જ છે. આવું જુદાપણું જાણતાં જે ક્ષણે ભેદજ્ઞાન થયું તે ક્ષણે જ આત્મા રાગથી અત્યંત જુદો જ્ઞાનપણે અનુભવ આવ્યો, એટલે તેને જ્ઞાનમાં આસ્રવનો નિરોધ થઈ ગયો.

અરે, આ ચોરાસીના અવતારમાં તને આત્માની પરમશાંતિ કેમ મળે તે વાત તને સંતો બતાવે છે. અરેરે! આત્માની શાંતિની આવી વાત સાંભળવાનો યોગ મળ્યો. તે સાંભળવાની પણ જે ના પાડે તેને આત્મા ક્યારે સમજાય? ને શાંતિ ક્યારે મળે? આવા આત્માના ભાન વગર શુભરાગવડે પણ ક્યાંય શાંતિ મળશે નહિ. આ જરાક ગરમીનો તાપ પણ તારાથી સહન થતો, તો અંદર ચૈતન્યની શીતળ શાંતિમાં આવ ને! જુઓને, પાંચ પાંડવો શેત્રુંજય ઉપર હતા, શરીર અગ્નિથી ભડભડ બળતું હતું, છતાં અંદર શુક્લધ્યાન વડે ચૈતન્યની પરમશાંતિને વેદતા હતા. એ પાંડવો અગ્નિમાં બળતા

ન હતા, એ તો ચૈતન્યની શીતળતાને અનુભવતા થકા આનંદમાં ઠર્યા હતા. ચૈતન્યમાં રાગનો આતાપ પણ નથી ત્યાં બહારનો આતાપ કેવો? રાગાદિમાં ચૈતન્ય નથી, ચૈતન્યમાં રાગાદિ નથી, એમ બંનેની તદ્દન ભિન્નતા છે.

અરે જીવ! તું બાહ્ય વ્યવહારની, શુભરાગની હોંશ કરે છે તેને બદલે આવા તારા ચૈતન્યની હોંશ કર. એકવાર ચૈતન્યનો એવો ઉલ્લાસ કર કે આત્મા રાગથી જુદો પડી જાય. રાગનું વેદન અનંતકાળ કર્યું, એકવાર રાગથી જુદો પડીને ચૈતન્યની પરમ શાંતિનું વેદન કર. રાગ તો તારા આત્માની શાંતિનો ઘાતક છે, તો તે રાગનાસેવનવડે શાંતિ તને ક્યાંથી મળશે? રાગને જુદો પાડીને ચૈતન્યનું સેવન કર તો જ તને આત્માની સાચી શાંતિ વેદનમાં આવે.

રાગથી જુદું ચૈતન્યસ્વરૂપ સ્વદ્રવ્ય છે તેને હે જીવ! તું ત્વરાથી ગ્રહણ કર.... ને તેનાથી વિરુદ્ધ એવા રાગાદિના ગ્રહણને છોડ–એ વાત શ્રીમદ્ રાજચંદ્રજીએ દશ અધ્યાત્મબોલમાં કરી છે. કલ્યાણના પંથની સૂઝ રાગવડે પડતી નથી, રાગથી જુદા પડેલા જ્ઞાનવડે જ કલ્યાણનો પંથ સૂઝે છે.

વૈશાખ સુદ છઠ્ઠની સવારે બામણવાડાના નુતન જિનમંદિરમાં ભગવાનશ્રી આદિનાથપ્રભુની મંગલપ્રતિષ્ઠા થઈ. ગુરુદેવના પ્રતાપે રોજરોજ મંગલ કાર્ય થઈ રહ્યા છે. બે દિવસ પહેલાં ફત્તેપુરમાં પ્રભુની પ્રતિષ્ઠા કરી, કાલે (પાંચમે) રામપુરમાં પ્રભુની પ્રતિષ્ઠા કરી, અને આજે (છઠ્ઠે) બામણવાડામાં પ્રભુની પ્રતિષ્ઠા કરી...... એ રીતે ચાર દિવસમાં ત્રણ ઠેકાણે જિનબિંબભગવંતોને બિરાજમાન કરીને વૈશાખ સુદ સાતમે ઉદેપુર તરફ પ્રસ્થાન કર્યું.

આ આ અંક વાંચતા હશો ત્યારે અમે મંદસૌર (રાજસ્થાન) માંઈ હઈશું. ત્યાર પછી પ્રતાપગઢ, રતલામ, બડનગર, ઈન્દોર, મુંબઈ અને ભાવનગર થઈને તા. ૧૪ મીએ સોનગઢ પહોંચશું. સોનગઢના પ્રવચનોની મંગલપ્રસાદી લઈને આવતા અંકમાં આપને મળીશું.

जय जिनेन्द्र

## વૈરાગ્ય સમાચાર-

卐 બોટાદના ભાઈશ્રી નાગરદાસ સુખલાલના ધર્મપત્ની બાલુબેન (ઉ. વ. ૬૮) તા. ૨૪–૩–૭૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

卐 વાંકાનેર ડૉ. શ્રી હાકેમચંદ સંઘવી (ઉ. વ. ૬૯ લગભગ) ગત માસમાં હૃદયરોગના હૂમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. અંતિમ સમયે પણ ગુરુદેવ પ્રત્યેના ભક્તિભાવથી તેમણે ટેપરેકર્ડ મશીન દ્વારા ગુરુદેવની વાણી સાંભળી હતી.

卐 વાંકાનેરના શ્રી નંદકુંવરબેન તલકચંદ ગત માસમાં મુંબઈમુકામે હાર્ટફેલથી સ્વર્ગવાસ પામ્યા છે. ચૈત્ર માસમાં ગુરુદેવ વાંકાનેર પધાર્યા ત્યારે તેમણે પોતાની નબળી તબીયત છતાં ઘણા ઉલ્લાસથી પ્રવચનાદિનો લાભ લીધો હતો, ને ભક્તિાવ પ્રદર્શિત કર્યો હતો. વાંકાનેર મુમુક્ષુમંડળના તેઓ એક ઉત્સાહી સભ્ય હતા.

卐 કલકત્તાથી શ્રી છોટાલાલ શાહ તા. ૧૧–૫–૭૨ ના પત્રમાં લખે છે–બહોત હી બડે દુઃખકે સાથ લિખતે હૈ કિ આજરોજ સબેરે સવાપાંચ બજે Red Road પર વસંતલાલજી ઝંઝરીકા કોઈ બાદમાશને છૂરી મારકર ખૂન કર દિયા હૈ. તે બદમાશે વસંતીલાલજી પાસેની ઘડીયાળ તથા સોનાનો પટ્ટો માંગ્યો, પણ તેમણે આપ્યો નહિ, એકબીજા સાથે ખેંચાતાણી થતાં બદમાશ તેમના ગળામાં છરી મારીને ભાગી ગયો.

અરે, સંસાર તો આવો છે. જીવે જે વસ્તુને શોભાનું કારણ માન્યું હોય તે જ વસ્તુ મૃત્યુનું કારણ થતાં વાર લાગતી નથી. અને મુમુક્ષુ જીવ તો પ્રતિકૂળ પ્રસંગને પણ વૈરાગ્ય નિમિત્ત બનાવીને આત્મહિત તરફ જ વળે છે. વસંતીલાલજી સોનગઢ રહીને અવારનવાર લાભ લેતા હતા. તેઓ ભદ્રિક અને ઉત્સાહી હતા. આવો કરુણ બનાવ દેખી, મુમુક્ષુએ સંસારનું સ્વરૂપ વિચારી વૈરાગ્યથી જ્ઞાનભાવના કરવા જેવું છે. સંસારના દરેક જીવને આ રીતે બીજી રીતે દેહનો વિયોગ થવાનો જ છે; તેમાં જ્ઞાનભાવના કરનારને કદી દુઃખ નથી.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

* આગ્રામાં જૈનસિદ્ધાંત શિક્ષણ શિબિર તા. ૪ જુનથી શરૂ કરીને વીસ દિવસ સુધી ચાલશે.

* બાળકોને રજા ચાલે છે. આપના ગામમાં બાળકો માટે ધાર્મિક શિક્ષણવર્ગ જરૂર ચલાવો. બાળકોને ધાર્મિક પ્રોત્સાહન મળે તેવા વિવિધ કાર્યક્રમો યોજો.

# * ધર્મી *

* ધર્મી જાણે છે કે જૈનધર્મ એટલે એકલી વીતરાગતાનો માર્ગ. પરમ આનંદની પ્રાપ્તિનો આ માર્ગ વીતરાગતાથી જ શોભે છે. તે માર્ગે હું જઈ રહ્યો છું.

* ધર્મીને પોતાનો રત્નત્રયધર્મ અતિશય વહાલો છે.

* ધર્મીજાણે છે કે મારા ગુણ મારામાં છે, મારી અનુભૂતિમાં મારો આત્મા પ્રસિદ્ધ થયો છે. તે આત્માના સ્વસંવેદનમાં પરમ નિઃશંકતા છે.

* ધર્મીનું ધર્મીપણું પોતાના આત્મામાંથી જ આવ્યું છે, તે કાંઈ જગત પાસેથી નથી આવ્યું; તેથી જગત પ્રત્યે ધર્મી ઉદાસ છે, ને નિજગુણોમાં નિઃશંક છે.

* ધર્મી કહે છે કે અત્યારે તો આત્માના આનંદને સાધવાનો અવસર આવ્યો છે. હે જીવ! આનંદના આવા અવસરને તું ચૂકીશ મા.

* અમને આત્મા મળતો નથી–એમ કોઈ કહે તો –ધર્મી કહે છે કે અરે ભાઈ! આત્મા જ્યાં છે ત્યાં તું ગોતતો જ નથી તો પછી તે ક્યાંથી જડે? આત્મા કાંઈ શરીરમાં કે રાગમાં નથી; આત્મા તો જ્ઞાનભાવમાં છે; અંતર્મુખ થઈને જ્ઞાનભાવમાં શોધ તો તને આત્મા જરૂર મળશે, એટલે કે સ્વયં અનુભવમાં આવશે. પરભાવમાં શોધ્યે આત્મા નહીં જડે.

* ધર્મીએ ચેતનાલક્ષણ દ્વારા આત્મપ્રાપ્તિ કરી છે.



## 卐 પંચ પરમેષ્ઠીનો પ્રસાદ 卐

પંચપરમેષ્ઠીના આત્મામાં પરમ આનંદની છોળો ઉછળે છે. એ પંચપરમેષ્ઠીને ઓળખીને નમસ્કાર કરતાં આત્માના ભાવમાં પવિત્રતા પ્રગટે છે..... આનંદ થાય છે...... મંગળ થાય છે. એ પંચપરમેષ્ઠીનો પ્રસાદ છે.

પંચપરમેષ્ઠીના પ્રસાદથી સમ્યક્ત્વાદિ થતાં ચૈતન્ય-સુખડી ચાખી ને ભવની ભૂખડી ભાંગી.

અહા, ચૈતન્યસુખના અનુભવની શી વાત! એવો અનુભવ પંચપરમેષ્ઠી પ્રભુના માર્ગે પરમા ય છે.

સાધકને સ્વરૂપના એક વિકલ્પથી જે પુણ્ય બંધાય એ પુણ્ય જગતને વિસ્મય પમાડે, તો એના નિર્વિકલ્પ સાધકભાવના મહિમાની શી વાત! તે પંચરમેષ્ઠીના પ્રસાદથી પમાય છે.

વીતરાગ પ્રભુનો વીરમાર્ગ એ શૂરવીરનો માર્ગ છે. અહા, આવો વીતરાગમાર્ગ સાધવો એ તો વીરનાં કામ છે, એ કાયરનાં કામ નથી. વીર તો તેને કહેવાય કે જે રાગનાં બંધન તોડીને મોક્ષમાર્ગને સાધે.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૦૦૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) : દ્વિતીય વૈશાખ ( ૩૪૩ )